


અપ્સરા. સ્વર્ગની સુંદરી નહિ, પણ માનવમનમાં રમતા ઉત્કૃષ્ટ નારી સ્વરૂપની કલ્પનાનું મૂર્તિમંત રૂપ તે અપ્સરા. યુગેયુગના કલાકારોએ અનોખી રીતે તેનું ઘડતર કર્યું છે – શિલ્પમાં તેમજ ચિત્રમાં. ભુવનેશ્વરના રાજરાણી મંદિરમાં શિલ્પાંકિત કરેલી આ અલંકારયુક્ત અપ્સરા બારમી સદીના ત્યાંના શિલ્પીઓની કલ્પના છે. આજ સદીઓ પછી યે એ ચિરયૌવનાનું સ્મિત વિલાયું નથી.

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ · આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત

કુમાર

સળંગ અંક ૭૦૬

તંત્રી · બિહારીલાલ ટાંક

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક · વર્ષ ૫૯મું · અંક ૧૦મો · ઑકટોબર ૧૯૮૨



પુષ્પશોભા

કલાકાર
વીરેન્દ્ર પંડયા

કુમાર

ઑક્ટોબર ૧૯૮૨

સળંગ અંક ૭૦૬

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક: અશોકભાઈ અચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ: રૂ. ૩૦-૦૦; પરદેશ: રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ: રૂ. ૩-૦૦

એકાકિની / રાજેન્દ્ર શાહ

વસંતતિલકા - સૉનેટ

એકાકિની તું ધરઉંબરને અઢેલી
ન્યાળી રહી પલકહીન બહાર સંધું.
ત્યાં નીમવૃક્ષ, ખગની રમણાની પેલી
બાજુનું નીલ નભ,—કો અણુદીઠ બંધુ.
ને દીર્ઘ શ્વાસ લઈ પાંપણ ઢાળી દેતી;
ને એમ જાય ક્ષણ શાન્ત કંઈક વ્હેતી.

આછો પ્રકાશ ઘર ભીતર દીપ એક
રેલી રહ્યો, ત્યહીં ઠરે તવ દૃષ્ટિ હાવાં.
ને કૈં અતીત સ્મૃતિમાં સરકી પળેક
ડૂબી જવું સભર નિશ્ચલ શૂન્યતામાં.
ત્યાં—હોઠ કિંતુ સહસા ફરકે: ઝીણેરી
શ્રદ્ધાની ગીતિ: દગની દ્યુતિ યે અનેરી.

તું પ્રાણને ધરત હોમ, રહી અકામ.
પાછો પ્રવેશ ઘરમાં લઈ રામનામ.

રસો વૈ સઃ / રાજેન્દ્ર શુક્લ

રેલવું બસ, એ જ દસ છે;
ને દિશા તો ફક્ત દસ છે!

કસભર્યું છે ને સરસ છે,
મૂળમાં મોટી તરસ છે!

એક ક્ષણનું પડ ઊકેલો,
માંહિ વરસોનાં વરસ છે!

સાંભળો તો સોંપિયેં પણ
જાળવેલી જે જણસ છે!

બે ય ઓગાળયેં હવે તો
આભધરતી એકરસ છે!

અમને જુઓ તો / રઘુવીર ચૌધરી

- ભજન -

આમ રે જુઓ તો અમી થાય!
જુગજુગના જીવણ
અમને જુઓ તો વાણું વાય!

આભલે તરાપો વાલા તારે મઢ્યો ને આંધી
ઝરમરતાં જળ ના ઝિલ્યાં જાય,
મધદરિયે વ્હાણ ઊભાં વાટ્યો જુએ ને આંધી
પળને મોજે ના ભરતી માય.

એક રે ઝાલકમાં અમી થાય
જુગજુગના જીવણ
ભીંજવો જરા તો વાણું વાય!

મોતી ના માગું થોડું અજવાળું માગું વાલા
છીપનીયે બ્હાર નજર જાય!
એમ તો ભલેને આઘા ઊભા રહોને વાલા
પાસે ભણકારા સંભળાય!

એક રે સાદે તો અમી થાય
જુગજુગના જીવણ
અમને બોલાવ્યે વાણું વાય.

લગ્નોત્સુક કૃષક-કન્યા / કરસનદાસ લુહાર

- ગાન -

લીલાછમ લૂમઝૂમ ડચકારા દેતી હું
રેશમની રાશ હાથ ઝાલ્લું રે લોલ!
ધોરીના ઘૂઘરામાં ધમકે છે સીમ
અને ગામ ભણી જાય મારું ગાલ્લું રે લોલ!
દાદાના ખેતરમાં ઊગી છે જાર,
એનો મધમીઠો એક હું તો સાંઠો રે લોલ!
વાસંતી વાયરાની અલ્લડ હું લહેરખી
કે ફૂલઝાણ વાગ્યો મને કાંટો રે લોલ!
ગોફણમાં ઓળઘોળ આંખો વિંઝયાની મોર્ય
કલરવથી કાનને પખાળ્યા રે લોલ!
ઠેસે આવ્યા જો મને ડુંગરાઓ ડકુર તો
પાંચિકા પેઠે ઉછાળ્યા રે લોલ!
કુંવારા કાન મહીં ઢળકે છે ઢોલ
અને શ્વાસોમાં શરણાઈ વાગે રે લોલ!
પીઠિસળું આભ મારે સોણે અળખાય
લોહી ઝમરખ દીવડાની જેમ જાગે રે લોલ!

કાલ-જેતા / દેવજી રા. મોઢા

મેં પેલા ભૂતને તો કહીંય પીઠ તણી પાછળે રાખી દીધો;
ને થૈને કાલ-જેતા અબ લડી રહું હું વીર આ વર્તમાન
સામે, ને ભાવિને યે દઈ રહું પડકારો હું આવી જવાને
ફુલ્લા મેદાનમાં, જે મુજથી ડરી છૂપ્યો માર્ગ કેરા વળાંકે!

સમય પણ આ / ભાનુપ્રસાદ પંડ્યા

હરિણી · સૉનેટ

સમય પણ તે: જ્યારે ટોળે વળ્યાં ખગની સમા
પ્રહર ઉભરાતા, ને દૂહાડા શીળી કુમળાળખી
થઈ ઝૂલત, રૂ-પીંછે ગૂંજ્યા મુલાયમ નીડ શી
રજની સહુમાં શા આળોટ્યા! અરે થઈ ગારુડી
બજવ્યા બીન સૌ પર્વો આવે, ક્ષણેક્ષણ રંગથી
છલકતી કરે, આંજી દેતા દગે નર્યું વિસ્મય;
ખડકી, ગલી ને ચોરો, ઝાંપો, લીલુંછમ પાદર—
કમલદલ શાં ખૂલી જાતાં ખૂલે જરી નેત્ર ત્યાં!

સમય પણ આ: જાસૂસો થૈ ફરે સહુ યામ જ્યાં
દિવસ પણ દારોગા જેવા કતારમહીં ધસી
પ્રતિપલ કરે શ્વાસોની યે કડી પૂછતાછ કાં?
બદલું પડખાં—બંદીખાના સમી અવ યામિની!
હથકડી નથી, પ્હેરો વચ્ચે નથી કંઈ ચોકડી:
તદપિ થથરી ઊભે રસ્તે જતી કયમ જિંદગી?

બુંદેલખંડના સ્વાતંત્ર્યનો સ્થાપક વીર અને કવિ રાજવી

છત્રસાલ બુંદેલા

પ્રફુલ્લ રાવલ

મધ્યકાલીન ભારતનો ઇતિહાસ શૌર્યની ઊજળી પરંપરાનો છે. મુઘલોનું આધિપત્ય સમગ્ર ભારતવર્ષ પર છવાયેલું હતું. એની કથાનું રટણ ઇતિહાસકારો કરતા રહ્યા છે. એમનું સામ્રાજ્ય સઘળે ફેલાયેલું હતું એ ઇતિહાસ વિરુદ્ધ હકીકત નથી. પરંતુ બધે જ એ આધિપત્યને સ્વીકારી લેવામાં આવ્યું નહોતું. સમગ્ર ભારતવર્ષમાં ઠેકઠેકાણે એવા એવા રાજવીઓ હતા જેમણે મુઘલ સામ્રાજ્યની હેઠળ રહેવાનું યોગ્ય લેખ્યું નહોતું, એટલું જ નહિ, પણ જીવનભર સંઘર્ષ વેઠીને સ્વાતંત્ર્યનો મહિમા વધાર્યો હતો. સતત લડીને પોતાનાં યે શિર ઉન્નત રાખ્યાં. ઘડીભર ચેન પામ્યા નહિ, પરંતુ નતમસ્તક તો ન જ રહ્યા. દેશને અન્યને હવાલે ન જ કરવો એ માટેની લડતો લડનાર શૂરવીર રાજવીઓનો જીવનસંઘર્ષ એ જ ભારતવર્ષનો ઇતિહાસ. પરંતુ આપણે ત્યાં તો દેશને પરતંત્ર બનાવનારની યશોગાથાથી ઇતિહાસનાં પૃષ્ઠો ખદબદે છે. માત્ર પોતાના રાજ્ય પૂરતી પણ સ્વતંત્રતા ઝંખતા રાજવીનું કોઈ મહત્ત્વ જ નહિ ઇતિહાસમાં? ભારતવર્ષના ઇતિહાસમાં ભારતીયતાની ભાવના જીવનારનું કોઈ જ મહત્ત્વ નહિ? આજે પણ અંગ્રેજોનો ઇતિહાસ એ અભ્યાસનો એકમ છે અને સ્વાતંત્ર્ય માટેના ૧૮૫૭ના જંગને 'બળવો' કહીને ઓળખાવાય છે! મધ્યકાળમાં મુઘલ-સામ્રાજ્ય સામે જંગે ઊતરનાર એવો એક રાજવી હતો બુંદેલ-કેસરી મહારાજા છત્રછાલ. ઇતિહાસકારોએ એની શૌર્યગાથાને સમુચિત ન્યાય આપ્યો નથી, પરંતુ છત્રસાલનું જીવન અને એનું પરાક્રમ જનસામાન્યમાં આજે ય એટલું જ જીવંત છે. જે ઇતિહાસકારોથી વંચિત રહે છે તે સામાન્ય પ્રજાથી વંચિત નથી રહેતો. શૌર્ય-પરાક્રમ સદાય પ્રજાને આકર્ષે છે. આથી જ છત્રસાલ તો આજે પણ પ્રજાનો વીરપુરુષ જ છે. જે સ્થાન મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજીનું છે, એ જ સ્થાન બુંદેલખંડમાં છત્રસાલનું છે. સંઘર્ષને જ જીવન ગણીને સંઘર્ષમાં સ્વાતંત્ર્યનો શ્વાસ લેનાર શિવાજી અને છત્રસાલ સમકાલીન હતા. ઉભયના જીવનમાં પણ ઘણું સામ્ય છે. એમનું જીવન અને કાર્ય એ હિંદુપ્રજાના ઇતિહાસનું એક સુવર્ણપત્ર છે.

બાદશાહ ઔરંગઝેબ સામે આજીવન લડનાર છત્રસાલનો જન્મ જેઠ સુદ ત્રીજ, સંવત ૧૭૦૬ (મે-૪, ૧૬૫૦)ના રોજ કકર કચનએ ગામની નજીક આવેલી મોર પહાડીના જંગલમાં થયો હતો. જ્યાં એમના પિતા ચંપતરાય મુઘલ સૈનિકો વડે ઘેરાઇને સંતાયેલા હતા. પિતા ચંપતરાય મુઘલ સામ્રાજ્ય સામે વિદ્રોહ કરનાર બુંદેલખંડની ટુકડીનો સરદાર હતો. જીવનના બે દાયકા એણે શાહજહાં ને ઔરંગઝેબ સામે લડવામાં ગાળ્યાં હતાં. ચંબલની ઘાટી અને વિંધ્યાચલના જંગલમાં એ મરણિયા થઈ ભમ્યો હતો. સંઘર્ષ-લડતની એ પરિસ્થિતિમાં છત્રસાલનો જન્મ થયેલો. જન્મ્યાની સાથે એણે પહેલો શ્વાસ લીધો તે સંઘર્ષની આબોહવામાં, અને એ જ આબોહવાને એણે જીવનમાં સતત જાળવી રાખી હતી. મુઘલ સામે સરદારી લેનાર પિતાનો સહારો છત્રસાલને અલ્પકાળ જ રહ્યો. પિતા ચંપતરાય અને માતા લાટકુંવરે બુંદેલખંડના રાજદ્રોહીના હસ્તક મરવા કરતાં આત્મહત્યા કરવાનું મુનાસિબ માન્યું. ત્યારે છત્રસાલની વય માત્ર અગિયાર વર્ષની જ હતી. એને સંઘર્ષના મેદાનમાં અનાથ મૂકીને માતા-પિતાએ સ્વયં મોતને સ્વીકાર્યું. દ્રોહીઓએ ઔરંગઝેબને ખુશ કરવા માટે ચંપતરાયનું મસ્તક એની આગળ ધર્યું. ઔરંગઝેબને આ મસ્તક ભેંટ રૂપે અપાયું હતું. આ પ્રસંગ કેટલો ભયંકર અને ધૃણાસ્પદ હશે એ તો અગિયાર વર્ષનો છત્રસાલ જ જાણી શક્યો હતો. પિતાના મસ્તકની ઔરંગઝેબને ભેટનો ભયંકર પ્રસંગ અને ભોગવેલી વિટંબણાઓથી છત્રસાલનું હૃદય લોખંડી બની ગયું. તો વળી વેર લેવાની પ્રબળ ભાવના પણ પ્રકટી. તે કાળથી છત્રસાલ હકૂમત અને પિતાના મોતનો બદલો લેવાની તક શોધવા લાગ્યો. બાળપણથી જ ભયંકરતાનો પરિચય પામનાર એ બાળક છત્રસાલ યુવાન વયે રાજ્ય સામે લડવા તત્પર બને એ તદ્દન સ્વાભાવિક જ હતું.

ચંપતરાયના માથે ભય હોઈ એણે પુત્રને સહરામાં એક સંબંધીને ત્યાં રાખ્યો હતો. છત્રસાલે જ્યારે પિતાના આત્મબલિદાનની વાત સાંભળી ત્યારે પ્રથમ તો તે હતાશ થઈ ગયો, પરન્તુ આ આત્મબલિદાનથી એમના યશસ્વી કાર્યને પૂર્ણ કરવાની અભિલાષા પણ એના મનમાં પ્રકટી. એમાં ય રાજદ્રોહીના કરતૂતથી એનું મન વેરની આગથી ભડકવા લાગ્યું. પિતાની અધૂરી લડતને પૂર્ણ કરવા જ એ સહરાથી મહેવા આવ્યો અને કાકા અંગરાયની સાથે રહેવા લાગ્યો. પરન્તુ એની ઉચ્ચ ભાવના કોઈ સમજી શક્યું નહિ. સગાં-સંબંધીઓ તેમજ પોતાની જાતિના અન્ય માણસો પાસેથી એને સહેજ પણ સહકાર ન મળ્યો. વળી, વયમાં પણ એ નાનો હતો. યુદ્ધની પ્રબળ આકાંક્ષા છતાં યુદ્ધ કરવા માટેની સજ્જતા-તાલીમ નહિવત્ હતી. પણ જેટલી એની યુદ્ધ માટેની અભિલાષા હતી, શૌર્ય હતું, ભાવના હતી એટલી જ બુદ્ધિમતા યે હતી. લગભગ સોળ વર્ષની વયે એણે યુદ્ધની તાલીમ લેવાના હેતુથી મુઘલ સૈન્યમાં જોડાવાનું નક્કી કર્યું. જેની સામે લડત કરવાની એના જ સૈન્યમાં ભરતી થવાનો હેતુ એમની લડત-પદ્ધતિથી વાકેફ થવાનો હતો. પોતાના મોટા ભાઈ અંગદરાયની સાથે તે મિર્ઝા રાજા જયસિંહની સેનામાં ભરતી થઈ ગયો. જયસિંહે પોતાના મિત્ર ચંપતરાયના પુત્ર છત્રસાલને પ્રેમથી આવકાર્યો. અલ્પકાળમાં જ પૂરતી તાલીમ મેળવી લઈ એ યુદ્ધની પ્રક્રિયાથી માહિતગાર થઈ ગયો. જ્યારે શિવાજીના બળવાને દાબી દેવાના હેતુસર જયસિંહની સેનાએ ચડાઈ કરી ત્યારે છત્રસાલ પણ એમાં સામેલ હતો.

મુઘલ સૈન્યની એક સેનાના સરદારો હતા બહાદુરખાન અને દિલેરખાન. ગોંડના દેવગઢને જીતવા માટે છ મહિનાથી ઘેરો ઘાલીને તેઓ બેઠા હતા. પરન્તુ સામેથી સહેજ પણ મચક અપાતી નહોતી. સરદારો પણ તે સામે પોતાનું કોઈ કૌશલ બતાવી શકતા નહોતા. પરન્તુ છત્રસાલે કિલ્લા પર હલ્લો કર્યો અને માત્ર ત્રણ જ દિવસમાં એને સર કરી લીધો. આ હુમલામાં એ સખ્ત ઘવાયો હતો. આટલી સફળતાના અંતે યે એની કોઈ પ્રશંસા ન થઈ કે ન કોઈ ખિતાબ મળ્યો. એટલું જ નહિ, પરંતુ આ હલ્લામાં એના ફાળાની નોંધ સુધ્ધાં લેવાઈ નહિ. પિતાના બલિદાનનું સ્મરણ તો હજી તેની સ્મૃતિમાંથી ખસ્યું નહોતું, ત્યાં વળી પુનઃ મુઘલ સત્તાધીશો તરફથી આ જે વ્યવહાર થયો તેથી તેનું મન મુઘલો પ્રત્યે વધુ તિરસ્કાર વરસાવતું થઈ ગયું. બુંદેલખંડમાં મુઘલ વિરુદ્ધ સંઘર્ષ કરવાની એની અભિલાષા પુનઃ દઢ થઈ. હવે તે બાળક નહોતો તેમજ યુદ્ધવિદ્યાથી અપરિચિત પણ નહોતો. છતાં ય કોઈકની સલાહ લેવાનું તેણે યોગ્ય લેખ્યું. આ સમયે ભારતના ખૂણેખૂણે શિવાજીનું નામ ગાજતું હતું. છત્રસાલની દૃષ્ટિ એ મહાન ક્રાંતિકારી નેતા પર હતી. એનામાં એને શ્રદ્ધા પણ હતી, શિવાજી

એને મન સર્વસ્વ હતા. એમને પોતાના રાજકીય માર્ગદર્શક રૂપ ગણી એ શિવાજીને મળવા માટે તે અત્યાતુર હતો. શિવાજીએ આદરેલા ધર્મયુદ્ધમાં સામેલ થવાની પણ એને ઇચ્છા હતી. એણે તરત જ મુઘલ સૈન્યનો ત્યાગ કર્યો. એ બંધનમાંથી ભાગી છૂટવું જોખમ ભરેલું હતું, છતાં વિદ્રોહ ઝંખતું છત્રસાલનું મન એ જોખમ ખેડવા તૈયાર હતું જ. આ જોખમ ખેડીને એ રાયગઢ જઈ શિવાજીને મળ્યો. આ મિલન ઇતિહાસનું એક અપૂર્વ મિલન હતું, બે ક્રાંતિકારીઓનું મિલન હતું. આ મિલનમાંથી મુઘલોનો સામનો થવાનો હતો. શિવાજી છત્રસાલને જોતાંવેંત જ પામી ગયા કે એનો આત્મા વિદ્રોહની આગમાં ભડકી રહ્યો હતો. પોતાની વિચારસરણીનો યુવાન મળતાં શિવાજીનું મન પ્રફુલ્લિત થઈ ગયું. એનું યોગ્ય સ્વાગત કરવામાં આવ્યું. પોતાના અનુયાયી રૂપે તેના ભાલે તિલક કરવામાં આવ્યું. પછી એને યુદ્ધકૌશલ, કૂટનીતિ તથા શાસનવ્યવસ્થાની બાબતમાં સઘળી પ્રારંભિક જાણકારી આપીને બુંદેલખંડમાં એક સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરવાના સંકલ્પને પૂરો કરવાના હેતુને પોતાની હાર્દિક શુભકામનાઓ આપીને વિદાય કર્યો. આમ, શિવાજીની શુભેચ્છા સાથે ૨૨ વર્ષની યુવાન વયે ઈ. સ. ૧૬૭૧માં માત્ર પાંચ ઘોડેસવાર અને પચ્ચીસ તલવારધારી યોદ્ધાઓ સાથે છત્રસાલે ઔરંગઝેબ સામે વિદ્રોહનો પ્રારંભ કર્યો. આ બળવામાં હિન્દુ-મુસ્લિમની નીચી જાતિઓ એના સાથમાં હતી. થોડા સમયમાં જ એમની ચળવળ શક્તિશાળી બનતી ગઈ અને જાગીરદાર કુટુંબના નબીરાઓ પણ એમાં જોડાયા. આ વિદ્રોહ આજના છત્તરપુરથી લગભગ ૧૫ કિલોમીટર દૂર આવેલા મઉ ગામથી આરંભાએલો. મઉને વિદ્રોહનું કેન્દ્ર બનાવીને એમણે બુંદેલખંડમાં સ્વાધીનતાનું રણશિંગુ ફૂંક્યું.

ઔરંગઝેબ સામેના આ વિદ્રોહમાં ઈ. સ. ૧૬૭૧ થી ૧૬૮૦ સુધીનાં દસ વર્ષો છત્રસાલનાં સફળતાનાં વર્ષો હતાં. વિદ્રોહના આ પ્રથમ દાયકામાં અગાઉ છત્રસાલથી જે દૂર ભાગતા એ એમના સંબંધીઓ, જાતિભાઇઓ અને અન્ય સહુ પણ સાથે ભળ્યા. તેના ભાઇઓ અંગદરાય અને રતનશાહ પણ એની સાથે જોડાયા. હવે એમની પાસે પૂરતી તાકાત હતી. યુદ્ધકૌશલ એણે પ્રાપ્ત કર્યું હતું. શૌર્ય તો પહેલેથી હતું જ, એમાં વળી ચારે બાજુથી સહકાર મળતો થયો, એથી એમના વિદ્રોહની શક્તિ ત્રિગુણીત થઈ. છત્રસાલે પ્રથમ ચંપતરાયની બલિદાન-ભૂમિને જીતી લીધી. એ પછી મુઘલોના અત્યંત શક્તિશાળી નગર સિરોંજ પર આક્રમણ કરીને તે પણ જીતી લીધું. દ્વિતીય ચરણમાં ધામોની તરફ કૂચ કરીને તેના ફોજદાર ખાલિકને હરાવ્યો. એ છત્રસાલને શરણે પડયો. છત્રસાલના સતત આક્રમણથી ધામોની નજીકના સઘળા પ્રદેશો પરનું મુઘલ આધિપત્ય વિલીન થઈ ગયું. અરાજકતાનું મોજું ફરી વળ્યું. આ પરિસ્થિતિને પહોંચી વળવા ઔરંગઝેબે રુહલ્લાખાંને ધામોનીનો નવો ફોજદાર બનાવી છત્રસાલનું દમન કરવા આજ્ઞા આપી. પરંતુ ગઢાકોટાના યુદ્ધમાં એ છત્રસાલના હાથે પરાજિત થયો. આ પરાજય અત્યંત અપમાનજનક હતો. તેમ છતાં છત્રસાલને પરાજિત કરવા અને પોતાના પરાજયનો બદલો લેવા રુહલ્લાખાં ફરીથી આક્રમણ કરવા આગળ ધપ્યો અને ફરીથી હાર્યો. રુહલ્લાખાંના પરાજયથી છત્રસાલની હિંમત વધી અને અપૂર્વ ઉત્સાહ સાથેનો આત્મવિશ્વાસ જાગ્યો. એ ગાળામાં જ મુનવ્વરખાં, તહવ્વરખાં, શેખ અનવર, સફરુદ્દીન, સૈયદ લતીફ, અબ્દુસ સમદ, હમીદખાં બહલોલખાં ઇત્યાદિ મુઘલ ફોજદારોને પરાજિત કરતાં એનાથી છત્રસાલની પ્રતિષ્ઠામાં અધિક વૃદ્ધિ થઈ.

છત્રસાલના સ્વાતંત્ર્ય-સંગ્રામનું દ્વિતીય સોપાન ઈ. સ. ૧૬૮૧થી પ્રારંભાયું. આ દ્વિતીય તબક્કામાં છત્રસાલને અનેક પ્રતિકૂળ ઘટનાઓનો સામનો પણ કરવો પડયો, છતાં એણે બુંદેલખંડમાંથી મુઘલ સત્તાનો સમૂળગો નાશ કરવાનો પ્રયાસ તો સતત જારી જ રાખ્યો. આ સમય દરમિયાન ઔરંગઝેબનું ધ્યાન દક્ષિણમાં ગોલકુંડા તથા બિજાપુરનાં રાજ્યો તરફ, તેમજ સતત આગળ ધપતી મરાઠા શક્તિને તોડવામાં કેન્દ્રિત થએલું હતું. આથી છત્રસાલની પ્રવૃત્તિ પ્રતિ ખાસ ધ્યાન આપી શકાયું નહિ, અને જે તકેદારી રખાએલી તેમાં પણ શિથિલતા જોવા મળતી. વિદ્રોહી છત્રસાલે આ પરિસ્થિતિનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો અને બુંદેલખંડમાંથી મુઘલ સત્તાને ઉખેડીને ફેંકી દીધી. મુઘલો દ્વારા અધિકૃત સંપૂર્ણ પ્રદેશ પર છત્રસાલનું પ્રભુત્વ વ્યાપી ગયું. છત્રસાલના આક્રમણથી સ્થાનિક ફોજદારો ભયભીત બની ગયા. આથી એમણે પોતાની સુરક્ષા માટે છત્રસાલને ચોથ પણ આપવા માંડી. આના પરિણામે યમુના, નર્મદા, ચંબલ તથા ટોંસ નદીઓની સીમારેખાની મધ્યમાં એક સ્વતંત્ર બુંદેલા રાજ્યની સ્થાપનાનું સ્વપ્ન સાકાર થયું. મુઘલ હસ્તક રહેલો બુંદેલખંડ હવે સંપૂર્ણ સ્વતંત્ર બન્યો. ઇતિહાસની આ એક મહત્ત્વની ઘટના છે. ભારતીય ઇતિહાસનું આ જ સાચું યશોગાન હોઈ એની મહત્તાનો નિર્દેશ કરવો જ રહ્યો. અલબત્ત, બુંદેલખંડના અનેક રાજાઓ તેમજ જાગીરદારો પોતાની ઈર્ષા ને વિદ્વેષથી મહારાજા છત્રસાલને નીચા પાડવા ઇચ્છતા હતા. આથી એમણે બંગશના વિરુદ્ધ છત્રસાલને કોઈ સહાયતા ન કરી. છતાં ય પોતાના વ્યક્તિગત પૌરુષ પર છત્રસાલ બે વર્ષ સુધી એનો સામનો કરતો રહ્યો. પરંતુ જૈતપુરના યુદ્ધમાં બંગશ વિજયી બન્યો. આથી છત્રસાલની પ્રતિષ્ઠાને જબરી આંચ લાગી ગઈ. છતાં ય એમનું મનોબળ ઓછું ન થયું. પોતાની હારનો બદલો લેવા એ સતત પ્રયત્નશીલ રહ્યા. આ જ સંદર્ભને અનુલક્ષીને છત્રસાલે પેશવા બાજીરાવ પહેલાને શિવાજી સાથેના પોતાના સંબંધોનું સ્મરણ કરાવીને એક કાવ્યાત્મક તેમજ કરુણાથી ઓતપ્રોત પત્ર લખીને બંગશ વિરુદ્ધ



બુંદેલખંડ અને કવિ છત્રસાલ

યમુનાની દક્ષિણે અને ચંબલની પૂર્વમાં આવેલો પ્રદેશ ત્યાંના બુંદેલા રાજપૂતોની વસ્તીના કારણે બુંદેલખંડ નામે ઓળખાતો રહ્યો છે. પલટાતાં રહેતાં શાસનોમાં તેની કોઈ નિશ્ચિત સીમા રહી નથી, પણ એક કાળે જાલૌન, ઝાંસી, હમીરપુર, ઓરછા, દતિયા, પન્ના, ચરખારી, બિજાવર વગેરે અનેક નાનાં રાજ્યો પણ તેમાં સમાવેશ પામતાં હતાં. ગહરવાર, પડિહાર અને ચંદેલા રાજપૂતોનું ત્યાં શાસન રહેલું. ઈ. ૧૧૮૯માં દિલ્હીના પૃથ્વીરાજે ચડાઈ કરી તેને પોતાના તાબામાં લીધેલું. ૧૨૦૩માં કુત્બુદ્દીન એબકે પણ ત્યાં ચડાઈ કરેલી ને કલિંજર પર વિજય મેળવેલો. ૧૫મી સદીમાં બાબરે પણ અહીં ચડાઈ કરેલી અને ૧૫૪૫-માં શેરશાહે પણ કાલજર પર ઘેરો ઘાલેલો. પહાડો અને મોટીમોટી ખીણોવાળો આ પ્રેક્ષણીય પ્રદેશ કેટલોક સમય મુસલમાનોના તાબામાં રહેલો. મુઘલોનો એ માંડલિક પ્રદેશ હતો. બુંદેલકેસરી છત્રસાલના પિતા ચંપતરાય ઔરંગઝેબના દરબારમાં મોટા ઉમરાવ હતા. પોતાનું રાજ્ય પાછું મેળવવા એમણે બંડ કરેલું.

ચંપતરાય બુંદેલા રાજપૂત કહેવાતા. કહેવાય છે કે પંચમ નામના એક ગહરવાર ક્ષત્રિય વિંધ્યવાસિની દેવીની આરાધના કરી પોતાનું બલિદાન આપવા તત્પર થએલો. એ વેળા એના શરીરમાંથી લોહીનાં જે બુંદો વેદી ઉપર પડ્યાં તેમાંથી બુંદેલાઓના મૂળ પુરુષ પ્રકટ થએલા. બુંદમાંથી પ્રકટેલા એટલે એ બુંદેલા કહેવાયા. બુંદેલખંડમાં બુંદેલા અને મુસલમાનો વચ્ચે વારંવાર લડાઇઓ થતી જ રહેલી. બાબરે બુંદેલાના સરદાર રાજા રુદ્રપ્રતાપને પોતાનો સૂબેદાર બનાવેલો. વીરસિંહદેવ અને છત્રસાલ બુંદેલા એના વંશના મોટા યોદ્ધાઓ હતા. આમાંના છત્રસાલે અનેક મુસ્લિમ શૂરા સરદારોને હરાવેલા જેમાંના એક બહલોલખાંએ તો પરાજયથી લાજીને આત્મહત્યા કરેલી. અંતે ઈ. ૧૭૦૭માં શાહ આલમ બહાદુરે એની સત્તાને માન્યતા આપવી પડી. આ પછી યે એમની બઢતી મુસ્લિમ શાસકોથી ન જીરવાતાં ફરુખાબાદનો મહમદશાહ બંગશ જ્યારે માળવામાં સૂબો હતો ત્યારે તેને બુંદેલાઓને કાબૂમાં રાખવાની રાજઆજ્ઞા મળેલી. ઇ.૧૭૨૭માં એને અલ્લાહાબાદ-માં મૂકવામાં આવ્યો ત્યારે ફરી એણે બુંદેલખંડ પર ચડાઈ કરી. છત્રસાલ ત્યારે વૃદ્ધ હોવાથી અને એના પુત્રો એકલા બંગશ સામે ટકી શકે તેમ ન હોઈ એણે બાજીરાવ પહેલાની સહાય લીધી અને ૧૭૨૯માં બંગશને પરાજિત કરીને ફરી બુંદેલખંડ તરફ દૃષ્ટિ ન કરે એ શરતે જીવતો જવા દીધેલો. ૧૭૩૩(?)માં છત્રસાલનું અવસાન થયું એ પૂર્વે એણે પોતાના અનેકમાંના મુખ્ય બે પુત્રો હિરદેસા (હૃદયશાહ) અને જગતરાજને રાજ્ય વહેંચી આપેલું, અને પોતાના રાજ્યમાંથી ઝાંસી અને જાલૌન સહિતનો ત્રીજો ભાગ બાજીરાવને એણે કરેલી સહાયના બદલામાં ભેટ આપ્યો હતો.

વીર યોદ્ધો હોવા ઉપરાંત છત્રસાલ રસિક જીવ હતો. પરંતુ બુંદેલ-ખંડના સ્વાતંત્ર્યનો તો એ પરમ ઉપાસક હતો. શિવાજીને જાતે મળીને એણે બુંદેલખંડના સ્વાતંત્ર્ય માટે પ્રેરણા લીધી હતી. સ્વાતંત્ર્ય માટેની એની ધગશ જોઈ શિવાજીએ પણ એને માનપૂર્વક સત્કારી એક તલવાર ભેટ આપેલી. લાલકવિએ લખેલા હિંદી કાવ્ય 'છત્રપ્રકાશ'માં એ બંને વીરપુરુષોની મુલાકાતનું સુંદર વર્ણન છે. મુસ્લિમ શાસન સામે સતત લડતા રહેવા છતાં ધર્મની બાબતમાં એ ઉદાર હતો અને એના શાસનમાં હિંદુ-મુસ્લિમના ભેદભાવ નહોતા. છંદશાસ્ત્રનો એ સારો અભ્યાસી હોઈ પોતાના પત્રોમાં પણ સ્વરચિત કવિતા ટાંકવા માટે તેની ખ્યાતિ છે. આ ઉપરાંત, શ્રી રાધાકૃષ્ણ-પચીસી, કૃષ્ણાવતાર કે કવિત, રામઅવતાર કે કવિત, રામધ્વજાષ્ટક, હનુમાન-પચીસી, મહા-રાજ છત્રસાલ કે પ્રતિઅક્ષર અન્ય કે પ્રશ્ન, દૃષ્ટાંતી ઔર ફુટકર કવિત, દૃષ્ટાંતી તથા રાજનૈતિક દોહાસમૂહ, છત્રવિલાસ, નીતિમંજરી તથા મહારાજ છત્રસાલ જુકી કાવ્ય, વગેરે એની જાણીતી કાવ્યરચનાઓ છે.

એનાં બધાં કાવ્યો વ્રજભાષામાં છે. જો કે વ્રજભાષા ઉપરાંત બુંદેલ-ખંડી અને ફારસી ભાષા પર પણ તેનું સારું પ્રભુત્વ હતું. ભક્તિ એ એનાં કાવ્યોનો મુખ્ય વિષય હોવા છતાં રાજનીતિ વિષયક કાવ્યો પણ એણે રચેલાં જે તે વિષયમાં અચૂક માર્ગદર્શન આપે છે. કાવ્યરચના પ્રતિ એને એટલું માન હતું કે કવિ ભૂષણ જ્યારે એને ત્યાં ગયા ત્યારે એણે સ્વયં કવિની પાલખીને ખાંધ આપીને એમનું સ્વાગત કરેલું.

છત્રસાલના અવસાન અંગે કંઈક અસ્પષ્ટતા છે. ઈ. ૧૭૩૧, '૩૩ કે '૩૪માં એનું અવસાન થયાનું મનાય છે. —સં.

સહાયતાની માગણી કરી. આ પત્રના અનુસંધાને મરાઠા અને બુંદેલના સંયુક્ત સૈન્યે જૈતપુરના કિલ્લા પર ઘેરો ઘાલ્યો અને ફરીથી ક્યારે ય બુંદેલખંડ પર આક્રમણ નહિ કરવાનું વચન આપવા માટે બંગશને વિવશ કરી દીધો. બંગશને બુંદેલખંડ છોડવો પડ્યો. બાજીરાવની મદદથી છત્રસાલને પ્રતિષ્ઠા પાછી મળી અને આખો બુંદેલખંડ પુનઃ છત્રસાલના કબજે આવી ગયો.

બીજી બાજુ બાજીરાવ તરફ પોતાની હાર્દિક કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે મહારાજા છત્રસાલે એને પોતાના પુત્ર રૂપે સ્વીકાર્યા હતા. એક મત મુજબ છત્રસાલ પર મુઘલોની અધીનતા સ્વીકારી લેવાનું નિરંતર દબાણ હતું. આ બાબત પર એમણે બાજીરાવ પર પત્ર લખ્યો હતો. તેમાં આમ દર્શાવાયું હતું :

'જો ગતિ ગ્રાહ ગજેન્દ્ર કી તો ગતિ ભઈ હૈ આજ;
બાજી જાત બુંદેલકી, રાખો બાજી લાજ.'


ઉત્તરાવસ્થામાં છત્રસાલે પોતાની સંપત્તિના ત્રણ ભાગ કર્યા હતા. જેમાંથી બે પોતાના મોટા પુત્રોને અને એક બાજીરાવને આપ્યો હતો. તે સાથે કુશળ નર્તકી મસ્તાની પણ ભેટરૂપે આપી હતી.

છત્રસાલ માટે એમ કહેવાય છે કે તે ઔરંગઝેબને ૧૭૦૭ની જાન્યુઆરીએ મળ્યા હતા અને તેના મૃત્યુ સુધી એટલે ૨૦ ફેબ્રુઆરી સુધી તેની સાથે રહ્યા હતા.*

શિવાજી અને છત્રસાલના જીવનવૃત્તાંતમાં ઘણું સામ્ય છે. ઉભય સ્વાતંત્ર્યસેનાની હતા. શિવાજીના ગુરુ સમર્થ રામદાસ હતા તેમ છત્રસાલના ગુરુ હતા પ્રાણનાથ પ્રભુ. તેઓ દેવચંદજીના શિષ્ય હતા. એમણે આજીવન હિંદુ-મુસ્લિમ એકતાનો પ્રયત્ન કર્યો હતો. એમના અનુયાયીઓ 'ધામી' અથવા 'પરનામી' કહેવાય છે. બાબા પ્રાણનાથે છત્રસાલને યોગ્ય પાત્ર જાણીને આશીર્વાદ આપ્યા હતા : 'છત્તા તેરે રાજ મેં ધકધક ધરતી હોય / જિત જિત ઘોડા મુખ કરે, તિત-તિત ફતે હોય.' આ સંદર્ભમાં બુંદેલખંડમાં એક દંતકથા પ્રચલિત છે. પ્રાણનાથે એવું કહેલું કે છત્રસાલ ઘોડા પર બેસીને સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી રાજ્યની સીમા પર દોડવાનું શરૂ કરીને સવાર સુધીમાં પાછો આવી જાય તો જ્યાંજ્યાં ઘોડાની ખરી (ઘોડાના પગની છાપ) પડી હશે ત્યાંત્યાં હીરા મળશે. (સરખાવો : છત્તા તેરે રાજ મેં ધક-ધક

(અનુસંધાન પૃષ્ઠ ૨૭૧)

(* જુઓ : 'Chhatrasaal' by S. S. Saxena - The Illustrated Weekly of India, May 22-1977)



સમસ્ત ચતુષ્પાદ પ્રાણીઓમાં સૌથી વધુ વેગવાન અને સુંદરતમ પશુ

કાળિયાર

અને તેમના સંરક્ષણ-સંવર્ધનાર્થે રચાએલો વેળાવદરનો રાષ્ટ્રીય ઉદ્યાન

લેખક : કિશોર ગોહિલ • ફોટોગ્રાફર : ભરત માલી


કાળિયારનું નામ સાંભળું એટલે ત્રીસેક વર્ષ પહેલાં રાજકોટથી જૂનાગઢ જતાં રસ્તામાં કાળિયાર જોવા મળતાં એ યાદ આવે છે. ત્યારે તો આજની સરખામણીમાં વાહનવ્યવહાર બહુ ઓછો હતો. રસ્તાની નજીકમાં કાળિયાર ચરતાં હોય તો મોટરને આવતી જાણી છલાંગ મારતાં દૂર ભાગે. રસ્તાથી દૂર ચરતાં હોય તો માથું ઊંચું કરી જુએ અને લાગે કે પોતાની પાસે કોઇ આવતું નથી તો પાછાં ચરવા માંડે. મોટરને થોભાવી નિરાંતે એમનું નિરીક્ષણ કરી શકાએ.

આજના યુવાનોને કદાચ આ વાત સાંભળી નવાઈ લાગશે. પોરબંદરના પુરાતત્ત્વવિદ્ અને પ્રકૃતિપ્રેમી શ્રી મણિલાઇ વોરા સાઠ વર્ષ પહેલાંની જે વાત કહે છે તે સાંભળીને મને પણ નવાઇ લાગે છે. એ વખતે તો સૌરાષ્ટ્રમાં એટલાં હરણ હતાં કે તેમનું ટોળું પાટા ઓળંગતું હોય તો સીટી વગાડતાં ગાડી ધીમી પાડી દેવી પડતી ને ક્યારેક તો પાટા ઉપર જ થોભી જવું પડતું. મીણસાર નદીને કાંઠે બરડા અને લેચ ડુંગરોની આસપાસ અસંખ્ય હરણો હતાં. એ કાળે મૃગચર્મ એટલું સુલભ હતું કે સુદામાપુરીથી દ્વારકા જતા સાધુ યાત્રીઓ પાસે કફની કે ધોતી ન હોય તેવું બને, પણ એની બગલમાં મૃગચર્મનો વીંટો તો હોય જ!



સૌરાષ્ટ્રમાં જ નહિ, આપણા દેશમાં જ્યાંજ્યાં સમથળ ઘાસિયાં મેદાનો હતાં ત્યાં સર્વત્ર સોએક વર્ષ પહેલાં પાંચ-પચાસ નહિ, હજાર કાળિયારોના ધેરાઓ હતા એવા ભરોસાપાત્ર ઉલ્લેખો ઉપલબ્ધ છે. મૂળ ભારતનું જ હોય તેવું, વૈજ્ઞાનિક પરિભાષામાં 'જીનસ ઍન્ટીલૉપ'નું એકમાત્ર સાચું પ્રતિનિધિ હરણ આપણા દેશમાં છે – અને તે કાળિયાર. ગુજરાતના પ્રથમ હરોળના પ્રકૃતિવિદ અને સંસ્કૃતના વિદ્વાન શ્રી હરિનારાયણ આચાર્યે નોંધ્યું છે કે કાળિયાર છેક વૈદિક કાળથી જાણીતું છે. સંસ્કૃતમાં તેનું નામ છે 'કૃષ્ણમૃગ.' એક એવી આખ્યાયિકા છે કે એક વેળા અગ્નિદેવ રિસાઇને યજ્ઞમાંથી નાસી ગયા, અને તેમણે યજ્ઞ છોડીને કૃષ્ણમૃગમાં વાસ કર્યો. પરંતુ દેવતાઓએ કૃષ્ણમૃગને પકડી તેને બલિ બનાવ્યો, અને ત્યારથી દેવતાઓઓમાં યજ્ઞપશુ તરીકે કૃષ્ણમૃગનું મહત્ત્વ સ્થાપિત થયું. હવિ અર્થે પલાળેલી ડાંગર છડવા અને મસળવાનું પણ હરણના ચામડામાં, સોમરસ ગળાય તે પણ એ ચામડાથી, ઋત્વિજો અને યજમાનનું યજ્ઞાયુધ પણ કૃષ્ણમૃગનાં વિષાણ – કાળિયારનાં શિંગડાં. એમનાં આસન અને ઋષિ-મુનિઓના દેહ ઢાંકનાર પણ મૃગચર્મ જ. આમ, અનેક પ્રકારે દૈનિક જીવનમાં વણાઇ જનાર કાળિયારની સંખ્યા એ પ્રાચીન જમાનામાં કેટલી વિપુલ હશે તે સહેજે કલ્પી શકાય તેમ છે.

◁ યજ્ઞપશુ તરીકે પ્રતિષ્ઠા પામવાથી યજ્ઞોના વિવિધ વિધિ માટે, શિકાર શૉખિનોના મનોરંજનાર્થે અને સુંદર ખાલ, વળદાર શિંગડાં ને સ્વાદિષ્ટ માંસના લાલચુ લોકોના હાથે સદીઓથી સતત હણાતા રહી અલ્પસંખ્યાએ પહોંચેલાં કાળિયારોનો એક પુખ્ત નર પ્રતિનિધિ. મથાળે : વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાનમાં અભય પામેલાં કાળિયારોનું મુક્તપણે ભમતું એક વૃંદ.

પુખ્ત માદાઓ] **કાળિયાર** [પુખ્ત નર-માદા

કાળિયાર શબ્દ નરવાચક છે, પણ નર-માદા ઉભયનો વર્ગસૂચક છે. સંસ્કૃતમાં એ 'સારંગ', 'કૃષ્ણસાર' તેમજ 'કૃષ્ણમૃગ', અને અંગ્રેજીમાં 'બ્લૅક બક' કહેવાય છે. એનું શાસ્ત્રીય નામ છે **Antelope cerricapra.** સસ્તન પ્રાણીઓના મહાવંશ Ungulates–ખરીવાળાં પ્રાણીઓનો એક અંતવંશ છે. તેના 'એકશફ'– એક ખરીવાળ અને 'અનેકશફ'- બે ખરીવાળાં પશુઓ એવા બે વિભાગ છે. આમાંના બીજા વિભાગમાં જે **Ruminants**-વાગોળનારાં (રોમન્થકર) પ્રાણીઓ ગણાવાય છે તેમાંના Bovidae–ગાય, ભેંસ, બકરાં અને ઘેટાંના ગોત્રમાં કાળિયાર ઊતરી આવ્યું છે. રોઝ, છીંકારાં અને ચૌશિંગાં એનાં પીતરાઈ. આ ત્રણ અને ચોથું કાળિયાર, **Antelope**ની સામાન્ય સંજ્ઞાથી ઓળખાય છે. જો કે સાચું **Antelope** તો કાળિયાર એકલું જ. કાળિયારને **Deer** ન કહેવાય. Deer અને Antelope ભિન્ન ગોત્રનાં પ્રાણી છે. એ બે વચ્ચે ખાસ કરીને બંને જાતિના નર (કારણ માદાઓને સામાન્ય રીતે શિંગડાં નથી ઊગતાં, જેથી બંને જાતિની માદાઓ દૂરથી જોતાં સરખી એક જેવી લાગે છે.) વચ્ચેનો મુખ્ય ભેદ શિંગડાંને લીધે સમજાય છે. **Deer**નાં શિંગડાં (antlers) વૃક્ષની જેમ શાખાઓમાં ફેલાય છે, જ્યારે **Antelope**નાં શિંગડાં (**horns**) સીધા સોટા જેવાં, ડાળા વિનાનાં ઊગે છે. **Deer**નાં શિંગડાં નક્કર, કેવળ હાડકાંનાં બનેલાં હોય છે, જ્યારે **Antelope**નાં પોલાં-વચ્ચે હાડકાનું ભૂંગળું અને તેના ફરતું શિંગડાનું પડ હોય છે. **Deer**નાં શિંગડાં વરસેવરસે ખરી પડે ને મૂળમાંથી નવાં ઊગે, જ્યારે કાળિયારનાં શિંગડાં કદી ખરે નહિ, ભાંગે તો પણ ફરી ઊગે નહિ, જિંદગીમાં એક જ વાર ઊગનારાં. Deerના વર્ગમાં સાબર, કાકર, બારાસીંગ, ચિતળ અને કસ્તૂરીમૃગ ભારતમાં થાય છે. કસ્તૂરીમૃગને શિંગડાં નથી હોતાં પણ બે નાના દંતૂશળ હોય છે. **(I** ચોપગા પ્રાણીઓમાં સુંદરતમ આ કાળિયાર કેવળ આછા ઘાસવાળી સમતલ ભૂમિ પર વસે છે. અરણ્ય કે ગિરિભૂમિમાં એ વસતાં નથી. ગુજરાતમાં અમદાવાદની આસપાસ અને ભાલમાં કવચિત્ સફેદ કાળિયાર–'કોડીઆ' પણ જોવા મળતા. ભાવનગરના મહારાજાએ શોધીશોધીને એમને એકઠાં કરેલાં, જેના વંશજો અમદાવાદના પ્રાણીબાગમાં છે. કાળિયાર સ્વભાવે ગરીબ, રમતિયાળ ને ખુશમિજાજી. એમને પાળી પણ શકાય, પરંતુ એનાં શિંગડાં બાળકો માટે જોખમી. બહુધા એક જ સ્થળે ચીટકી રહેવાની વૃત્તિવાળાં, હાંકી કાઢ્યાં હોય તો યે પાછાં આવે. ભયની સ્થિતિમાં બહુ ચપળતાથી છુપાઈ શકે. ઘાસ એમનો મુખ્ય આહાર. સવારે ચરવા નીકળે, બપોરે છાંયો શોધી આરામ લે અને સાંજે ફરી ચરે. એમને નીરખવા માટે સવારનો સમય વધુ અનુકૂળ પડે. ઉનાળામાં પાણીની અછત હોય તો છેક માનવવસવાટની નજીક પહોંચી જાય. હળી ગયા પછી વસ્તી નજીક હિંમતથી આવે, ને ગામનાં સીમ-ખેતરોમાં જોવા મળે. ખેતરોમાં નુકસાન કરે એ ભયે ક્યારેક ખેડૂતો એમને મારે. કાળિયારનું માંસ ઉત્તમ ગણાતું હોઈ એ માટે યે એનો ઘણો શિકાર થતો રહ્યો. બીક લાગે તો કાળિયાર નર ઘુંકારવા માંડે, માદા છીંકે. નાસવું હોય તો પ્રથમ ટેકડા મારી દિશા નક્કી કરે ને પછી છ-સાત મીટર લાંબી છલાંગો લેતું લાગટ લાંબા સમય સુધી એટલું ઝડપથી દોડે કે સપાટ ભૂમિ હોય તો વાઘ-દીપડા પણ એને આંબી શકે નહિ.
(મુખ્યત્વે 'વનેચર'ના આધારે સંકલિત)

પરંતુ દૂરના ભૂતકાળની એ બધી વાતો બાજુએ રાખી વર્તમાનમાં દૃષ્ટિ કરીએ તો આજે પ્રાણીબાગની બહાર મુક્ત રીતે વિચરતાં કાળિયાર જેવાં સુંદર હરણ કેટલા લોકોએ જોયાં હશે?

આફ્રિકામાં હરણની સંખ્યાબંધ જાતો થાય છે. પણ તેમાંનું એકેય હરણ આપણા નર કાળિયાર જેટલું આકર્ષક રૂપ ધરાવતું નથી. કાળિયાર નામ નરવાચક છે. પરંતુ એ નર-માદા બંને માટે સામાન્ય નામ છે. નરને 'રેડો' અને માદાને 'રેડી' પણ કહે છે. પુખ્ત નરની પીઠ, ગરદન, ગળું, મોં, કપાળ અને પીડથી ખરી સુધી બહારની બાજુ મખમલ જેવા ચળકતા કાળા રંગનાં અને બાકીનો દેહ શ્વેત હોય છે. આ શ્યામ-શ્વેત વર્ણથી શોભતા હરણનું સંસ્કૃતમાં 'કૃષ્ણમૃગ' અને આપણી આજની ભાષામાં 'કાળિયાર' નામ સર્વથા યથાર્થ છે. માદા કાળિયારનો દેહવર્ણ નરની પેઠે શ્યામ ન હોતાં સૂકા ઘાસ અને માટીના રંગમાં ભળી જાય એવો બદામી રહે છે. શરૂઆતમાં તો નર બચ્ચાનો રંગ પણ માદાના જેવો જ હોય છે, પણ એ બેએક વર્ષની વયે પહોંચતાં એનો બદામી વર્ણ કાળાશ લેવા લાગે અને ત્રીજા વર્ષ પછી એ શ્યામ બની જાય છે. જોકે દક્ષિણ ભારત તરફના પુખ્ત વયના નર કાળિયારનો દેહવર્ણ પણ ઘેરી તપખીરી ઝાંયવાળો જોવા મળે છે. પણ કોઇક અપવાદ સિવાય તેમાં શ્યામવર્ણી કાળિયાર નર ભાગ્યે જ જોવા મળે છે.

સંવનન-કાળમાં નર કાળિયાર અમુક વિસ્તારમાં પોતાનો આગવો અધિકાર સ્થાપી રહે છે. જેમાં એ બીજા પુખ્ત નરને પ્રવેશવા દેતો નથી. આ સમયે એનો ઠસ્સો પણ કંઈ ઓર જ હોય છે. ગરદન ઊંચી કરતાં એનાં ૬૦–૭૦ સે.મી. (બે-સવાબે ફૂટ) લાંબાં વળદાર ને અણિયાળાં શિંગડાં પીઠે અડી જતાં હોય, આંખ પાસેની મદગ્રંથિઓ ફૂલી હોય, અને ખોંખારા મારતો એ પોતાના વિસ્તારમાં પ્રવેશેલા બીજા નરને હાંકી કાઢવા મથતો હોય ત્યારે તેની ખુમારી જોવા જેવી



વસંતઋતુ એ કાળિયારનો સંવનનકાળ. એ વખતે મસ્તીએ ચડેલા નરનો થનગનાટ અનેરો હોય છે. ગરદન પાછી નાખી હોય ને લાંબાં શિંગડાં બરડા પરથી પડખાંમાં ઘસાતાં હોય, વેંતભરની પૂછડી ટટ્ટાર થઈ ગઈ હોય, આંખ નીચેની મદઝરતી ગ્રંથિઓ ઊપસી આવી હોય ને અદમ્ય જુસ્સાથી નસકોરાં ફુલાવી પગ પછાડતો હોય ત્યારે એ કામોન્મત્ત રાગ (નર) અદ્ભુત દેખાય છે. આમાં યે ક્યારેક માદા માટે બે મત્ત પ્રતિસ્પર્ધીઓ દ્વંદ્વયુદ્ધમાં ઊતરેલા જોવા મળે તો તો એ દૃશ્ય એક અસ્મરણીય ધન્ય પળ બની રહે.

હોય છે. આમાં યે જો પ્રતિસ્પર્ધી નર પણ રૂઆબ બતાવે તો બંને વચ્ચે યુદ્ધ પણ જામે, અને તેમાં ક્યારેક એકનું શિંગડું પણ ભાંગે. જીતે તે એ વિસ્તારનો માલિક બને અને હારે તે બીજે નાસી જાય.

કાળિયારની શ્રવણ અને ગંધપરખની શક્તિ બહુ તીવ્ર હોતી નથી, એટલે પોતાની તીક્ષ્ણ દૃષ્ટિ તથા દોડવાની અત્યંત ઝડપી ગતિ પર એણે પોતાની સલામતી માટે આધાર રાખવો પડે છે. લાંબા અંતર સુધી વગર થાક્યે કલાકના ૫૦-૬૦ કિલોમીટરના વેગે કાળિયાર દોડી શકે છે. એની એક છલાંગ પણ છ-સવાછ મીટર એટલે કે વીસેક ફૂટ જેટલી લાંબી હોય છે. આરંભમાં ઊંચા કૂદકા મારીને પછી પૂરપાટ દોડી જતા ભયગ્રસ્ત કાળિયારોના ટોળાનું દૃશ્ય પણ રોમાંચક લાગે છે.

નજીકના ભૂતકાળમાં હજી થોડા દાયકાઓ પહેલાં દેશમાં હજારોની સંખ્યામાં વિચરતાં હતાં એ કાળિયારની સંખ્યા બહુ ઝડપથી ઘટી જઈ હવે એ ક્યાંકક્યાંક જ, અને તે યે અલ્પસંખ્યામાં જ જોવા મળે છે તેનાં બે મુખ્ય કારણો કહી શકાય: એક તો છેક પુરાણ કાળથી ધર્મને નામે તેમનો શિકાર પ્રચલિત બન્યો અને પછી હિંદુ-મુસ્લિમ રજવાડાંઓમાં એ વૃદ્ધિ પામ્યો તે છે. વળી, વન્ય પશુઓમાં કાળિયાર સુંદરતમ પ્રાણી હોઈ તેના શિકારનો મોહ પણ સ્વાભાવિક રીતે વધુ વૃદ્ધિ પામતો રહ્યો. આગળ જતાં ધર્મ ને તેના વિધિઓ ભૂંસાતા ગયા, પણ આ પ્રાણીની હત્યાનું આકર્ષણ તો ઉત્તરોત્તર વધતું જ રહ્યું. તીરકામઠાં પછી બંદૂક ઉપરાંત શિકારી કૂતરાઓ અને પાળેલા ચિત્તાઓની સહાયથી શિકારની સરળતા યે વધી અને ઘોડાને સ્થાને જીપ અને આધુનિક રાયફલોની સગવડ મળતાં માણસે તેમનો ઘાણ કાઢી નાખવા માંડ્યો. બીજું કારણ છે માણસોના ઝડપી વસ્તીવધારાનું. આ વન્ય પશુઓના જીવનના આધાર સમાં ઘાસિયાં મેદાનો, જંગલો વગેરે પર ખેતી અને વસવાટ માટે માણસે કબજો જમાવવા માંડ્યો ને ત્યાં પોતાનાં પાળતુ ઢોરને પણ વસાવવા માંડતાં આ અને આવાં અન્ય વન્યજીવોને ત્યાંથી ખસી જવાની ફરજ પડવા માંડી. ધીરેધીરે એમના વસવાટને યોગ્ય ભૂમિની ખેંચ વધવા લાગી અને એની અસર એમની સંખ્યા પર પણ પડી.

સદ્નસીબે આમ અલ્પસંખ્ય બનતા જતા વન્યજીવોને ઉગારી લેવા માટે દુનિયાભરમાં અને આપણા દેશમાં પણ જાગૃતિ આવી અને તેને પરિણામે જ્યાંજ્યાં હજી જે કોઈ વન્યપ્રાણીઓ રહ્યાં છે તેમને બચાવી લેવા હવે એમના વસવાટને અનુરૂપ એવા વિસ્તારોને અભયારણ્ય તરીકે જાહેર કરી માણસ ત્યાં દખલ ન કરે તેવી જોગવાઈઓ સરકારી કક્ષાએ થવા લાગી છે. આ રીતે આપણા દેશમાં આંધ્ર પ્રદેશ, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, પંજાબ, રાજસ્થાન, તામિલનાડુ અને ઉત્તરપ્રદેશમાં આવેલાં અભયારણ્યોમાં અન્ય પ્રાણીઓ ઉપરાંત ઓછાવધતા પ્રમાણમાં કાળિયારો પણ બચી ગયાં છે ખરાં, પરંતુ ખાસ કાળિયારના જ સંરક્ષણ અર્થે સ્થાપેલાં અભયારણ્યો તો કેવળ ગુજરાત અને કર્ણાટકમાં જ છે. ગુજરાતમાં ભાવનગરથી ૬૫ કિલોમીટર દૂર લગભગ ૧૮ ચોરસ કિલોમીટરનો વિસ્તાર 'વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન' તરીકે જાહેર કરવામાં આવ્યો છે, જ્યાં કાળિયારને સંપૂર્ણ રક્ષણ અપાયું છે એટલું જ નહિ, એમના ટકાવ અને સંવર્ધનને યોગ્ય સગવડો પણ ઊભી કરવામાં આવી છે. આ વિસ્તારમાં તદ્દન મોકળા મને વિચરતાં કાળિયારોને એમની પ્રાકૃતિક દશામાં ભમતાં જોવાં એ યે એક લ્હાવો છે. ઑક્ટોબરથી જૂનના આરંભ સુધીનો સમય આ માટે વિશેષ અનુકૂળ છે. વેળાવદરમાં આ માટે પૂરતી સવલતો પણ કરવામાં આવી છે.

ભાવનગરની 'વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન સોસાએટી'ના પ્રમુખ શ્રી શિવભદ્રસિંહજી સાથે વેળાવદર જવાનો એક પ્રસંગ થોડાં વર્ષો પહેલાં સાંપડેલો. એ વખતે ૧૫થી ૩૦ કાળિયારોના ત્રણચાર ઘેરા અમે જોઈ શકેલા. અઢી-ત્રણ દાયકા પછી આમ ખુલ્લાં મેદાનમાં નાનાં બચ્ચાંઓ સાથે કાળિયારનો સમૂહ જોઈ ઘણો ઉલ્લાસ થાય એ સ્વાભાવિક હતું. જો કે એ સમયે સુકાભટ મેદાનમાં એમના માટે લીલા ચારાનો અભાવ હતો અને એ જોઈ થોડી ખિન્નતા પણ અનુભવી, પરંતુ કુદરતી ચારાને અભાવે એમને ભૂખ વેઠવી ન પડે તે સારુ ઘાસની તથા પાણી માટે કુંડીઓની વ્યવસ્થા આ અભયારણ્ય સાચવતા જંગલખાતાએ કરેલી છે. શ્રી શિવભદ્રસિંહજીના કહેવા પ્રમાણે આ વેળાવદર, સવાઈનગર, મીઠાપુર ભાલ અને કાનાતળાવના લગભગ ૪૦ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ચાર-પાંચ દાયકા પૂર્વે આઠથી દસ હજાર કાળિયાર હતાં અને ત્યારે આ સપાટ પ્રદેશમાં જઈ ઊભા રહીએ તો નજર પહોંચે ત્યાં સુધી અહીંતહીં કાળિયારના મોટા ઘેરા દેખાતા. એમનાં મસ્તક અને તેના પરનાં વળદાર શિંગડાંથી એક અદ્ભુત ક્ષિતિજરેખા રચાઈ રહેતી. શ્રી ભાવસિંહજી મહારાજના સમયમાં શ્વેત કાળિયારને વીણીવીણીને એકઠાં કરવામાં આવતાં. અમદાવાદના કાંકરિયા પ્રાણીબાગમાં આજે એ શ્વેત કાળિયારના વંશજો જોવા મળે છે. ઈ. ૧૯૭૫માં સૌરાષ્ટ્ર પર એક ભારે વિનાશક વાવાઝોડું ફરી વળેલું ત્યારે આ વેળાવદર વિસ્તારમાં પુષ્કળ પાણી ભરાતાં લગભગ એક હજાર કાળિયાર તેમાં ડૂબીને મરી ગયાનો અંદાજ છે. આજે અહીં રક્ષણ મળ્યા બાદ એમની સંખ્યા અંદાજે બે હજારથી વધુ હશે. એમને જોવા આવતા સહેલાણીઓ માટે અહીં જીપની વ્યવસ્થા તો છે, પરંતુ તેના બદલે જો દેશી ગાડાંનો ઉપયોગ કરવામાં આવે તો કાળિયારને વધુ નજીકથી નીરખી શકાય. કારણ કાળિયારો ગાડાંથી બહુ ભડકતાં નથી. આવી વ્યવસ્થા હોય તો આ તરફના ગાડાખેડુઓને પણ થોડી વધુ આવક થાય.

આમ, ગુજરાતની રાજ્ય સરકારે કાળિયારને અભય આપ્યું; તે ઉપરાંત ઇ. ૧૯૭૨માં ભારત સરકારે પણ ખાસ વન્યજીવન સંરક્ષણ ધારો ઘડી કાળિયાર સહિત અન્ય અનેક પશુપંખીઓને રક્ષિત જાહેર કરીને એમને તદ્દન નામ:શેષ થઈ જતાં બચાવી લેવાનો પ્રશંસનીય

કાળિયાર

એક અમેરિકન મહિલાએ ઊંડો અભ્યાસ કરીને લખેલા મહાનિબંધમાં કાળિયારની કેટલીક આગવી ખાસિયતો વર્ણવી છે. અહીં તેમાંની થોડી રસપ્રદ વિગતો તારવી છે—

કાળિયાર મુખ્યત્વે ચાર પ્રકારે જોવા મળે છે: (૧) જેમાં મોટા ભાગે માદાઓ જ હોય. અલબત્ત, તેમની સાથે બચ્ચાં તથા પુખ્ત ન થયા હોય તેવા કાચા નર કાળિયાર પણ હોય ખરા. આ બધાં જૂથમાં સાથે જ હરે-ફરે-ચરે. એક રીતે એ કાળિયારની નારી-મંડળી કહી શકાય. (૨) જેમાં માત્ર નર કાળિયારો જ હોય એવું જૂથ. આમાં પુખ્ત કાળિયાર તથા પુખ્ત વયે ન પહોંચ્યાં હોય તેવાં નર બચ્ચાં હોય. આ સમૂહમાં પણ બધાં સાથે જ ફરે-ચરે. નર કાળિયારોનું આ જાણે કે વાંઢા-મંડળ. (૩) પોતાનો આગવો ચોકો રાખીને એકલો ભમતો પુખ્ત નર અને (૪) એકલી ભમતી પાકટ માદા.

એક એવી માન્યતા પ્રવર્તે છે કે કાળિયાર નર માદાઓના સમૂહ ઉપર એકહથ્થુ સ્વામિત્વ ભોગવે છે અને તે હક મેળવવા અથવા જાળવી રાખવા બે નર દ્વંદ્વયુદ્ધમાં પણ ઊતરે છે. પરંતુ હકીકતે તેમ હોતું નથી. સંવનનકાળમાં નરમંડળમાંથી છૂટા પડી પુખ્ત કાળિયાર અમુક વિસ્તારમાં ઠેકઠેકાણે મળમૂત્ર કરીને તથા ઝાંખરાંઓ ઉપર પોતાની આંખ પાસેની મદગ્રંથિઓ ઘસીને એ વિસ્તારમાં પોતાની વ્યક્તિગત ગંધની નિશાની મૂકે છે. આ રીતે નિશ્ચિત કરેલો વિસ્તાર એનો પોતાનો જ ગણાય છે ને તેમાં બીજા કોઈ પુખ્ત કાળિયાર નરને તે પ્રવેશવા દેતો નથી. આ રીતે નર કાળિયારની હદ એકબીજાની પડોશમાં જ હોય એવું યે બને ખરું, પણ દરેક નર પોતાની હદમાં જ રહેવાના અને તેનું રક્ષણ પણ કરવાના.

કાળિયારનું અહીંતહીં ભમતું નારીમંડળ ચરતાં-ફરતાં પુખ્ત એકલ નરના આગવા વિસ્તારમાં યે આવી ચડે, અને ત્યારે તે વિસ્તારનો માલિક નર પોતાને ત્યાં આવેલી માદામંડળીમાંની ઋતુમાં આવેલી માદાઓ સાથે સમાગમ કરવાને હકદાર લેખાય. આવેલી માદામંડળી જ્યાં સુધી એ નરના વિસ્તારમાં રહે તે સમય દરમિયાન નરનું બે પ્રકારનું વર્તન જોવા મળે. એક તો એ પોતાનો સમાગમનો અધિકાર ભોગવે અને બીજું તે આવેલી માદામંડળી સાથે પુખ્ત થવાને આરે પહોંચેલા કાચા નરને પોતાના વિસ્તારમાંથી હાંકી કાઢવા પ્રયત્ન કરે. આવું જૂથ જોતાં પ્રથમ નજરે તો એમ જ લાગે કે એક નર અનેક માદાઓ સાથે સમૂહમાં રહે છે. જ્યાં સુધી માદાઓ એ નરના વિસ્તારમાં રહે ત્યાં સુધી એ સાચું યે ખરું, પણ આ રસમ કોઈ જૂથ સાથે કાયમ હોતી નથી. ઉપર કહ્યા તે ચાર પ્રકાર ઉપરાંત કાળિયાર આ પ્રકારે પણ જોવા મળે. પણ આવા જૂથમાં પુખ્ત નરનું વર્તન ધ્યાન ખેંચે છે.

કાળિયાર માદાઓના જૂથ સાથે ભમતા કાચા નર જેમજેમ પુખ્તાવસ્થા નજીક પહોંચતા જાય તેમતેમ તેમને માદાઓના જૂથ સાથે રહેવાનું મુશ્કેલ બનતું જાય છે. કારણ જે પુખ્ત નરના વિસ્તારમાં માદાઓની સાથે એ પ્રવેશ્યા હોય તેમાંથી તે વિસ્તારનો માલિક નર તેને હાંકી કાઢવાનો પ્રયત્ન કરે જ. એટલે કાં તો તેણે તે નરનો સામનો કરવો પડે યા તો તેણે પોતાનું જૂથ છોડી જઈ કાળિયાર નરમંડળમાં જોડાઈ જવું પડે. સામનો કરવા જેટલો એ પુખ્ત અને અનુભવી ન હોય એટલે બહુધા એ કોઈ વાંઢામંડળમાં જ ભળી જાય.

કાળિયાર માદા પ્રસવકાળે પોતાની મંડળીથી છૂટી પડી ઘાસની ઓથ મળે તેવી જગ્યાએ જઈ એક કે બે બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચાં માદાઓની મંડળી સાથે હરીફરી શકે તેવડાં થાય ત્યાં સુધી એ માદા બચ્ચાંનાં ઉછેર માટે એમની પાસે એકલી જ રહે છે. દૂરથી જોતાં ઘાસમાં છુપાએલાં બચ્ચાં નજરે ન ચડે એટલે નજીકમાં જ ભમતી માદા એકલી જ રહે છે તેમ લાગે. બચ્ચાં હરીફરી શકવા જેટલાં મોટાં થાય એટલે એ પછી બચ્ચાંને સાથે લઇને માદાઓના જૂથમાં ભળી જાય છે.

પુખ્ત નર કાળિયારો વચ્ચેની અથડામણ બે પ્રકારે થાય છે: એક તો પોતપોતાની સીમાના રક્ષણ માટે. તેમાં બે પડોશી નર સીમા પર એકબીજાની સામે આવી ચડે ત્યારે પોતાની હદ દર્શાવવા. એ વેળા સમાંતરે ચાલ્યા જતા બંને નર અચાનક સામસામા થઈ માથું નમાવી શિંગડાં અથડાવે ને પછી છૂટા પડી એકબીજાથી વિરુદ્ધ દિશામાં ચરતાં હોય તેવા દેખાવ સાથે પોતપોતાની હદમાં વળી જાય. આ અથડામણ માત્ર પોતાની સીમા જાહેર કરવા પૂરતી જ હોય છે અને તે હારજીતના યુદ્ધમાં પરિણમતી નથી. બંને નર એકબીજાની સીમાનો અધિકાર કબૂલી લે છે.


પણ ક્યારેક બે નર ખરેખર દ્વંદ્વમાં પણ ઊતરી પડે છે, અને તે બેમાંથી એક હાર કબૂલી નીચી મૂંડી કરી મેદાન છોડી ચાલ્યો ન જાય ત્યાં સુધી એ લડાઈ ચાલે છે. સંભવ છે કે તાકાત બતાવવાના લલકારમાંથી આવું દ્વંદ્વ ઊભું થતું હશે.

ક્યારેક કાચા નરો પણ લડતા જોવા મળે છે. પણ મોટે ભાગે એ મૈત્રીભરી રમત જ હોય છે, યા ક્યારેક મંડળીમાં પોતાનો વટ પાડવા માટેની સ્પર્ધા હોય છે.

—લેખક

પ્રયાસ કર્યો છે. પરંતુ કાયદાનું અસ્તિત્વ અને તેનો અમલ એ બંને ભિન્ન બાબતો છે. અભયારણ્યોમાં કે તેની બહાર ગેરકાયદે થતા શિકારને અટકાવવાનું કામ સરળ તો નથી જ. એટલે કાયદાની સાથોસાથ જનસમાજમાં પણ પ્રકૃતિ-સંરક્ષણની ભાવના પ્રકટવી એટલી જ જરૂરી છે. અને તો જ સાચા અર્થમાં આ બધી વનસંપત્તિ નાશ પામતી અટકે અને સંવર્ધન પામી શકે. આવી જાગ્રત ભાવનાના પરિણામ સ્વરૂપ કાળિયારનાં બે બિનસરકારી અભયસ્થાનોનો ઉલ્લેખ અહીં કરવો જોઇએ.

તેમાંના એક વિષે શ્રી મણિભાઇ વોરાના શબ્દોમાં જ કહું તો પોરબંદરથી રાજકોટ આવતા ધોરી માર્ગ ઉપર ૩૨ કિલોમીટરે મીણસાર નદીના કાંઠે ખીજદડ નામે ગામ છે. દસેક વર્ષ પહેલાં શિકાર બની જવામાંથી બચી ગએલાં પાંચેક કાળિયાર બરડા ડુંગર તરફથી ખીજદડની સીમમાં આવી ચડયાં. ખીજદડની સીમમાં હરણનો શિકાર કરવા પર ગામે પ્રતિબંધ મૂકયો છે. એક વાર તો લશ્કરના અમલદારોને પણ અહીંના ખેડૂતોએ આડા પડી શિકાર કરતા રોકેલા. આવી પ્રશંસનીય ભાવના અને જાગૃતિના પરિણામે અહીં આવી ચડેલાં પેલાં કાળિયાર બચી ગયાં એટલું જ નહિ, અહીં આશરો મળી જતાં એમનો વંશવેલો યે ફાલ્યો અને પાંચમાંથી પંદર અને પછી ત્રીસ-ચાલીસનો ઘેરો થયો. આગળ જતાં એમના આવા ત્રણ-ચાર ઘેરા દેખાવા લાગ્યા અને આજે ત્યાં સહેજે સો-સવાસો કાળિયાર હશે. ઉનાળામાં કે દુષ્કાળમાં પાણીની ખેંચ પડે ત્યારે ખીજદડની સીમમાં ગામના ખેડૂતોએ મુકાવેલી કુંડીમાં તેઓએ હરણાં માટે કાવડો સારીસારીને પાણીનો પ્રબંધ કર્યો છે. ચારા માટે એમણે સીમમાં ખડની ગાંસડીઓ પણ અગાઉ નખાવી છે. ખીજદડની સીમ બહાર જાય અને શિકારનો ભોગ બને તો કોઇ વર્ષે કાળિયારની સંખ્યામાં ઘટ દેખાય ખરી, પરંતુ આ તરફથી પસાર (અનુ. પૃ. ૨૫૬)



ગુજરાત રાજ્યનાં અભયારણ્યો તથા રાષ્ટ્રીય ઉદ્યાનો

ગુજરાતના વનવિસ્તારની ટકાવારી બહુ નીચી—માત્ર ૧૦ ટકા, અને તેમાં યે ખરેખર ઝાડીવાળો વિસ્તાર તો કેવળ ૬ ટકા જ છે. છતાં એશિયન સિંહ તથા જંગલી ગધેડાં—ઘુડખર જેવાં દુર્લભ પ્રાણીઓ ગુજરાતમાં છે. આ ઉપરાંત, દીપડા, કાળિયાર સહિત વિવિધ હરણો, રીંછ, પટાદાર ઝરખ, વરુ, જંગલી ભૂંડ, મગર તથા અતિ અલ્પસંખ્યામાં વાઘ સહિત ૪૦ જાતનાં વન્ય પ્રાણીઓ અને નાશને આરે આવેલાં ઘોરાડ સહિત સુરખાબ, મોર, વિવિધ તેતર અને અન્ય અનેકવિધ પક્ષીઓની ૪૨૫થી યે વધુ જાતો ગુજરાતમાં છે. વળી, શિયાળામાં છેક સાઇબીરિયા જેટલે દૂરથી અનેક જાતનાં યાયાવર પક્ષીઓ પણ હજારોની સંખ્યામાં અહીં આવે છે. પરંતુ માણસની અતિ ઝડપે વધી રહેલી વસ્તી તથા તેની સ્વાર્થ પ્રેરિત વૃત્તિઓ આપણા આ વન્ય જીવો માટે શાપરૂપ બની એક યા બીજી રીતે તેનો નાશ કરી રહી હોઈ કાયદાથી અને અન્ય રીતે આ વૈવિધ્ય-સભર જીવસૃષ્ટિને રક્ષણ આપવું દિન-બ-દિન વધુ જરૂરી બનતું જાય છે. ગુજરાત રાજ્યે આ માટે યોગ્ય એવાં અગિયાર સ્થળોએ એમનાં સંરક્ષણ અને સંવર્ધન માટે અભયસ્થાનો નક્કી કર્યાં છે. અલબત્ત, આમાંનાં કેટલાંકનો પૂર્ણ વિકાસ હજી બાકી છે. આ અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનોનાં સ્થાન આ નકશામાં કાળા રંગે દર્શાવ્યાં છે. આ કાળો ભાગ જે તે વિસ્તારની ચોક્કસ સીમારેખા નહિ પણ માત્ર તેનાં સ્થાન દર્શાવે છે. એને આપેલો ક્રમાંક પણ માત્ર તેની ઓળખની સરળતા ખાતર આપ્યો છે. તેમાં-(૧) કચ્છમાં નારાયણ સરોવર પાસે ખાસ કરીને છીંકારાના રક્ષણાર્થે, (૨) કચ્છના મોટા રણમાં સુરખાબ-ફ્લૅમિંગો પક્ષી માટે અને (૩) બનાસકાંઠામાં પાલનપુર-અંબાજી પાસે ૧૮૭ ચો. કિ. મી.ના વનવિસ્તારમાં રીંછ માટેના જેસોર અભયારણ્યનું સ્થાન દર્શાવે છે. (ભરૂચ જિલ્લામાં દેડિયાપાડાના ૧૫૦ ચો. કિ. મી. વનવિસ્તારમાં પણ રીંછ માટે પીપળોદ અભયારણ્યની દરખાસ્ત વિચારણામાં છે.) (૪) કચ્છના નાના રણનો લગભગ ૫૦૦૦ ચો.કિ. મી. વિસ્તારમાં જંગલી ગધેડાં-ઘુડખરને રક્ષણ અપાયું છે. (૫) જામનગર જિલ્લાની ઉત્તરે કચ્છના અખાતમાં પરવાળા દ્વિપસમૂહ તથા ચેરનાં જંગલોમાં જે જીવસૃષ્ટિ છે તેના ઉપર સૌરાષ્ટ્રના મત્સ્યઉદ્યોગની ઉત્પાદનક્ષમતા આધારિત હોઈ તેના રક્ષણ અને અભ્યાસ માટે રાજ્ય સરકારે ખાસ યોજના કરી છે, જે કદાચ દેશભરમાં પ્રથમ છે. (૬) પોરબંદર નજીક બરડાના જંગલમાં ગિરના સિંહોને વસાવવાની યોજના છે. (૭) હિંગોળગઢનું શિક્ષણલક્ષી અભયારણ્ય. અવારનવાર અહીં ખાસ શિબિરો યોજીને વિદ્યાર્થીઓને વન્ય પક્ષીપ્રાણીઓ, વિધવિધ વૃક્ષોનો પરિચય અને વનોનું મહત્ત્વ સમજાવી એમનામાં પ્રકૃતિપ્રેમ પ્રસારવાની રાજ્ય સરકારની યોજના છે. (પીરોટન ટાપુ, સાસણ ગિર, જાંબુઘોડા અને ડભકા તથા ગાંધીનગરમાં પણ આ યોજના વિસ્તારવામાં આવી છે.) (૮) નળ સરોવરનો ૧૧૫ ચો.કિ.મી.નો આ વિસ્તાર શિયાળામાં હજારોની સંખ્યામાં અહીં ઊતરી આવતાં અનેકવિધ યાયાવર પક્ષીઓને કારણે સુખ્યાત છે. (૯) વેળાવદરનો કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન. ખાસ કાળિયારના જ રક્ષણાર્થે દેશમાં માત્ર બે જ અભયારણ્યો છે—એક આ, અને બીજું કર્ણાટકમાં. (૧૦) એશિયન સિંહોના વસવાટથી અતિ પ્રસિદ્ધ ગિરનું જંગલ. અન્ય પ્રાણીઓનું આશ્રયસ્થાન. અહીં મગરોનો ઉછેર પણ કરવામાં આવે છે. (૧૧) વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન. આ તરફના જંગલોમાં જોવા મળતાં ભસતાં હરણ-મુંટજેક રાજ્યમાં અન્યત્ર હવે જવલ્લે દેખાય છે.

વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન

સૌરાષ્ટ્રમાં લગભગ ૧૩૦૦ ચો. કિ.મી. જેટલો વિસ્તૃત ખારો સપાટ પટ ભાલ નામે ઓળખાય છે. પૂર્વમાં એ છેક ખંભાતના અખાત સુધી પહોંચે છે જ્યાં ઉનાળા સિવાયની ઋતુમાં બહુધા કાદવ રહે છે. આ ભાલમાં જ્યાં ખારાશ ઓછી છે ત્યાં ઘઉં, કપાસ અને બાજરાની ખેતી થાય છે અને કેટલાક વિસ્તારમાં ઉત્તમ પ્રકારનું ઘાસ ઊગે છે. આવાં ઘાસિયાં મેદાનોમાં અગાઉ હજારો કાળિયાર વસતાં હતાં અને છેક ધોળકા-ધંધુકા ને લીમડી સુધી એમનાં ટોળાં જોવા મળતાં. જૂના ભાવનગર રાજ્યે વેળાવદર–મીઠાપુર પાસેના આવા ઘાસિયા પ્રદેશોમાં કાળિયારોને રક્ષણ આપ્યું હતું. હવે અલ્પ સંખ્યાએ પહોંચેલાં ઘોરાલ (ગોરાલ, કચ્છીમાં ગુરાણ કે ઘુડાડ. અંગ્રેજી-ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ. 'જુઓ 'કુમાર' અંક ૬૪૭) પણ અહીં જોવા મળતાં. સ્વાતંત્ર્ય બાદ ભાવનગરના ધર્મેન્દ્રકુમારસિંહજીએ અહીં કાળિયાર માટે સૌરાષ્ટ્ર સરકારને અભયારણ્ય બનાવવાની એક દરખાસ્ત કરેલી, પણ ભાલ પ્રદેશને રક્ષિત વિસ્તાર જાહેર કરવાથી વિશેષ કોઇ પ્રબંધ ત્યારે થઇ શકેલો નહિ. આ પછી છેક ગુજરાતની રાજ્ય સરકારે અહીં કાળિયાર માટે અભયારણ્ય બનાવવા અંગે રીતસર પગલાં લીધાં ત્યાં સુધીમાં તો અહીં ઘણા વિસ્તારમાં ખેતી વધતી ગઈ અને કાળિયારોની હત્યા પણ થતી રહી. પરિણામે કાળિયારોને વસવા યોગ્ય આ વિશાળ પ્રદેશ સંકોચાતો ગયો અને એમની સંખ્યા પણ ઝડપભેર ઘટતી ગઈ.

પણ હવે વેળાવદર પાસે ૧૭-૮૩ ચો. કિ.મી.નો વિસ્તાર ખાસ કાળિયારોના રક્ષણાર્થે જાહેર થતાં આ સુંદર પ્રાણીઓ નામશેષ થતાં બચી ગયાં. વલભિપુર થઈને ભાવનગર જવાના માર્ગે અમદાવાદથી વેળાવદર ૧૮૦ કિ.મી. દૂર છે. વેળાવદર ગામમાં આ અભયારણ્ય માટેનું જંગલખાતાનું દફ્તર છે. આ વિસ્તારમાં ઊગતું ઉત્તમ પ્રકારનું ઘાસ કાળિયારોના ચારા માટે પૂરતું થઇ રહે છે, છતાં કાળદુકાળે જરૂર પડે તો ઉપયોગમાં લેવા કાળિયારોને માટે પૂરતું ઘાસ સંઘરી રાખવાની પણ પૂરતી વ્યવસ્થા છે. આ જ રીતે લગભગ ૨૫ જેટલાં સ્થળે પાણીના હવાડા પણ કરેલા છે. આ રાષ્ટ્રીય ઉદ્યાનની સીમાએ વાડ કરેલી નથી, પણ સમગ્ર વિસ્તારમાં ચોકિયાતો ફરતા રહે છે ને રોજ સવારે પોતાના કામનો અહેવાલ અહીં રહેતા અધિકારીને પહોંચાડે છે. શિકાર પર તો કડક પ્રતિબંધ છે જ, એટલે એ રીતે કાળિયારને કોઈ ભય નથી, પરંતુ ક્યારેક આજુબાજુથી નાર (વરુ) આવી ચડે તો એમને રંજાડે કે મારી નાખે ખરાં. ક્વચિત્ કોઇ ઝેરી જાનવરના કરડવાથી યા અખાદ્ય ખવાઇ જવાથી યે કાળિયાર મરે. મરેલા કાળિયારને જાણ થતાં તુરત ઑફિસે પહોંચાડવામાં આવે, જ્યાં એમની ખાલ અને શિંગડાં ઉતારી લેવાની વ્યવસ્થા છે. આ ખાલ (મૃગચર્મ) અને શિંગડાંની કિંમત ઊપજે છે. માનવોથી ટેવાઇ જવાને કારણે ઘણી વાર કાળિયારો છેક ગામના પાદર સુધી પણ આવી ચડે છે અને અભયારણ્યમાં પણ તેમને બહુ નજીક સુધી જઇને જોઇ શકાય છે. અભય મળતાં એમની સંખ્યા પણ બેએક હજારથી વધુ જેટલી થઇ છે, એથી ટોળામાં હવે એ બસો-ત્રણસો જેટલી સંખ્યામાં યે જોવા મળે છે. અને આવી મોટી સંખ્યામાં એમને મુક્તપણે વિચરતાં જોવાં એ યે એક લહાવો છે. આ માટે આવતા સહેલાણીઓ માટે વેળાવદરમાં રહેવા-ઊતરવા સારુ 'કાળિયાર ભવન' નામે રેસ્ટ હાઉસ પણ શરૂ થયું છે. વ્યક્તિ દીઠ વીસ રૂપિયા ભરીને રેન્જ ફોરેસ્ટર, વેળાવદર અથવા ડેપ્યુટી કૉન્ઝર્વેટર, ફોરેસ્ટ, ભાવનગરને લખીને આ અંગે અગાઉથી વ્યવસ્થા થઈ શકે છે. અભયારણ્યના અંદરના વિસ્તારમાં ફરવા જવા માટે અહીં જીપની પણ સુવિધા છે. —સં.

(શ્રી ધર્મેન્દ્રકુમારસિંહજી (ભાવનગર)ની એક નોંધ તથા શ્રી રૂબિન ડૅવિડ પાસેથી મેળવેલી માહિતીના આધારે સાભાર.)

થતાં ખીજડદની સીમમાં હરણ અવશ્ય જોવા મળે ખરાં.*

આવું જ એક બીજું અભયસ્થાન છે પાળિયાદ તાલુકાના ઢાંકણિયા ગામની સીમ પાસેનું એક મોટું વીડ. શ્રી બોટાદ મહાજન પાંજરાપોળે ઘાસચારાની પોતાની જરૂરિયાત માટે સરકાર પાસેથી આ વીડ ભાડાપટ્ટે રાખેલું છે. અનાયાસે કાળિયારોને આ વિશાળ વીડમાં રક્ષણ મળી ગયું છે. બોટાદ નજીક સોનગઢના ડુંગર પાસે પચાસ વર્ષ પહેલાં તો મોટી સંખ્યામાં હરણો હતાં. એમાંથી બચેલાં હરણોએ પંદરેક વર્ષ પહેલાં આ ઢાંકણિયા વીડમાં આશરો લીધો અને વીડની ચોકીમાં એમને પણ રક્ષણ મળી જતાં એ ત્યાં સ્થાયી થયાં. પાંજરાપોળના માનદ્ મંત્રીના અંદાજ મુજબ આજે વીડમાં લગભગ ૫૦૦ હરણ છે. સામાન્યતઃ દર ઉનાળે તેમના માટે ઘાસચારો નાખવામાં આવે છે. વીડમાં તળાવ પણ છે અને ખાસ આ હરણો માટે પાણીનો હવાડો પણ બનાવવામાં આવ્યો છે.

ખીજડદની સીમમાં અને ઢાંકણિયા વીડમાં વિચરતાં કાળિયારો મેં જાતે જોએલાં છે. આ બંને સ્થળે કાળિયારની વધતી-ઘટતી સંખ્યાની નોંધ રાખવાની વ્યવસ્થા કરવા જેવી છે. રાજસ્થાનમાં 'બિશ્નોય સંપ્રદાય'ના સભ્યોએ ધાર્મિક ભાવનાથી પ્રેરાઇને વૃક્ષોનું ને કાળિયારનું રક્ષણ કર્યું છે એ પ્રકૃત્તિ-સંરક્ષણમાં રસ લેતા વર્તુળોમાં જાણીતું છે. પરંતુ સૌરાષ્ટ્રનાં આ બંને દૃષ્ટાંતો એટલાં જાણીતાં નથી. વન્ય પ્રાણી-સંરક્ષણ અંગે આમ પ્રવર્તતી ખારાપાટ જેવી પરિસ્થિતિમાં મીઠી વીરડી જેવાં આ દૃષ્ટાંતો સ્થાપવા બદલ ખીજડદના આહિર ખેડૂતો અને બોટાદ મહાજનની પાંજરાપોળના સંચાલકો તથા વેળાવદરમાં કાળિયારને રક્ષણ આપવા સાથે એમને નિહાળવાની સગવડ સુલભ કરી આપવા બદલ રાજ્ય સરકારના જંગલખાતાને હાર્દિક ધન્યવાદ ઘટે છે.

(તા. ૧૪ જુલાઇ ૧૯૮૨ના રોજ આકાશવાણીના રાજકોટ કેન્દ્ર પરથી પ્રસારિત થએલો વાર્તાલાપ, આકાશવાણીના સૌજન્યથી)

* સાંભળ્યું છે કે ખીજડદની સીમમાં હમણાંહમણાં કાળિયારની સંખ્યા કંઇક ઘટી છે. કારણમાં અહીંના આહિર ખેડૂતોની નવી પેઢીમાં કદાચ એના બાપદાદા જેટલો પ્રાણીપ્રેમ નથી. વળી, ખેતરના મોલની ખેવના રાખવા પાછળ તેઓ હરણો પ્રત્યે પૂરતું લક્ષ ન આપી શકતા હોય એવું પણ બને. એવું યે જાણવા મળ્યું છે કે કુતિયાણામાં હરણનું માંસ વીસ રૂપિયે કિલો વેચાય છે. કાળિયારનું માંસ સ્વાદિષ્ટ ગણાય છે એટલે માંસાહાર પ્રત્યેની વધતી રુચિ પણ કદાચ આ કાળિયારોને મારવા પ્રેરતી હોય. બીજી બાજુ એ પણ જાણવા મળ્યું છે કે રાજકોટ જિલ્લાના વડાળી ગામે ૨૦-૨૫ કાળિયારના એક ટોળાને ત્યાંના આહિર ખેડૂતોએ રક્ષણ આપ્યું છે ને એમની કાળજી રાખે છે. સુરેન્દ્રનગર જિલ્લાના કદુંડા ગામના ખેડૂતો પણ કાળિયારના એક સમૂહને રક્ષે છે. કહે છે કે આ માટે તેઓ કાળિયાર મારવા ગએલા કેટલાક માણસોની સાથે મારામારીમાં ઊતરીને પણ એમણે કાળિયારને બચાવેલાં. છેલ્લે તાજેતરમાં આવેલા વાવાઝોડા દરમિયાન ઘણાં કાળિયાર માર્યા ગયાના સમાચાર છે. —લેખક

સત્યજિત રાયની એક નવી રહસ્યકથાનો અનુવાદ

સુકન્યા ઝવેરી

કાઠમંડુનો મહાકાંડ

પૂર્વ-અંશ કલકત્તામાં કાઠમંડુથી આવેલા મિ. બાટરા તથા એમના જેવા જ દેખાવનો, પણ ડાબોડી એવો નકલી બાટરા, અને એના લીધે પોતાને થતી પરેશાની અંગેની મિ. બાટરાની મૂંઝવણ; નક્કી કરેલી મુલાકાત થતાં પહેલાં અજાણ્યા મિ. અનિકેન્દ્ર સોમનું ખૂન, તથા ખૂની તરીકે નકલી બાટરા અંગે શંકા ઊભી કરતાં નિર્દેશો વગેરે પાછળના રહસ્યથી પ્રેરાઈને તે અંગે ઊંડી તપાસ કરવા ફેલુદા તથા તેના બે સાથી–'જટાયુ'-લાલમોહનબાબુ અને તપેશ કાઠમંડુ આવી હોટેલ લુમ્બિનીમાં ઊતરે છે. અહીં એને અનિકેન્દ્રના ગાઢ મિત્ર હિમાદ્રિના પિતા હરિનાથબાબુ પાસેથી જાણવા મળે છે કે અજાણતાં કંઈ વાગવાથી સલામતી ખાતર ધનુરનું ઇન્જેક્શન આપવા છતાં હિમાદ્રિનું અવસાન થયું છે. દવામાં જ બનાવટ હશે એમ માની એ અંગે ઊંડી તપાસ કરવા માટે કદાચ અનિકેન્દ્ર સોમ કલકત્તા આવ્યા હશે અને તેને એમ કરતા રોકવા માટે જ એમનું ખૂન થયું હશે એવી ફેલુદાની શંકા દૃઢ થતી જાય છે. હિમાદ્રિને ઇન્જેક્શન આપનાર ડૉ. દિવાકરને દવાની પરીક્ષા કરાવી જોવા ફેલુદા સૂચન કરે છે. દરમિયાન બીજી બાજુ કાઠમંડુના બજારમાં ઘૂમવા નીકળેલા તપેશ તથા જટાયુ અકસ્માત ત્યાં નકલી બાટરાને જુએ છે, અને એનો પીછો કરતાં તે એક તિબેટીની દુકાનમાં ગુમ થઈ જતો જણાય છે. ફેલુદાને તેઓ આની જાણ કરે છે. અને પછી...

લાગે છે કે એક ભારે રહસ્યમય ઘટના સાથે અમે સંકળાઈ ગયા છીએ. જે કંઈ નવું જાણવા મળતું હતું તે પરથી અનીકેન્દ્ર સોમ પ્રત્યે માન વધતું જતું હતું. એમના જેવી પ્રામાણિક અને હિંમતવાન વ્યક્તિનું આમ ખૂન થઈ જાય એ ફેલુદા હરગીઝ બરદાસ્ત ન કરે. જે કુકરીથી અનીકેન્દ્રની હત્યા થએલી અને હત્યારો ડાબોડી હોવાનું લાગતું હતું તે પરથી તો નકલી બાટરા ખૂની હોવાની શંકા દૃઢ થતી જતી હતી. અને કદાચ એ ખૂની ન હોય તો જેણે ખૂન કર્યું હશે તેને પકડ્યા વિના હવે ફેલુદાને જંપ નહિ વળે એ નિશ્ચિત હતું.

કહેવાની જરૂર નથી કે જમતી વેળા ફરી લાલમોહનબાબુએ 'મોમો'નો ઑર્ડર આપ્યો હતો. ફેલુદાએ પહેલાં જ કહી રાખેલું કે જમ્યા પછી બહાર એક ચક્કર લગાવવા જવાનું છે. એનો ઉદ્દેશ શો હતો એ તો હું કલ્પી શક્યો નહિ; પણ દરબાર સ્કવેર તરફ ઊપડ્યા પછી મને કંઈક ખયાલ આવવા લાગ્યો. અને એમ જ થયું. અમે જ્યારે જૂના પૅલેસ સામેની ખુલ્લી જગ્યામાં પહોંચ્યા ત્યારે એણે પૂછ્યું, 'હવે કહો, બપોરે તમે કઈ ગલીમાં ગયા હતા?'

બપોર કરતાં અત્યારે રાતે દરબાર સ્કવેરની રોનક કંઈક ઓર જ લાગતી હતી. બેએક બાજુથી મંદિરના ઘંટારવો સંભળાવા સાથે ક્યાંક હિંદી ફિલ્મનું ગીત પણ ગુંજતું હતું. ઘૂમવા નીકળેલા ટૂરિસ્ટો અને સાઈક્લ-રિક્ષાની ભીડમાં થઇને અમે પેલી ગલીના નાકા પાસે આવી પહોંચ્યા. આસપાસ નજર ફેરવી લઈ ફેલુદાએ કહ્યું, 'લાગે છે કે અગાઉ જે 'મારુ ટૉલ' નામે ઓળખાતી એ જ આ ગલી છે.' પછી વધુ ઉમેરતાં કહે, 'હિપ્પીઓએ આને નવું નામ આપ્યું છે–'પિગ એલી,' એટલે કે 'સૂવર-ગલી'. બપોરે જે બધી દુકાનોમાંથી આવતી પાઈ*ની વાસ લેતા અમે નીકળેલા એ બધી પાઈ શૉપ વટાવી અમે પેલા તિબેટીની દુકાન પાસે પહોંચી ગયા.

અત્યારે રાતે પણ એ દુકાન ચાલુ હતી. એકાદ-બે ગ્રાહકો પણ હતા અને કાઉન્ટર પાછળ પેલી બપોરે જોએલી તે બાઈ પણ, પરંતુ પેલો પુરુષ દેખાતો નહોતો. બહારથી જ ફેલુદાએ દુકાન પર નજર ફેરવી લીધી. એકમાળી મકાનમાં ભોંયતળિયે આવેલી એ દુકાન, પહેલા માળે રસ્તા પર પડતી બે બંધ બારીઓ, લાકડાનાં બારણાંની તિરાડમાંથી અંદર બળતી બત્તીનો બહાર આવતો પ્રકાશ વગેરે બધું ફેલુદાએ એની એક નજરમાં જ નોંધી લીધું હશે તેને મને ખાતરી હતી.

ત્યાં વધુ ન થોભતાં અમે આગળ વધ્યા. બાજુમાં જ એક સાંકડી ગલી હતી અને પછી તુરત એક બે-માળી હોટેલનું મકાન હતું. નામ હતું 'હેવન્સ', પણ વાંચતાં કે સાંભળતાં સ્વર્ગની જે કલ્પના પ્રકટે તેવું તેમાં કંઈ ન જણાયું. ફેલુદા એ હોટેલમાં પેઠા, પાછળ અમે બંને પણ.

'હાઉ મચ ડુ યુ ચાર્જ' ફૉર રૂમ્સ, હીયર?' કાઉન્ટર પર એક દુબળો-પાતળો આદમી બેઠોબેઠો એક નાનકડા પૉકેટ કૅલક્યુલેટર પર પેનસિલની અણીથી ટાપકાં દાબી હિસાબ કરીને એક નોટબુકમાં નોંધતો હતો. નેપાળી હતો કે હિંદી એ કંઈ કળાયું નહિ. ફેલુદાએ એને જ પૂછ્યું હતું.

'સિંગલ ટેન, ડબલ ફિફ્ટીન.' એણે નીચી મૂંડીએ જ જવાબ આપ્યો.

કાઉન્ટરની સામે ખુલ્લી જગ્યામાં એક ખાલી સોફા હતો. તેની ઉપર ભીંતમાં ત્રણ પોસ્ટર લગાડેલાં હતાં. ત્રણેમાં હિમાલયનાં કોઈ ને કોઈ જાણીતા શિખરનું ચિત્ર હતું.

'રૂમ ખાલી છે?' ફેલુદાએ અંગ્રેજીમાં જ પૂછ્યું.

'કેટલા જોઇએ છે?'

'એક સિંગલ, એક ડબલ. પહેલા માળે આ બાજુની ગલી તરફ હોય તો વધુ સારું. જો કે રૂમ રાખતાં પહેલાં એક વાર એ જોઈ લેવાની ઇચ્છા પણ ખરી.'

એ આદમી મિતભાષી લાગ્યો. કંઈ ઉત્તર ન આપતાં એણે બેલ વગાડ્યો. એ સાંભળી એક નેપાળી બેરા અંદરથી બહાર આવ્યો. મૂગે મોંએ જ એના હાથમાં ચાવીનો ઝૂડો આપી પેલા આદમીએ અમારા તરફ ઈશારત કરી એ પોતાના હિસાબમાં પરોવાઈ ગયો.

બેરાની પાછળપાછળ દાદર ચડી અમે પહેલા માળે ગયા. ત્યાં એક પૅસેજમાં થઈ એક તરફનો છેલ્લો રૂમ એણે ખોલ્યો. આ રૂમ પેલી ગલી તરફનો જ હતો. એ રૂમના વર્ણનનો કોઈ અર્થ નથી, કારણ ફેલુદા અહીં રૂમ રાખવા માટે આવ્યા જ નહોતા એ હું અને જટાયુ બંને સમજી ગયા હતા.

આગળ વધી ફેલુદાએ એ રૂમની બારી ખોલી. સામે જ ગલીની સામી બાજુએ આવેલી પેલા તિબેટીની દુકાનના પહેલા માળની બારી દેખાતી હતી. એ ખુલ્લી જ હતી.

લાલમોહનબાબુએ રૂમમાં બધે જોવા માંડ્યું. પલંગ પરની ગાદીઓ દબાવી જોઈ, બાથરૂમની બત્તી પેટાવી તેની અંદર પણ નજર કરી, ટેબલનાં ખાનાં ઉઘાડબંધ કરી જોયાં. મતલબ કે અમે ખરેખર રૂમ રાખવા ઇચ્છીએ છીએ તેવું નાટક એમણે કરવા માંડ્યું, અને એ દરમિયાન પેલી બારીમાંથી ફેલુદાએ ને મેં જે જોવું હતું તે જોઈ લીધું.

સામેની દુકાનના પહેલા માળે, બપોરે અમે જે તિબેટીને જોએલો તે એક ફાનસના અજવાળે બેઠોબેઠો કંઈ કામમાં રત હતો. જો કે બારીમાંથી એના ખભા સુધીનો જ ભાગ દેખાતો હતો, પણ તેની હલચલ પરથી એ કળાતું હતું. એની પાછળ કાર્ડબોર્ડનાં ખોખાંઓનો ઢગલો જોઈ લાગ્યું કે કાં તો એ ખોખાંમાંથી કંઈ કાઢતો હતો યા તેમાં કંઈ ભરતો હતો. ભીંત પર પડતા પડછાયા પરથી લાગ્યું કે ત્યાં બીજો પણ એક માણસ હતો જે આ થઈ રહેલું કામ જોતો બેઠો હતો.

---

* માંસના ટુકડા પર લોટનું પડ ચડાવીને બનાવેલી એક વાનગી.

અચાનક મારું હૃદય ધડકી ઊઠ્યું. પેલા પડછાયાએ ખિસ્સામાંથી સિગારેટનું પૅકેટ કાઢ્યું, એક સિગારેટ પોતાના મોંમાં મૂકી, ખિસ્સાં ફંફોસી લાઇટર કાઢ્યું અને સિગારેટ પેટાવી – ડાબા હાથે.

બીજે દિવસે સવારે બ્રેકફાસ્ટ વેળા ફેલુદાએ અમને કહ્યું, 'તમે બંને આજે થોડાં સ્થળો જોઈ લો. મારે ફરી એક વાર પોલીસ સ્ટેશને જરા કામ અંગે જવું છે. 'સન ટ્રાન્સપોર્ટ'માંથી વાહનની વ્યવસ્થા થઈ શકશે. સ્વયંભૂ, પશુપતિનાથ અને પાટણ, એટલું જોઈ લો. એક દિવસ માટે આટલું પૂરતું છે.'

નાસ્તો કરી બહાર નીકળ્યા ત્યાં સામે જ મિ. બાટરા મળ્યા. ટેલિપથી! હસતે ચહેરે એણે અમને ત્રણેને ગુડ મૉર્નિંગ કહી હાથ તો મિલાવ્યા, પણ પછી તુરત ગંભીર બની જઈ ફેલુદાને કહ્યું, 'ધિ મૅન ઈઝ હીયર, મિ. મિટરા. કાલે સાંજે ન્યૂ રોડની એક જ્વેલરી શૉપમાંથી એને બહાર નીકળતો અમારી ઑફિસના એક છોકરાએ જોયો હતો.'

'અચ્છા! કદાચ એ છોકરાને એમ લાગ્યું હશે કે તમે અચાનક પોખરાથી વહેલા પાછા આવી ગયા કે શું.'

'ના', બાટરાએ જરા મરકતાં કહ્યું, 'એક મોટો તફાવત છે. એ માણસ ભડક રંગનાં કપડાં પહેરે છે. કાલે યે એણે ભભકદાર પિંક કલરનું પુલઑવર અને લીલું શર્ટ પહેરેલું. મને ઓળખે છે તે સૌ જાણે છે કે હું એવા ભડકામણા કલરનાં કપડાં નથી પહેરતો. એટલે એને જોઇને કોઈ એમ ન માને કે હું છું. ખેર, મને ખબર પડી કે એ અહીં આવ્યો છે, એટલે આ અંગે હું પોલીસમાં જાણ કરી આવ્યો છું. એક સબ ઇન્સ્પેક્ટરને હું સારી રીતે ઓળખું છું.'

'એણે શું કહ્યું?'

'એણે જે કહ્યું એ જાણીને મને ઘણી નિરાંત થઈ. એણે કહ્યું કે પોલીસ એના વિષે જાણે છે. એમને શક છે કે એ માણસ કોઈ સ્મગલિંગ રૅકેટ સાથે સંકળાએલો છે, પણ કોઈ પાવરફુલ પૈસાદાર માણસનું પીઠબળ હોઈ પોલીસ આને સકંજામાં લઈ શકતી નથી. વળી, આ માણસ પણ બડો ચાલાક છે. જ્યાં સુધી એ કોઈ ખોટી ચાલ ન ચાલે ત્યાં સુધી પોલીસે રાહ જોવા સિવાય છૂટકો નથી.'

'પણ તમારી પોતાની મુસિબતની વાત ન કરી? એ માણસે તમારા નામે કુકરી ખરીદી હતી એ યાદ છે ને?'

'તમે કહેલા એ મુદ્દાનો વિચાર કરીને મેં સબ-ઇન્સ્પેક્ટરને પૂછ્યું હતું કે કદાચ આ માણસ કોઈ મોટો ગુનો કરીને તેનો આરોપ મારા પર આવે એવું કરે તો? પણ એ સાંભળી સબઇન્સ્પેક્ટર હસી પડ્યો. મને કહે, મિસ્ટર બાટરા, ડૉન્ટ થિંક ધ નેપાલ પોલીસ આર સો સ્ટુપિડ.'

'સારું તો પછી હમણાં તો તમને થોડી નિરાંત રહેશે.'

'મચ રીલિવ્ડ, મિ. મિટરા. હું પણ તમને એ જ કહું છું કે તમે પણ હવે જરા રીલેક્સ્ડ થઈ શકશો. પહેલી વાર કાઠમંડુ આવો અને આમ એક ક્રિમિનલ પાછળ દોડાદોડ કરવી એ યે કેવું? તમે એકાદ દિવસ ફ્રી રાખજો, અમારી કંપનીએ રાપ્તિ વેલીમાં એક નવો ફૉરેસ્ટ બંગલો બાંધ્યો છે. ઈટ્સ એ રીઅલી વંડરફુલ સ્પૉટ ઈન ધ તેરાઇઝ. તમે સાંજના કહેશો તો બીજે દિવસે સવારે તમારા માટે ટ્રાન્સપોર્ટની ઍરેન્જમેન્ટ કરી આપીશ, અને જો હું ફ્રી હોઇશ તો તમારી જોડે જ આવીશ. આ આઇડિયા કેવો લાગે છે?'

તેરાઈનું નામ સાંભળી મારું મન નાચી ઊઠ્યું. લાલમોહનબાબુની આંખો પણ ચમકી ઊઠી. ફેલુદાએ ભલે નિશ્ચિત હા ન પાડી, પણ એણે મિ. બાટરાનો એ ખયાલ ઉડાડી યે ન દીધો એ સારું થયું.

'તમે શુકર-સરણાના બચાવની વાત કેમ ના કરી?' મિ. બાટરાના ગયા પછી જટાયુએ પૂછ્યું.

'કારણ કે તપાસ અંગેની બધી જ વાત બધાની પાસે છટ દઈને કરવાની જે ટેવ તમારી ડિટેક્ટિવ વાર્તાઓના નાયક પ્રખર રુદ્રને છે તે પ્રદોષ મિત્તરને નથી.' ફેલુદાએ કહ્યું, અને પછી ઉમેર્યું, 'અને ખાસ કરીને જે માણસની જોડે બધું મળીને માત્ર અઢી કલાકની જ ઓળખાણ હોય તેની પાસે તો નહિ જ.'

'સમજ્યો. નવું શીખવા મળ્યું.'

સવારે એક બીજી ઘટના પણ બની. જે બંગાળી સજ્જન જોડે અહીં આવતાં જ ઓળખાણ થએલી તેમનું નામ જાણવા મળ્યું. એ હતા વિપુલ ભૌમિક. મિ. બાટરાના ગયા પછી અમે ઉપર જતા હતા ત્યાં એ સામા મળ્યા. એમના હાથમાં એક બાટલી હતી. ફેલુદાની સામે એ ધરી એમણે સીધો જ પ્રશ્ન પૂછ્યો, 'આમાં શું છે એ જાણો છો?' હું પણ જાણી ગયો એ શાની બાટલી હતી તે. એની અંદરની લાલ રંગની દવાથી હું પરિચિત છું. ખાંસીની એ દવા અમારા ઘરમાં પણ અમે રાખીએ છીએ – બેનાડ્રિલ એક્સ્પેક્ટોરન્ટ.

'ઓળખી તો શકું છું', ફેલુદા બોલ્યા, 'પણ તેનો રંગ...'

'તમને રંગમાં ફર્ક લાગ્યો એ તમારી ખાસ વિશેષ શક્તિને લીધે. મને એની વાસમાં ફેર લાગ્યો.' અને સજ્જને ઢાંકણુ ખોલી એ બાટલી ફેલુદાના નાક સામે ધરી.

'તમારી ઘ્રાણેન્દ્રિય ખૂબ જ સતેજ કહેવાય!' ખાસ્સી તારીફ કરતાં ફેલુદાએ કહ્યું. 'ફેર છે, પણ ખૂબ જ સૂક્ષ્મ.'

'કંઈ નહિ તો એકાદ ઇન્દ્રિય તો શક્તિશાળી હોવી જોઇએ.' વિપુલબાબુ બોલ્યા, 'તમે થોડી વાર પહેલાં ચારમિનાર પીધી હતી ને? મેં તમને જોયા નથી. પણ વાસ પરથી કહું છું. બરાબર છે ને?'

'તદ્દન સાચું', પણ તમે બાટલી લઇને ક્યાં ચાલ્યા?'

'પાછી આપવા અને પૈસા પાછા લેવા. છોડવાનો નથી. એ દવાવાળો શું બધાંને બુદ્ધુ સમજે છે?'

'કઈ દુકાનેથી ખરીદી હતી?'

'આઇડિયલ મેડિકલ સ્ટોર્સ', ઇન્દ્ર ચોકમાંથી. તે દિવસે મેં નહોતું કહ્યું કે દવામાં આજકાલ ખૂબ ભેળસેળ ચાલે છે. અરે, મિલ્ક પાવડરમાં યે ચૉક ભેળવે છે. બાળકોને યે જીવવા નહિ દે આ લોકો!'

મિ. બાટરાને કહી રાખેલું એટલે સાડા નવ વાગ્યે એક જાપાની ટાઓટા હાજર થઈ ગઈ હતી. અમે નીકળ્યા ત્યારે ફેલુદા ટેલિફોન ડિરેક્ટરી લઇને બેઠા હતા. કહે, 'આ લત્તાની દવાની દુકાનોનાં નામ નોંધી લઉં છું.'

એક જ શહેરમાં સ્વયંભૂનાથ જેવો બૌદ્ધ સ્તૂપ અને પશુપતિનાથ જેવું હિંદુ મંદિર તો કેવળ કાઠમંડુમાં જ જોયાં. પશુપતિનાથમાં મને એકલો મૂકી લાલમોહનબાબુ મંદિરમાં જઈ પૂજા-અર્ચના કરી કપાળે તિલક લગાડી આવ્યા. મંદિરની બાંધણી કાષ્ઠની, બારણાંઓ ચાંદી મઢેલાં ને શિખર સોને મઢેલું. દરવાજામાં દાખલ થતાં જ સામે પથ્થરની બેઠક પર સોને મઢેલા વિશાળ નંદિની મૂર્તિ પર નજર પડે. ચોકમાં જરા આગળ જઇ નજર કરીએ તો નીચે વહેતી બાગમતી નદી દેખાય. ત્યાં સ્મશાન પણ છે, અને સામે કાંઠે છે પહાડ.

સ્વયંભૂ જાઓ તો ગાડી વાંકાચૂંકા પહાડી માર્ગે ઉપર ચડી એક ઊંચા સ્થાન પર પહોંચાડે. એ પછીનો રસ્તો પગે ચાલી પગથિયાં ચડીને કાપવાનો. ગાડીમાંથી ઊતરીને જોયું તો પગથિયાં સુધીના રસ્તાની બંને બાજુએ તિબેટી વસ્તુઓ વેચનારાઓની હાર લાગી ગઈ હતી. લાલમોહનબાબુને એકાએક એક જપયંત્ર ખરીદવાની ઇચ્છા થઈ. આ જપયંત્ર એટલે લાકડાની દાંડી પર ગોળગોળ ફરી શકે તેવું એક ડાબડા જેવું ભેરવેલું હોય, તે ડાબડા પર એક સાંકળી જડી હોય ને એ સાંકળીના લટકતા છેડે એક દડાકાર જડેલો હોય. હાથમાં દાંડી

ઔષધીય વનસ્પતિ-૪

પવનકુમાર જૈન

કુવાડિયો

ચોમાસામાં આડે વગડે ઊગી નીકળતા કુવાડિયા કે પુવાડિયા નામે ઓળખાતી આ વનસ્પતિ મરાઠીમાં ટાકળા, તરવડા; હિન્દીમાં ચકુન્દા, ચક્રવડ, પનવાર, પમાડ઼ુ તથા સંસ્કૃતમાં ચક્રમર્દ અને દદ્રુધ્ન નામે ઓળખાય છે. અંગ્રેજીમાં Foetid Cassia તેમજ Ringworm destroyer તરીકે જાણીતી છે. Cassia tora (Linn) એ તેનું શાસ્ત્રીય નામ.

મોટે ભાગે જ્યારે ઊગી નીકળે ત્યારે ઝુંડમાં જોવા મળે છે. અર્ધાથી દોઢેક મીટર સુધી ઊંચા થતા તેના છોડ જૂથમાં હોય તો ઓછી ડાળીઓ સાથે સીધા ઊગે. પણ એકલદોકલ છોડની ડાળીઓ પડખાંમાં આજુબાજુ ફેલાયેલી જોવા મળે ખરી.

કુવાડિયાનાં પાનમાં અઢીથી પાંચેક સે. મી. લાંબી અને બે-ત્રણ સે. મી. પહોળી છ પત્તીઓની ત્રણ જોડ હોય છે. આમાં નીચેની જોડ સૌથી નાના અને ઉપરની સૌથી મોટા કદની હોય છે. આ પાન ચોળવાથી ચીકણાં લાગે છે. એનો સ્વાદ જરા ગળચટો ને ચરપરો હોય છે.

કુવાડિયાનાં ફૂલ પીળા રંગનાં અને પાતળી, કુમાશવાળી, એકબીજીથી નાની મોટી તથા બહારના છેડે ગોળાઈ લેતી પહોળી પાંચ પાંખડીવાળાં હોય છે. આમાંની સૌથી મોટી પાંખડી બહુ પહોળી અને વચમાં ખાંચવાળીહોય છે. ઑગસ્ટથીડિસેમ્બરમાં આ ફૂલજોવા મળે છે.

ફૂલ ખરી ગયા પછી તેના સ્થાને ૧૫ થી ૨૩ સે. મી. લાંબી બે બાજુથી જરા દબાએલી એવી શીંગો આવે છે, જે પાકતાં ભૂખરા રંગની થઈ જાય છે. આ શીંગોમાં ૨૦ થી ૩૦ જેટલાં નાનાં બીજ હોય છે.


ચિકિત્સા પ્રયોગ : કુવાડિયાનાં સંસ્કૃત નામ દદ્રુઘ્ન અને ચક્રમર્દ પ્રમાણે આ વનસ્પતિ દાદર-ખરજવું મટાડવામાં ઉપયોગી છે. કુવાડિયાનાં બીજને મૂળાનાં પાનના રસમાં અથવા કણજીના તેલમાં યા છાશમાં લસોટીને સવારે નાહ્યા પછી અને રાતે સૂતાં પહેલાં દાદર-(ringworm)વાળા ભાગ ઉપર લેપ કરવો. ખરજવા (eczema) ઉપર પણ આ લેપ લગાડી શકાય. કુવાડિયાનાં મૂળને પાણીમાં લસોટીને પણ ખરજવા ઉપર લગાડી શકાય.

ચામડી ઉપર ભીલામો લાગવાથી ચકામાં કે ફોલ્લા થયા હોય તો કુવાડિયાનાં પાનનો રસ ચોપડવો.

આધાશીશી (અર્ધાવભેદક-migraine)માં કુવાડિયાનાં બીજ પાણીમાં લસોટીને માથાના દુખતા ભાગ પર લેપ કરવો.

શીળસ (શીત પિત્ત)માં કુવાડિયાનાં મૂળનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, ૨૦ ગ્રામ ચોખ્ખા ઘીમાં ૫ ગ્રામ ચૂર્ણ મેળવીને સવારસાંજ લેવાથી ફાયદો થાય છે. આ પ્રયોગ ૧૪ થી ૨૧ દિવસ સુધી કરવો.

કુવાડિયાનાં પાન, ફૂલ અને શીંગ



વિશેષ : કુવાડિયાનો ઉપયોગ કૉફીમાં ભેગ કરવામાં પણ થાય છે. એથી કૉફીની કડવાશ તથા તેનો રંગ વધે છે. દાંત આવતા હોવાને કારણે નાનાં બાળકોને તાવ આવે ત્યારે કુવાડિયાનાં પાનની ચા બનાવી એક રૂપિયાભાર જેટલી પાવાથી તાવ ઊતરી જવાનું મનાય છે. કુવાડિયાનાં ફૂલ અને શીંગો દાદર-ખરજવા ઉપરાંત કોઢ-કરોળિયા જેવા ચામડીના બીજા રોગો ઉપર પણ વાટીને ચોપડવામાં આવે છે. □

પકડીને ફેરવો એટલે તેના પર જડેલો દાબડો ગોળગોળ ફરે. પેલી દડાકાર જડેલી સાંકળી યે ફરે અને દાબડાને ફરવામાં સહાયક બને. દાંડી પર ફરતા ઘૂઘરા જેવું લાગે.

'લખતાંલખતાં ક્યારેક આઇડિયાના અભાવે અટકી જઉં ત્યારે ઘણી વાર મનમાં થાય કે નવરા પડતા હાથ વડે કંઈક રમકડા જેવું ફેરવું તો કદાચ ભેજું ખૂલી જાય. આ જપયંત્ર જોતાં લાગ્યું કે ઈટ ઈઝ આઇડીઅલ ફૉર ધૅટ.' લાલમોહનબાબુ જપયંત્ર ખરીદવાની પોતાની ઇચ્છાનું કારણ દર્શાવતાં બોલ્યા.

આ જપયંત્રો ચાર જાતનાં-લાકડાનાં, તાંબાનાં, ચાંદીનાં અને હાથીદાંતનાં મળે છે, લાકડાનું જપયંત્ર પણ ચાલે, પરંતુ ટૂરિસ્ટોના કારણે અહીં બધી વસ્તુઓના ભાવ બહુ ઊંચા હોય છે. લાકડાના જપયંત્રના યે સાઠ-સિત્તેર રૂપિયા જેવો ભાવ સાંભળી શ્રીમાન જટાયુએ પોતાની ઇચ્છા પર કાબૂ મૂકવો પડ્યો.

પહાડના શિખર ઉપર બેએક હજાર વર્ષ પૂર્વે રચાએલા આ બૌદ્ધ સ્તૂપ સ્વયંભૂનાથમાં સૌથી વધુ યાદ રહી જાય એ છે સ્તૂપના શિખર નીચેના ચોરસની ચારે તરફની દીવાલ ઉપર કંડારેલી આંખો. આદિકાળથી જાણે કાઠમંડુની સમસ્ત ઉપત્યકા પર એ સજગ દૃષ્ટિ રાખી રહી છે. ક્યાં શું થઈ રહ્યુ છે એ બધું જાણે છે, પણ એ અંગે કેવળ

મૌન દાખવી રહી છે.

જે ચોકમાં આ સ્તૂપ છે ત્યાં જાતજાતની ચીજવસ્તુઓની ભીડ જ નહિ, માણસો અને વાંદરાંઓ પણ એટલાં જ હતાં. એ ભીડમાં લાલમોહનબાબુને એકાએક પડખામાં ગોદો વાગ્યો. એમને લાગ્યું કે વાંદરું હશે, પણ મને ખબર હતી ત્યાં વાંદરું નહોતું. એ પછી ખરી ઘટના તો પાટણમાં ઘટી.

પાટણ બાગમતી નદીને સામે કાંઠે વસેલું છે. કાઠમંડુથી ત્રણ-ચાર માઇલ દૂર વસેલા આ નગરનું પ્રાચીન નામ લલિતપુર. એક વિરાટ દરવાજો વટાવી અમે તેમાં દાખલ થયા. એક દુકાન પાસે ગાડી રોકી અમેરિકન કોકાકોલા પીને તરસ છીપાવી અને પછી ત્યાંના દરબાર સ્ક્વેરમાં પહોંચ્યા.

ફેલુદાએ આ વેળા એક સૂચના આપી રાખી છે કે અમારા કાઠમંડુના ઍડવેન્ચર વિષે લખું ત્યારે ફેલુ મિત્તરની રહસ્યકથા નેપાલની ટૂરિસ્ટ ગાઇડ ન બની જાય તેનો મારે ખયાલ રાખવો. એટલે માત્ર એટલું જ જણાવું કે દોઢેક હજાર વર્ષ પહેલાં લિચ્છવી રાજા વરદેવે વસાવેલા આ લલિતપુર અથવા હાલના આ પાટણનું એક મંદિર, સ્તૂપ, પ્રાસાદ, સ્વર્ણ સ્તંભની ટોચ પર બેસારેલી રાજાની પ્રતિમા ને અહીંનું લાકડાનું કોતરકામ – આ બધાં જ જાણે મને જુઓ મને જુઓ કહી આપણું લક્ષ પોતાના પ્રતિ દોરી રહ્યાં છે. આવી દિઙ્મૂઢ અવસ્થામાં મુકાઈ જઈ લાલમોહનબાબુએ અવિશ્વાસ્ય, અભાવનીય, અતુલનીય, અનુકરણીય, અવિસ્મરણીય વગેરે વગેરે લગભગ છવ્વીસ જાતનાં વિશેષણો વાપર્યાં હતાં–લગભગ ત્રણ મિનિટે એકના દરે. અને હજી યે બીજી પંદરેક મિનિટ સુધી એ જ રીતે બોલ્યા કરત, જો એ ખાસ ઘટના ન બની હોત તો.

દરબાર સ્ક્વેર વટાવી જમણી બાજુ અમે એક બજારમાં દાખલ થયા. એનું નામ મંગલબજાર એ અમે પાછળથી જાણેલું. અહીં ચોપાસ અનેક નાનીનાની દુકાનોમાં નેપાળ અને તિબેટની સંખ્યાબંધ અવનવી ચીજો વેચાય છે. કાઠમંડુનાં બજારો કરતાં ભીડ પણ ઓછી અને ભાવ પણ ઓછા એટલે જોવાની સગવડ વધુ.

અમે આ બધું જોતા આગળ વધતા હતા. લાલમોહનબાબુની નજર જપયંત્રો પર જ ફરતી હતી. ફેલુદાએ કહેલું કે પાટણની લાકડાની વસ્તુઓ દુનિયાભરમાં વિખ્યાત તેથી સ્વયંભૂ કરતાં અહીં ઓછા ભાવ હોવા છતાં તેઓ 'હાઈક્લાસ કોતરણી નથી' કહીકહીને અનેક જપયંત્રો હાથમાં લઈ નાપાસ કરતા જતા હતા. એકાએક નજર પડતાં જોયું કે બજારના દૂર એકાંત ભાગમાં એક ખાસ્સા જૂના મકાનની નીચેની દુકાન સામે ઊભેલા ટેમ્પોમાં જથ્થાબંધ માલ ભરાતો હતો. પાસે જઈ જોયું તો એ જ, લાલમોહનબાબુ ક્યારના જેને માટે ભમતા હતા એ જપયંત્રો ખોખામાં ભરાઇને જતાં હતાં, કદાચ કાઠમંડુના બજાર માટે.

'જોયું તપેશ! અહીં જ આ વસ્તુ તૈયાર થતી હશે. લાગે છે કે અહીં જ એની ફૅક્ટરી હશે અને આ બધો તાજો જ માલ લાગે છે.' લાલમોહનબાબુ બોલી ઊઠ્યા.

શક્ય હતું. ફેલુદાએ કહેલું કે પાટણમાં ઘણા કારીગરો જૂના જમાનાની નવી વસ્તુઓ બનાવે છે.

'કદાચ વાજબી ભાવે મળી જાય. પૂછીશું?'

'હા, પૂછી જુઓને.'

પણ અમારી આશા વ્યર્થ નીવડી. દુકાનદારે જણાવ્યું કે એ બધો માલ ઑર્ડરનો હતો, અને છૂટક વેચાણ માટેનો સ્ટૉક ખલાસ થઇ ગયો હતો.

'જવા દો ત્યારે.' લાલમોહનબાબુ હતાશ થતાં બોલ્યા. 'નસીબ જ...' પણ એમનું વાક્ય અધૂરું જ અટકી ગયું. અમે બંનેએ પાસેની ગલીમાં એકાએક એ જોયું, એ જ પીળી ટોપી, એ જ લાલ કુરતુ, એ જ એક મોટી ને એક ઝીણી આંખ. એ જ પેલો, સૂવરઅલીની તિબેટી દુકાનમાં બાંકડા પર બેઠોબેઠો ઝોકાં ખાતો હતો એ તિબેટી. પેલી ગલીમાંના એક મકાનમાંથી નીકળી અમે જે મકાન સામે ઊભા હતા તેની બાજુની જ એક સાંકડી ગલીમાં એ વળી ગયો. કદાચ એ આ જ મકાનમાં યે આવ્યો હોય. એની ખાતરી કરવા થોડાં ડગલાં આગળ જઈ અમારે એ ગલીમાં જ નજર નાખવી પડે. અમને બંનેને એક સાથે એને ફૉલો કરવાનું મન થઈ ગયું. જોઇએ તો ખરા એ ક્યાં ગયો. એકાએક અમારામાં પ્રકટેલા આ ડિટેક્ટિવપણાના ભાવને શક્ય તેટલો છુપાવી અમે બંને એ ગલીમાં પેઠા. પેલો તિબેટી તો ત્યાં ન દેખાયો, પણ વીસેક ડગલાં આગળ જતાં ડાબી તરફ એક બંધ દરવાજો દેખાયો. એનાં બારણાં અને બારસાખ પર અદ્ભુત કોતરણી કરેલી હતી. પેલા મકાનની જ આ બાજુની ભીંત હતી અને આ એનો જ દરવાજો. અહીં જ પેલો તિબેટી ગયો હોવો જોઇએ. અમે બીજાં દસેક ડગલાં આગળ ગયા. ત્યાં એ મકાનની ભીંત પૂરી થઈ ગઈ. ત્યાં ફરી એક બહુ સાંકડી ગલી પડતી હતી. એ તરફથી કોઈ વાદ્યના સૂર આવી રહ્યા હતા. અમે એ ગલી તરફ વળ્યા. થોડે દૂર એક તરફ એક ભિખારી બેઠોબેઠો સારિન્દા વગાડી રહ્યો હતો. એ માણસ નેપાળી હતો, કારણ સારિન્દા નેપાળનું વાજિંત્ર છે, તિબેટનું નહિ. શક્ય તેટલો ટૂરિસ્ટનો ભાવ ચહેરા પર રાખીને અમે એ ગલીમાં આગળ વધ્યા. અહીં પણ એક દરવાજો હતો. પેલા મકાનનો એ પાછલો દરવાજો હતો એ સમજાઈ ગયું. આ દરવાજા પર ખાસ કંઈ કોતરણી નહોતી અને એનું કદ પણ નાનું હતું અને એનું બારણું પણ ખુલ્લું હતું.

અમે ચારે બાજુ નજર ફેરવી. આસપાસમાં કોઈ નહોતું. પેલો ભિખારી તો પોતાની ગત વગાડવામાં તલ્લીન હતો. અમારા વિષે કોઈ કુતૂહલ નહોતું. એની સામે એક પતરાના ડબલામાં લાલમોહનબાબુએ થોડા પૈસા નાખ્યા. પછી ધીમેથી મને પૂછ્યું, 'અંદર જઇશું?' મેં હા પાડી એટલે ફરી પૂછ્યું, 'પણ કોઇ પૂછે તો શું કહીશું?'

'કહીશું કે ટૂરિસ્ટ છીએ. અંદર શું છે તે જોવા આવ્યા છીએ.'

પછી પેલા ભિખારી તરફ એક ત્રાંસી નજર નાખી અને ગલીમાં બીજું કોઇ જ નથી તેની ખાતરી કરી લઈ અમે બંને પેલા દરવાજેથી અંદર ઘૂસી ગયા.

પૅસેજ વટાવી આગળ જતાં જમણી તરફ નાનકડી ઓસરી જોઈ. અહીં ક્યાંક એકાદ ઓરડો હશે તેમ લાગ્યું કારણ એ તરફથી અવાજ આવતો હતો. ના અવાજ જ નહિ, કોઈ યંત્રનો અવાજ હતો એ. જુદાજુદા અવાજોની એક તાલબદ્ધ લય હતી તેમાં. શ્વાસ રોકી દબાતે પગલે અમે આગળ વધ્યા. ડાબી તરફ એક બારણું જોયું. તેની પાછળના ઓરડામાં અંધારું હતું. સામી બાજુથી કોઇ આવતું હોય તેમ લાગ્યું. અચાનક ખયાલ આવ્યો કે બહાર વાગતા સારિન્દાના સૂર હવે કોઇ બીજી જ ગતમાં બજવા લાગ્યા હતા. મને લાગ્યું કે હવે જે કોઇ આ તરફ આવશે એ અમને અચૂક જોઈ જશે. અને એ જો કંઇ સવાલ કરે તો તેના ઉત્તર માટે અમારા ગળામાંથી અવાજ નીકળવાનો નથી એ યે હું જાણતો હતો. વધુ કંઇ ન વિચારતાં લાલમોહનબાબુને ખેંચી લઇ પેલા અંધારા ઓરડામાં પેસી ગયો. અંદર જે કંઇ થોડો ઉજાશ પડતો હતો તેમાં ત્યાં એક ખાટલો, એક વાસણ અને દોરી પર લટકતાં બેત્રણ કપડાં નજરે પડ્યાં. પેલી આવનાર વ્યક્તિનાં પગલાં પૅસેજમાં થઇને પાછલા બારણેથી બહાર જતાં સંભળાયાં. સારિન્દા બજતું બંધ થઇ ગયું ને કંઇ વાત થતી લાગી.

અમારી જમણી બાજુ એક બીજા અંધારા ખંડનું બારણું દેખાયું.

અમે બંને એમાં પેસી ગયા. આછા અંધારામાં આંખો ટેવાતાં અમે જોયું કે ત્યાં કાર્ડબોર્ડ અને લાકડાનાં સંખ્યાબંધ ખોખાં પડ્યાં હતાં. ધાતુની કેટલીક વસ્તુઓ, થોડી મૂર્તિઓ ઉપરાંત લાકડાનાં વીસ-પચીસ કાપેલાં ઢીમચાં પણ હતાં. એના પર હાથ ફેરવતાં લાગ્યું કે બીબાં જેવું એ કંઈ હતું. એક ખૂણામાં લાલમોહનબાબુની મનપસંદ ચીજ—લાકડાનાં ત્રણ જપયંત્રો પણ હતાં. અમે બારણાંની પાછળ સંતાઈને ઊભા. હવે બરાબર સમજાયું હતું કે આ ઓરડાની બહાર વરંડા, અને એ વટીએ એટલે આંગણું તથા તેની પેલી બાજુએ જે ખંડ લાગતો હતો ત્યાંથી જ પેલો તાલબદ્ધ અવાજ આવતો હતો. જો કે અત્યારે તે બંધ હતો. પણ બીજો અવાજ સંભળાયો. પેલો બહાર ગએલો માણસ પાછો ફરતો હતો. પાછો ફર્યો હતો એટલું જ નહિ, કદાચ એ હવે અમને શોધતો પણ હતો.

પૅસેજમાં થઈને આગળ વધ્યા બાદ અમને ન જોતાં એ પાછો વળ્યો. અમે જ્યાં સંતાયા હતા તેની એક ભીંતમાં આંગણા તરફ ત્રણ બારણાં હતાં. તેમાંથી આવતો ઉજાશ ત્રણ વખત અવરોધાયો. છેવટ અમારી પાસેના બારણામાં એક આછી છાયા ઉંબરો વટાવી અંદર દાખલ થઈ.

અમારો શ્વાસ થંભી ગયો. શરીરની બધી શક્તિ એકઠી કરી અમે તૈયાર થવા લાગ્યા. જે કરવાનું હતું તે મારે જ કરવાનું હતું.

એ બેએક ડગલાં આગળ વધ્યો ત્યાં જ અમારા પર એની નજર પડતાં એ હેબતાઈ ગયો. એની એ હેબક ભાંગે એ પહેલાં જ હું એના પર કૂદી પડ્યો. મારો ખયાલ તેના બંને હાથ સાથે તેને કમરેથી પકડી લઈને એને દીવાલ સરસો કરી દેવાનો હતો. પણ એ આદમી કદાવર હતો. એક જોરદાર ઝાપટ મારી એણે મારા બંને હાથની ભીંસ છોડાવી લઈ મારા બંને બાજુના કૉલર પકડીને મને અધ્ધર ઊંચક્યો. મને ઊંચકીને પછાડવાનો તેનો વિચાર હશે, પણ અમારા બંને વચ્ચે લાલમોહનબાબુએ દોડી આવી પેલાની પકડ છોડાવવા પ્રયાસ કર્યો, પણ એ કંઈ કરી શક્યા નહિ. પેલા માણસે કોણીથી જ એક એવો ધક્કો માર્યો કે લાલમોહનબાબુ પેલા ખોખાંના ઢગલા પર ફેંકાઈ પડ્યા.

મેં મારી બંને હથેળી પેલાની ચિબુક નીચે ભેરવીને તેના માથાને ઊંચું કરી દીધું, પણ તે છતાં એની પકડ ઢીલી પડી નહોતી અને હજી હું જમીનથી અધ્ધર જ હતો.

એકાએક ધડામ અવાજ સંભળાયો. પેલાની હાથની પકડ ઢીલી પડી ગઈ ને હું નીચે પડ્યો. હું જ નહિ, એ માણસ પણ લથડિયું ખાઈ ભોંય પર પટકાઈ પડ્યો અને કદાચ બેભાન પણ થઈ ગયો. કારણ એના માથા પર જોરદાર ફટકો પડ્યો હતો—જપયંત્રનો ફટકો.

પળની યે રાહ જોયા વિના અમે ત્યાંથી બહાર નીકળી પેલી પાછલી ગલીમાં આવી ગયા. લાલમોહનબાબુના હાથમાં હજી યે પેલું જપયંત્ર પકડેલું હતું. ધીરેથી એમણે એ પોતાની થેલીમાં મૂકી દીધું.

કલકત્તામાં ઘરમાં બેસીને ફેલુદાએ અને મેં ઘણી વાર અમારાં જૂનાં સાહસો અંગે આલોચનાઓ કરી છે. ખાસ કરીને એ સાહસોની જેમાં શયતાની બુદ્ધિએ ફેલુદાને પણ ક્યારેકક્યારેક મુસિબતમાં ફસાવી દીધા હોય. લખનૌના વનવિહારી સરકાર,* કૈલાસનો મૂર્તિચોર, સોનાના કિલ્લાના બર્મન અને મંદાર બોસ, મુંબઈનો મિસ્ટર ગોરે,+ કાશીનો મગનલાલ મેઘરાજ,×—આ બધા આજે ક્યાં હશે? શું કરતા હશે? સુધરી ગયા હશે કે હજી યે બદમાશી કરવાની તક શોધતા હશે? કે પછી ફરી પોતાની શયતાનિયતનો નવો દાવ અજમાવી રહ્યા હશે?

* જુઓ 'બાદશાહી અંગૂઠી', કુમાર અંક ૬૬૯ થી ૬૭૪

+ 'જેટ બહાદુર', કુમાર અંક ૬૭૮ થી ૬૮૨

× 'ગણેશમૂર્તિની ચોરી', કુમાર અંક ૬૨૯ થી ૬૩૩

અત્યાર સુધી તો આ માત્ર સવાલો જ હતા. પણ કાઠમંડુમાં આમાંના એકનો ફરી ભેટો થશે એવો તો સ્વપ્નેય ખયાલ નહોતો.

પાટણથી પાછા ફરી ઈંદિરા રેસ્ટોરાંમાં લંચ લઈ (એમના મેનુમાં 'મોમો' નહોતું.) લગભગ ત્રણેક વાગ્યે અમે હોટેલમાં પહોંચ્યા ત્યારે જોયું કે ફેલુદા પલંગમાં આડા પડી તાજું જ ખરીદેલું એક પુસ્તક વાંચતા હતા. નામ હતું 'બ્લૅક-મારકેટ મેડિસન.' અમારા પર નજર પડતાં જ એનાં ભવાં ઊંચકાયાં, 'શું થયું? કંઈક ધમાલ કરીને આવ્યા હો એવું લાગે છે. શું પરાક્રમ કર્યું છે?'

અમે બંને જણે પાટણની ઘટનાની વિગતવાર વાત કરી, મને ખબર હતી કે ફેલુદા વચ્ચેવચ્ચે અનેક સવાલો કરશે જ, અને હું એ પણ સમજી ગયો હતો કે આજનું અમારું પરાક્રમ સાધારણ નહોતું. ફેલુદાને માટે એનું કેટલું મહત્ત્વ હતું એ તો હું ન કહી શકું, પણ પ્રશંસનીય એટલી શોભનમંડિત એ પ્રાચીન ઇમારત પોતાની અંદર કોઈ અગમ્ય રહસ્ય સંઘરી રહી છે એટલું તો હું સમજી ગયો હતો.

'શાબાસ!' અમારી વાત પૂરી થતાં ફેલુદાએ અમારી બંનેની પીઠ થાબડતાં કહ્યું, 'ડિટેક્ટિવગીરીમાં જો વીરચક્ર અપાતો હોત તો હું તમારા બંનેનાં નામની ભલામણ કરત. પણ જેના વડે તમે આ જંગ જીતી આવ્યા એ તો મને બતાવો!'

મરકતા ચહેરે લાલમોહનબાબુએ થેલીમાંથી જપયંત્ર બહાર કાઢ્યું.

'એમાં મંત્ર ભર્યો છે કે નહિ એ જોયું કે?'

'શું?' લાલમોહનબાબુ નવાઈ પામતા બોલી ઊઠ્યા.

'ૐ મણિ પદ્મે હુમ!' ફેલુદાએ મંત્રોચ્ચાર કર્યો. લાલમોહનબાબુ કંઈ સમજ્યા લાગ્યા નહિ એટલે ફરી શબ્દો છૂટા પાડીને કહ્યું, 'ૐ-મણિ-પદ્મે-હુમ!' તિબેટનો એ મહામંત્ર છે. આ મંત્ર એક હજાર વાર લખીને કે છાપીને તેનો કાગળ દરેક જપયંત્રમાં ભરવામાં આવે છે એવું કહેવાય છે.'

'ભરે! એટલે શામાં ભરે?'

'આ જપયંત્રમાં જે દાબડો ગોળગોળ ઘૂમે છે ને, તેની અંદર. તમે જરા બરાબર જુઓ. એ દાબડાનું મથાળું છે તે ઢાંકણની જેમ ઊઘડી જતું હશે.'

આશ્ચર્ય પામતાં લાલમોહનબાબુએ થોડો પ્રયાસ કરતાં ઢાંકણ ખૂલી ગયું. અંદર નજર નાખી એમણે કહ્યું, 'ઊંહું! નો સાઈન ઑવ મંત્ર.'

'અંદર કશું નથી?!' ફેલુદાને પણ કદાચ આશ્ચર્ય થયું, 'બરાબર જુઓ મોશાય.'

બારી નજીક જઈ જપયંત્રને પ્રકાશ તરફ ધરી ફરી તેમાં નજર નાખતાં લાલમોહનબાબુ બોલ્યા, 'નથિંગ. ઓહ! નો નો, ધેર ઈઝ સમથિંગ. કંઈક સફેદ ભૂકા જેવું ચમકે છે.'

'એમ! મારી પાસે લાવો જોઉં.' ફેલુદાની ઉત્સુકતા પણ વધી લાગી.

પ્રથમ તો ફેલુદાએ અંદર સારી પેઠે નજર ફેરવી. પછી બેડસાઇડ ટેબલ પર જપયંત્ર ઊંધું વાળી હળવેથી ઠપકાર્યું. અંદરથી જે બહાર પડ્યું એ જોઇ જટાયુ બોલી ઊઠ્યા, 'આ તો કાચનો ટુકડો લાગે છે!'

'કાચની ભૂંગળી જેવું લાગે છે.' મેં પણ કહ્યું.

'ભૂંગળી નહિ, ઍમ્પ્યુલ! કોઈ કારણસર એ તૂટી ગઈ હશે અને એટલે જ આ જપયંત્રને કૅન્સલ કરી અલગ મૂકી રાખ્યું હશે.'

મને હવે ગેડ પડવા લાગી. પૂછ્યું, 'તો તમે એમ ધારો છો કે આ રીતે જપયંત્રમાં છુપાવીને બનાવટી દવાઓ બહાર મોકલાતી હશે?'

'એમાં કંઈ નવું નથી. જપયંત્રમાં આ રીતે છુપાવી, મોટાં પૅકિંગમાં ભરી આમ જથ્થાબંધ જપયંત્રો પેલી પિગએલી–સૂવરગલીની તિબેટી દુકાને પહોંચાડાતાં હશે, ત્યાંથી જરૂર કોઈ હોલસેલર પાસે જતાં હશે, અને ત્યાંથી પછી દવાખાનાંઓમાં.' પછી તેણે અમને પૂછ્યું,

કુબેર (દિક્પાલ - ૬)

પ્રફુલ્લ રાવલ

ફોટો - વસંત પરીખ

ઉત્તર દિશાના દિક્પાલ છે કુબેર. દિક્પાલ વિભાવનામાં જેમ વૈદિક દેવોને સમાવ્યા છે તેમ તે કાળના લોકદેવતાનો સમાવેશ પણ કર્યો છે. વેદમાં અનુલ્લેખિત કુબેર લોકદેવતા હતો. વૈદિક દેવતામાં ઇન્દ્રનું જે સ્થાન છે તેવું જ સ્થાન લોકદેવતામાં કુબેરનું હતું. કુબેર યક્ષોનો અધિપતિ – રાજા હતો. (જુઓ : 'મેઘદૂત' ૧-૩) યક્ષો વૈદિકકાળમાં જ લોકદેવ રૂપે પૂજાતા હતા. એટલે કુબેરની પૂજા એટલી પ્રાચીન હોવાનું પ્રતીત થાય છે. ગીતામાં શ્રીકૃષ્ણે 'યક્ષોમાં કુબેર હું છું' એમ કહ્યુ તે કુબેરની મહત્તાને નિર્દેશે છે. અલબત્ત, કુબેરની મહત્તા ઉત્તરકાલીન હોઈ વેદમાં એનો ઉલ્લેખ નથી મળતો. જો કે 'વૈશ્રવણ' – જે કુબેરનું અપરનામ છે તેનો ઉલ્લેખ 'અથર્વવેદ'માં (૮/૧૦/૫-૯-૧૧) મળે છે.

વૈશ્રવણની જેમ ધનદ અને જંભલ પણ કુબેરનાં જ અપરનામો છે. પાલિ સાહિત્યમાં ઉત્તરદિશાના દિક્પાલ તરીકે વૈશ્રવણનો ઉલ્લેખ છે. દિશાપોકખીયમતનો શિવ નામનો એક ભિક્ષુ છકુંવ્રતમાં વૈશ્રવણની પૂજા કરતો હતો એવો ઉલ્લેખ મળે છે (જુઓ : 'પ્રાચીન ભારતીય લોકધર્મ', પૃ. ૧૪૨) 'વૈશ્રવણ' નામનો ઉલ્લેખ 'ભામિની વિલાસ'માં યે મળે છે. ત્યાં એ સંપત્તિના દેવ રૂપે વર્ણવાયો છે તે કુબેરનાં પર્યાય રૂપે છે. 'વૈશ્રવણ'નો એક અર્થ 'રાવણ' પણ થાય છે. 'મહાભારત'ના 'આરણ્યકપર્વ'માં પિતામહ બ્રહ્માએ વૈશ્રવણને અમરત્વ, ધનનું સ્વામિત્વ અને લોકપાલત્વનું વરદાન દીધાનો ઉલ્લેખ છે. અતઃ કુબેરનો દિક્પાલ રૂપે સ્વીકાર મહાભારતકાળમાં થયો હોવાનું સ્પષ્ટ બને છે. એ જ રીતે તે ધનનો સ્વામી પણ સિદ્ધ થાય છે. 'ધનદ'નો અર્થ પણ 'ધન આપનાર' સ્પષ્ટ છે. ધનનો સ્વામી હોવાથી ધન આપનાર બને તે સહજ છે. કાલિદાસે 'રઘુવંશ' (૯-૨૫, ૧૭-૮૦)માં કુબેર રૂપે 'ધનદ' નામનો ઉલ્લેખ કર્યો છે. બૌદ્ધ સાહિત્યમાં કુબેરને વૈશ્રવણ, જંભલને પાંચિક કહ્યો છે. એના અનુયાયીઓ વૈશ્રવણકાયિક દેવ કહેવાતા હતા. પાંચિક અને તેની પત્ની હારીતિની પૂજા ગાંધાર દેશમાં પ્રચલિત હતી અને એક કાળે મધ્ય એશિયા સુધી ફેલાયેલી હતી.

કુબેર સંપત્તિનો દેવ હોઈ લક્ષ્મીને તેની સ્ત્રી રૂપે માનેલ છે. કુશાણકાલીન મૂર્તિઓમાં લક્ષ્મી કુબેરની સ્ત્રી રૂપે કંડારાઇ. 'ભામિની વિલાસ'માં 'વૈશ્રવણસ્ય લક્ષ્મી:' એવો ઉલ્લેખ એ જ નિર્દેશ કરે છે. કુબેરનો અર્થ 'બેડોળ શરીરવાળો માણસ' એવો થાય છે. સંભવતઃ આથી જ કુબેરમૂર્તિઓ મોટી ફાંદવાળી જોવા મળે છે. ધનના આ દેવતાનો ઉલ્લેખ સાહિત્યમાં કૃષ્ણે યક્ષોને સ્વીકાર્યા પછી થયો છે. આથી વેદકાળમાં અનુલ્લેખિત કુબેર પુરાણોમાં વર્ણવાયો છે. ત્યાં એની અનેક આખ્યાયિકાઓ મળે છે. રામાયણ-મહાભારતમાં કુબેરનો ઉલ્લેખ મળે છ ખરો પણ પુરાણકથામાં એ પ્રજાનો માનીતો દેવ બને છે. 'કુબેર' શબ્દના ઉચ્ચારણ માત્રથી ધન-સંપત્તિનો ખયાલ જન્મે છે. 'વરાહપુરાણ'માં એની ઉત્પત્તિની કથા છે. ધનપતિ કુબેર ઉત્તર દિશામાં સ્થિત હોઈ એ દિશાને શુકનિયાળ માનવામાં આવે છે.

કુબેરનું 'જંભલ' નામ પણ યક્ષ સાથેનો અનુબંધ નિર્દેશે છે. જંભનો અર્થ છે યક્ષ. જંભની સાધના કરનારને મેળવવું હતું અમરત્વ પ્રાપ્ત કરાવનારું અમૃત. આ જંભના સાધકોનો વર્ગ લોકમાં વ્યાપક હતો. બૌદ્ધધર્મે એ પરંપરાને આધારે કુબેરને જંભલ દેવતા કહ્યો છે.

કુબેર યક્ષરાજ હોઈ તેની પત્ની યક્ષિણી ભુંજતી હોવાનું મનાય છે. આ માન્યતા પાલિ સાહિત્યમાં વર્ણવાઈ છે. કુબેર નરવાહના હોવાનું કહેવાયું છે એ જ રીતે ભાટનવાડાની યક્ષિણી ભુંજતીની મૂર્તિ પણ નરવાહના જ છે. અતઃ ભુંજતી કુબેરપત્ની છે. (જુઓ : 'ભારતીય મૂર્તિકલા' પૃ. ૬૧)

વિષ્ણુધર્મોત્તર પુરાણ, અગ્નિપુરાણ, મત્સ્યપુરાણ, અભિલષિતાર્થ ચિંતામણિ, અંશુમદ્ભેદાગમ, રૂપમંડન, શ્રીતત્ત્વનિધિ અને સુપ્રભેદાગમમાં કુબેરનું વર્ણન મળે છે. કુબેરનું સ્વરૂપ દ્વિભુજ અને ચતુર્ભુજ હોવાનું કહેવાયું છે. આયુધો વિષે ભિન્નતા હોઈ, વરદ, ગદા, અભય, નિધિ, બિજોરું, કમંડલ, પદ્મ, પાશ, શંખ, રત્નપાત્ર, વજ્ર, દ્રવ્યની થેલી ઇત્યાદિ આયુધો કુબેરમૂર્તિમાં હોવાનું વિભિન્ન ગ્રંથો પરથી પ્રતીત થાય છે. કુબેર નરવાહના હોવા ઉપરાંત બકરો કે હાથી પણ તેના વાહન તરીકે દર્શાવાય છે. મહદ્ અંશે સ્થૂળ શરીર, ફાંદ અને દ્રવ્યની થેલી એ કુબેરની ઓળખ છે. વાહન તરીકે બહુધા હાથી હોય છે. પાસે મદ્યપાત્ર લઇને ભદ્રા ઊભી હોય છે.

અત્રે દિક્પાલ કુબેરની બે પ્રતિમા પ્રસ્તુત છે. એક મોઢેરાના સૂર્યમંદિરની છે, બીજી વીરમગામના મુનસર તળાવ પરના વીરમેશ્વર-સુમલેશ્વર મંદિરની છે. ઉભય દિક્પાલ કુબેર છે. પરંતુ મોઢેરાના સૂર્યમંદિરના દિક્પાલ આજ સુધી ઇન્દ્ર રૂપે ઓળખાતા આવ્યા છે. આ ચતુર્ભુજ મૂર્તિમાં માત્ર એક જ હસ્ત ખંડિત છે. બે હાથમાં આયુધ

'પેલી હોટેલના રૂમમાંથી તિબેટીની દુકાનમાં જે ખોખાં જોયાં હતાં તે તથા આજે તમે ટેમ્પોમાં ભરાતાં જોયાં એ ખોખાં એક સરખાં હતાં?'

'બિલકુલ આઇડેન્ટિકલ.' મેં જવાબ આપ્યો.

'સમજી ગયો.' ફેલુદાના કપાળ પર ત્રિશૂળમાં કરચલી ઊપસી આવી. 'સપ્લાયના કામ પર નકલી બાટરા દેખરેખ રાખે છ અને જો આ વ્યાપાર મોટા સ્કૅલ પર ચાલતો હોય તો એમાંનો ઘણો માલ નેપાળની સીમા પાર ભારતમાં પણ પહોંચી જઇને બિહાર અને યુ. પી.નાં નાનાંનાનાં શહેરોમાં પહોંચતો હશે. ત્યાંના કેટલા લોકો આ બનાવટી દવા ખાય છે કે બનાવટી ઇન્જેક્શનો વાપરે છ એનો હિસાબ કોણ રાખે? ડૉક્ટરને શક પડે તો ય એ ચૂપ રહે એ તો આપણે જોયું. આ જમાનો જ એવો છે. સૌને પોતાના હિતની જ ચિંતા છે. પોતે બચ્યા એટલે ગંગા નાહ્યા.'

ફેલુદા પલંગ પરથી ઊભા થઈ ગયા. રૂમમાં એણે મૂગે મોંએ આંટા મારવા માંડ્યા. લાલમોહનબાબુએ ઢાંકણ વાસી દઈ જપયંત્રને હાથમાં લઈ એને ફેરવવા લાગ્યા. ફેલુદાનાં અનેક સાહસોમાં મોટે ભાગે એમણે માત્ર દર્શકની જ ભૂમિકા ભજવી હતી, પણ આજે તો એ પોતે પણ રંગમંચ પર ઊતર્યા હતા.

ઘડિયાળમાં જોયું તો પોણાચાર ઉપર સમય થયો હતો. મેં લાલમોહનબાબુને યાદ આપી કે અત્યારે એમનું ટ્રાઉઝર્સ તૈયાર થઇ ગયું હશે.

'હત્ત તારીની! એ તો હું સાવ વિસરી ગયો હતો.' બોલતાં એ સડાક લઇને ઊભા થઈ ગયા. 'આજે તો આપણે કૅસિનો જવાનું છે ને? એટલા સારુ તો નવું ટ્રાઉઝર્સ સિવરાવ્યું છે!

ફેલુદાએ આંટા મારવા બંધ કરી તાળી પાડી મનમાંથી બધા વિચારો કાઢી નાખતાં કહ્યુ, 'ગુડ આઇડિયા! આજ, વી ડીઝર્વ એ હૉલીડે. ડિનર પછી એકાદ કલાક કૅસિનો જઈ આવીશું.'

જો કે આ કેસિનો-પર્વ એક કલાક કરતાં વધુ લંબાયું હતું.

સાડા આઠ વાગ્યે ડિનર પતાવી અમે બહાર નીકળ્યા. કૅસિનો સવારના ચાર વાગ્યા સુધી ખુલ્લું રહે છે, અને ત્યાં ખરી ભીડ પણ



△ મોઢેરાનાં સૂર્યમંદિરની દિક્‌પાલ કુબેર.

સ્પષ્ટ છે છતાં ય એ આયુધથી કુબેર હોવાની પ્રતીતિ થતી નથી. વળી કુબેરમૂર્તિમાં આવશ્યક મનાતી ધનની કોથળી તો અહીં છે જ નહિ, છતાં ય કુબેર હોવાનું પ્રમાણ મૂર્તિમાંથી જ મળે છે. લગભગ એ તરફ કોઈનું લક્ષ ગયું નથી. કુબેરનું વાહન હાથી અને મદ્યપાત્રધારી ભદ્રા પણ એટલી જ સ્પષ્ટ અંકિત થયેલી છે. અતઃ આ દિક્‌પાલ કુબેર છે. માથે કિરીટ મુકુટ, અલંકારોથી સુશોભિત દેહયષ્ટિ, સહેજ સ્થૂળદેહ અને સહેજ સ્થૂળ ફાંદથી આ મૂર્તિ સ્પષ્ટતઃ કુબેરની છે.

દ્વિતીય મૂર્તિ મુનસર તળાવ પરના વીરમેશ્વર–સુમલેશ્વરના મંદિરના દિક્‌પાલ કુબેરની છે. આ ચતુર્ભુજ મૂર્તિના માથે કિરીટ



વીરમેશ્વર-સુમલેશ્વર મંદિર (વીરમગામ)ના દિક્‌પાલ કુબેર △

મુકુટ છે. એક હસ્ત ખંડિત છે. ડાબા નીચલા હાથમાં કમંડલ છે. ઉપલા બે હસ્ત ધનની કોથળી સાથે યુક્ત છે. હાથી તદ્દન ખંડિત છે. કુબેરના હાથમાં ધનની કોથળી હોવી જોઇએ એ પ્રમુખ લક્ષણ આ મૂર્તિ ધરાવે છે. મુખ ખંડિત હોઈ તદ્દન અસ્પષ્ટ છે. ફાંદયુક્ત સ્થૂળ શરીર સ્પષ્ટ જણાય છે. ગુજરાતમાં મહદ્ અંશે ધનની કોથળીવાળા કુબેરની મૂર્તિઓ કંડારવાની પ્રથા છે. આ પ્રણાલિ અહીં જળવાઈ છે. પરંતુ મોઢેરાની દિક્‌પાલ મૂર્તિ વિશિષ્ટ છે. મદ્યપાત્ર સહિત ઊભેલી ભદ્રા એ મૂર્તિ કુબેર હોવાનું પ્રમાણિત કરે છે, તો વળી ધનના સ્વામીનો વૈભવ એના શરીર પરના આભૂષણોથી છતો થાય છે. □

રાતે અગિયાર પછી જામે. અમે અત્યારે વહેલા પહોંચીએ તો બહુ ભીડ ન હોય એટલે બધું નિરાંતે જોઈ શકાય.

બસમાં બેઠા પછી લાગ્યું કે કૅસિનોનું સ્થાન શહેરથી દૂર હતું. રસ્તા પરની બત્તીઓ સિવાય ખાસ કંઈ દેખાતું નહોતું. પંદરેક મિનિટ પછી થોડું ચઢાણ આવ્યું. પછી એક ગેટ. એ વટાવી જમણી બાજુ મોટા વિસ્તારમાં ઉગાડેલી લૉન અને એક સ્વિમિંગ પુલ પાસે થઇને ફરી જમણી તરફ વળીને બસ બરાબર હોટેલ-પોર્ટિકોના પ્રવેશદ્વારની સામે ઊભી રહી. આ વિશાળ હોટેલની એક બાજુ કૅસિનો હોઈ હોટેલમાં દાખલ થયા વિના બારોબાર કૅસિનોમાં જવું હોય તો જઈ શકાય.

અમારા આજના – એટલે કે અત્યાર સુધીના હીરો હતા લાલમોહનબાબુ. વિદેશી ફિલ્મોમાં જોએલાં આવાં સ્થાનમાં પળાતાં અદબ, કાયદાનું આજ તેઓ અહીં બરાબર પાલન કરશે એમ એમની હાલચાલ પરથી દેખાઈ આવતું હતું. અલબત્ત, એ બધાં અદબ, કાયદા તેઓ દરેક વખતે યોગ્ય રીતે રીતસર પાળી શક્યા હોય એવું નહોતું બન્યું. દા. ત. સ્વિંગડોરમાંથી દાખલ થતાં જ ડાબી તરફના કાઉન્ટર પાછળ ગળામાં બૉ પહેરીને બે સજ્જનો બેઠા હતા. હોટેલમાંથી મળેલું પેલું પાંચ ડૉલરનું કાર્ડ એમને બતાવીને પછી કૅસિનોમાં દાખલ થવાનું હતું. તેમની પાસે જઇને અસલ વિલાયતી ઢબે 'હલો' બોલવાનો એમનો પ્રયાસ બરાબર સફળ થયો નહોતો. પણ એટલું તો કહેવું પડશે જ કે કાઠમંડુના ટેલરે એમનું ટ્રાઉઝર્સ બહુ ફક્કડ સીવ્યું હતું. એના ઉપર એમણે ન્યૂ માર્કેટમાંથી ખરીદેલું આછું લીલું જર્કિન અને માથા પર નેપાળી કૅપ વગેરે મળીને એમનામાં સ્માર્ટનેસની છાપ ચોક્કસ દેખાઈ આવતી હતી.

આગળ જતાં થોડાં પગથિયાં ઊતરીને કૅસિનોમાં જવાતું હતું. એક જાપાની મહિલા પોતાની હૅન્ડબૅગ ખોલી તેમાં રૂપિયા ભરતાંભરતાં આવતી હતી અને લાલમોહનબાબુની નજર પોતાના હાથમાંના કાર્ડમાં હતી. મેં જો જર્કિનની બાંય ખેંચીને એમને બાજુએ ખેંચી લીધા ન હોત તો એ બંને જણ જરૂર અથડાઈ પડત. એકાએક ચમકી

પડેલી એ મહિલા તરફ જોઈ હસીને જે રીતે થોથવાતાં 'હે...હે...ફસ્ટ-ખ્યિઝ મી, હી હી' કહ્યું તે લાખ રૂપિયા દેતાં યે ફરી સાંભળવા ન મળે.

અત્યાર સુધી તો એમણે સેલ્ફ-કૉન્ફિડન્સનો ભાવ જાળવી રાખેલો, પણ જ્યારે અસલ કૅસિનોમાં પગ મૂક્યો ત્યારે ચારે બાજુની ચહલ-પહલ જોઈ સજ્જનને ફેલુદાનું શરણ લેવું જ પડ્યું, અને ફેલુદા પણ એમના ઉદ્ધાર માટે તૈયાર જ હતા. કહે, 'તમારી પાસેના કાર્ડમાં જુઓ. એમાં પાંચ જાતની રમત માટે પાંચ કૂપનો છે. જૅકપૉટ સિવાય બીજી રમતોમાં તમારી ચાંચ નહિ ખૂંપે, એટલે તમે કાર્ડ પરથી જૅક-પૉટની કૂપન ફાડીને પેલા કાઉન્ટર ઉપર આપો. એ કૅસિનોની બૅન્ક છે. ત્યાં તમને એક ડૉલરના જેટલા થતા હશે એટલા રૂપિયા આપશે. કદાચ અગિયારેક રૂપિયા થશે—નેપાળી રૂપિયા. એનાથી તમે જૅકપૉટ પર અગિયાર વખત નસીબ અજમાવી શકશો, અને એમાં ચાન્સ લાગી જઈ જો કંઈ મૂળ ધન પ્રાપ્ત થશે તો તમે તેના વડે વધુ રમી શકશો. અને જો અગિયારે અગિયાર રૂપિયા ફોક જાય તો પછી વધુ રમવા માટે ગાંઠના ખરચવા પડશે. ક્યારે અટક્વું એ તમારી પોતાની મુનસફી પર અવલંબે છે. ખૂબ હારવાથી શું થાય તેનું એક મોટું ઉદાહરણ છે જ—યુધિષ્ઠિર.'

એક મોટો હૉલ અને એની જમણી બાજુ મધ્યમ કદનો ખંડ, એ બંનેમાં આ કૅસિનોનો પથારો હતો. મોટા હૉલમાં પેન્ટુન, બ્લૅક જૅક, ફ્લશ અને અસલ રમત રશિયન રૂલેટ ઉપરાંત જૅકપૉટનાં થોડાં મશિનો હતાં. બીજા ખંડમાં માત્ર કિનો અને જૅકપૉટની જ સગવડ હતી. ફેલુદા રૂલેટ તરફ વળ્યા, અમે બંને બીજા ખંડમાં ગયા.

ખંડમાં ત્રણ તરફની દીવાલો પાસે બારથી ચૌદ જૅકપૉટ મશિનો હારબંધ ગોઠવેલાં હતાં. એમાંના એક પાસે જઈ મેં લાલમોહનબાબુને સમજાવ્યું, 'તદ્દન સરળ વાત છે. જુઓ, આ સ્લૉટ છે. વેઈંગ મશિન પર વજન કરાવતી વેળા જેમ સિક્કો નાખીએ છીએ તેમ આમાં એક રૂપિયો નાખવાનો, અને એ પછી આ હૅંડલ પકડીને ખેંચવાનું. બસ. ત્યાર બાદ જે થવાનું હશે તે આપમેળે થશે.'

'એટલે? શું થશે?'

'જીતશો તો, વેઈંગ મશિનમાંથી જેમ વજન દર્શાવતું કાર્ડ બહાર પડે છે તેમ, આમાંથી આ પાત્રમાં રૂપિયા પડશે. હારશો તો કંઈ નહિ. હવે તમે જાતે એક વાર અજમાવી જુઓ.'

'અજમાવું? નસીબ યારી આપશે?'

'હા, હા. નાખો રૂપિયો. નસીબની તો પછી ખબર પડશે.'

'તો લે, એ...આ નાખ્યો રૂપિયો. જે થાય તે ખરું.'

જરાક ઘરઘર અવાજ પછી લાગ્યું કે નાખેલો રૂપિયો એક જગ્યાએ જઈ પડ્યો અને એ સાથે જ મશિન પર એક લખાણ ઝગમગી ઊઠ્યું—'કૉઈન એક્સેપ્ટેડ.'

'હં. હવે હૅંડલ ખેંચો જોરથી.'

લાલમોહનબાબુએ ઝટકો મારી હૅંડલ ખેંચ્યું. મશીનમાં નજર સામે એક કાચજડિત ચોરસ બારી હતી. તેમાં પીળું ફળ, લાલ ફળ અને ઘંટ વગેરે એવી સંજ્ઞાઓની ત્રણ હાર દેખાતી હતી. હૅંડલ ખેંચતાં જ મશિનમાં ઘરઘરાટી ચાલુ થઈ. કાચ પાછળની પેલી સંજ્ઞાઓ બદલાતી ગઈ અને પાંચેક સેકંડમાં ધડધડ અવાજ સાથે એક આખરી કૉમ્બિનેશન ગોઠવાઇને સ્થિર થઈ ગયું—પીળું ફળ, પીળું ફળ અને બ્લ્યૂ ફૂલ. અને બીજી જ પળે ખણખણ કરતાં બે રૂપિયા પેલા પાત્રમાં આવીને પડ્યા.

'જીત્યા ને!' લાલમોહનબાબુ આંખો ગોળગોળ કરતા બોલ્યા.

'હા વળી, જીત્યા જ તો! એકના બમણા થયા. લક હોય તો એકના એક સો પણ થાય. જુઓ અહીં આ ચાર્ટ મૂક્યો છે. ક્યા કૉમ્બિનેશનથી કેટલો લાભ થાય એ એમાં જોતાં સમજાઈ જશે. ઠીક છે?'

'ઓ-કે. અબ મેં સંભાલ લૂંગા.' લાલમોહનબાબુ હવે રંગમાં આવી ગયા હતા.

ખંડની એક બાજુએ કાઉન્ટર પર એક માણસ બેઠો હતો. તેની પાસેથી રૂપિયા રાખવા માટે જોઇએ તો પ્લાસ્ટિકનો એક કટોરો મળી શકે. હું બે કટોરા માગી લાવ્યો. એક લાલમોહનબાબુને આપ્યો અને પછી પાસેના એક બીજા મશિન પર મારું નસીબ અજમાવવા ગયો. અમારી માફક બીજા પણ સાતઆઠ દેશી-પરદેશી સ્ત્રીપુરુષો પોતાનાં નસીબનાં હૅંડલ ખેંચી રહ્યાં હતાં.

સમગ્ર વાતાવરણમાં એક એવી ઉત્તેજના પ્રવર્તતી હતી કે કોઇને બીજાની સામે જોવાની યે ખેવના નહોતી. જીવવા માટે જાણે એક ઉદ્દેશ્ય હતો – જૅકપૉટ. છતાં એક વાર આડી નજરે જોયું તો લાલમોહનબાબુ કટોરો ભરી ઘણા બધા રૂપિયા લઇને કાઉન્ટર પર જઇ એના બદલે નોટો લઇને આવતા હતા. મારું લક પણ જોરમાં હતું. જીત જ થતી હતી અને જીદ પણ ખાસ્સી વધી ગઈ હતી. એવામાં બાજુના હૉલમાંથી ફેલુદા આવી ચડ્યા સાથે એક યુવાન મહિલા પણ હતી.

'બસ, અત્યાર પૂરતો હવે વિરામ!' ફેલુદાએ કહ્યું.

'વ્હાઈ, સર?' સમજી ગયો. લાલમોહનબાબુને ફેલુદાનો પ્રસ્તાવ જરાય ગમ્યો નહોતો.

'ચારસો તેત્રીસમાંથી આપણને બોલાવ્યા છે.'

'એટલે?' લાલમોહનબાબુને જૅકપૉટ છોડીને જવું ગમતું નહોતું.

પેલી મહિલાએ શુદ્ધ બંગાળીમાં ઉત્તર આપ્યો, 'ફોર થર્ટી થ્રીમાં આપના એક મિત્ર છે. એમણે આપને ત્રણેયને વિનતિ કરી મળવા બોલાવ્યા છે.'

'હુ ઈઝ ધીસ ફ્રેન્ડ?' જટાયુ હજી કૅસિનોના જ મિજાજમાં હતા.

'નામ નથી જણાવ્યું, પણ કહ્યું છે કે આપ ત્રણે જણ એમને ખૂબ સારી રીતે ઓળખો છો.'

'ચાલો, મળી આવીએ.' ફેલુદાએ કહ્યું, 'જોઇએ તો ખરા કોણ છે. અને વળી, દસેક મિનિટથી વધુ ત્યાં નહિ રોકાઇએ.'

ન છૂટકે જૅકપોટથી અળગા થઈ અમે આ અજાણ્યા મિત્રને મળવા ચાલ્યા. પેલી મહિલા લિફ્ટ સુધી આવીને નમસ્કાર કરી પાછી વળી ગઈ.

ચોથે માળે લિફ્ટમાંથી બહાર આવી ડાબી તરફનાં કારપેટ પાથરેલા પૅસેજમાં થઈ છેક છેડે જમણી બાજુ રૂમ નં. ૪૩૩ ખોળી કાઢ્યો અને ફેલુદાએ ડોરબેલનું બટન દબાવ્યું.

'કમ ઈન.' અંદરથી અવાજ આવ્યો. ધક્કો મારતાં જ બારણું ખૂલી ગયું. ફેલુદાને આગળ રાખી અમે અંદર પ્રવેશ્યા.

એ એક વિશાળ દીવાનખંડ હતો. એના એક છેડે મોટા સોફા પર કોઈ આરામથી બેઠું હતું. એની બરાબર પાછળનો લૅમ્પ ચાલુ હોઈ સામા પ્રકાશમાં એનો ચહેરો બરાબર ઓળખાતો નહોતો. બહારથી લાગેલું કે અંદર બીજા માણસો પણ હશે, કારણ બહાર એમની વાત-ચીતનો ધીમો અવાજ સંભળાતો હતો. અંદર આવી જોયું તો એ સજ્જનની સામે ટેલિવિઝન અને પાસે એક બીજું યંત્ર પડ્યું હતું. ટી. વી.ના પર્દા પર કોઇ અમેરિકન રંગીન ફિલ્મ જેવું દશ્ય જોતાં સમજાઇ ગયું. સજ્જન વીડીઓ જોતા હતા. બહાર અમને આ ફિલ્મમાં ચાલતા સંવાદનો જ અવાજ સંભળાતો હતો, અને ખંડમાં એટલે જ બીજી બત્તીઓ બંધ હતી.

'વેલ કમ મિસ્ટર મિત્તર! આવો અંકલ.' સાંભળતાં જ મારું

માંથું ચકરાવા લાગ્યું, ગળું સુકાઇ ગયું અને પેટમાં યે ધ્રાસ્કો અનુભવ્યો. આ અવાજ હું હજી ભૂલ્યો નહોતો. ફેલુદાએ એક વાર કહેલું કે એના જેવા ધુરંધર પ્રતિદ્વંદ્વી સાથે બાખડવામાં યે આનંદ આવે. પુણ્યતીર્થ કાશીધામમાં આની સાથે જ ફેલુદાનો મુકાબલો થયો હતો. આ એ જ મગનલાલ મેઘરાજ.* આના જ એક નાઇફ થ્રોઅર આદમીએ કાશીમાં એના અડ્ડામાં લાલમોહનબાબુને નિશાન બનાવીને છરીફેંકનો ભયાનક ખેલ બતાવી એમનું લગભગ ત્રણેક વર્ષનું આયુષ્ય ઘટાડી નાખેલું. આ ભયંકર આદમી અહીં કાઠમંડુમાં ક્યાંથી? અહીં એ શું કરતો હશે?

'આવો, બેસો.' ટી. વી. પાસેના યંત્ર સાથે જોડાએલા તારની સ્વિચ તેના હાથમાં હતી એ દાબીને વીડીઓ બંધ કરતાં એણે કહ્યું, 'વેલ, મિસ્ટર મિત્તર?'

લાલમોહનબાબુ અને હું એક સૅાફા પર બેઠા. હવે આછા અજવાળામાં આંખ ટેવાતાં એનો ચહેરો સ્પષ્ટ દેખાયો. દેખાવમાં કંઇ ફેર પડયો નહોતો. હજી યે એણે ધોતિયું પહેરવાનું છોડયું નહોતું. શેરવાની પર પણ બેસ્ટ કટરની છાપ વરતાતી હતી, અને એનાં ઝળકતાં બટનો કદાચ હીરાનાં જ હશે. ફેર માત્ર એટલો જ હતો કે બનારસની ગલીમાં એના મકાનમાં ગાદીઓ બિછાવેલી હતી, અહીં એ ફાઇવ સ્ટાર હોટેલના રૉયલ સ્વીટમાં બેઠો હતો. બંને પરિવેશ વચ્ચે આકાશ-પાતાળનો તફાવત હતો.

'આ વખતે તો રીઅલ હૉલીડે જ ને?' એણે ફેલુદાને પૂછ્યું.

'એ તે કંઇ શકય છે?' ફેલુદાએ એનું એકતરફી હાસ્ય હસીને બિલકુલ સ્વસ્થતાથી ઉત્તર આપ્યો, 'દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે.'

'અહીં શું સીવવા ધાર્યું છે, મિ. મિત્તર?'

પાસે જ ટીપૉય પર પડેલી ચાંદીની ટ્રેમાંથી કપ ઉપાડી તેમાંના ચાનો છેલ્લો ઘૂંટડો ભરી કપ પાછો મૂકયો, અને પછી પાસે પડેલો ફોન ઉપાડતાં મગનલાલે પૂછ્યું:

'ટી ઓર કૉફી? દાર્જિલિંગની બેસ્ટ ટી મળશે અહીંની હોટેલમાં.'

અને ચાની અમારી પસંદગી જાણી લઇ એણે રૂમ સર્વિસ ડાયલ કરી ત્રણ ચા મોકલવા સૂચના આપી. ફોન મૂકી ફરી એણે ફેલુદા ભણી જોયું. 'ઇન્ડિયામાં તો તમે હીરો-બિગ ડિટેક્ટિવ. બટ કાઠમંડુ ઇઝ ફોરિન કન્ટ્રી. મિ મિત્તર, અહીં તમારે જાન-પહેચાન ખરી કે?'

'આ જુઓને, તમે જ તો જૂના ઓળખીતા ભેટી ગયા.'

મગનલાલ ધીમું હસ્યા. બંને જણની નજર એકબીજા પરથી ખસતી નહોતી.

'મને અહીં જોઇને નવાઇ લાગી, ખરુંને મિ. મિત્તર?'

'હા, જરાક લાગી ખરી.' ખિસ્સામાંથી ચાર મિનાર કાઢી એ પેટાવીને બેએક રિંગ કાઢી ફેલુદાએ જવાબ આપ્યો, 'તમે જેલની બહાર છો એ જોઇને નહિ, એ તો તમારે માટે રમત, પણ નવાઇ તમારું કાર્યક્ષેત્ર બદલાએલું જોઇને લાગી.'

'જહાય? બનારસ હૉલી પ્લેસ. વહાં વિશ્વનાથજી હૈ તો યહાં પશુપતિનાથજી. એક હી બાત, મિ. મિત્તર. જ્યાં ધરમ, ત્યાં અમારું કરમ. શું કહો છો, અંકલ?'

'હેં? હેં?' હસી શકાય પણ બોલી ન શકાય એવી જટાયુની અવસ્થા હતી.

'કરમની વાત કરો છો તે શું દવા બનાવવાનું કંઇ કામકાજ છે?' ફેલુદાનો આ સીધો જ પ્રશ્ન સાંભળી મારામાં ધ્રુજારી વછૂટી ગઇ. વાઘની સામે પડવા છતાં આવી બેપરવાઇ તો ફેલુદા જ દાખવી શકે.

'ઓસુધ?' મગનલાલ જાણે આકાશમાંથી પટકાયા. 'વ્હૉટ ઓસુધ, મિ. મિત્તર? હા, સુદ કા એક ધંધા હૈ, લેકિન યે ઓસુધ કા કયા મતલબ?'

'તો પછી તમે અહીં શું કરો છો એ હું જાણી શકું?'

'સર્ટનલી. લેકિન ફેર એક્સચેંજ હોના ચાહિયે.'

'ભલે, પહેલાં તમે કહો, પછી હું કહીશ.'

'મારો વેપાર તો વેરી સિમ્પલ, મિ. મિત્તર. મને તો આર્ટમાં રસ એ તો તમે જાણો છો. અને નેપાળ તો આર્ટનો ભંડાર છે યે ભી તમે જાણો છો?'

ફેલુદાએ કશો ઉત્તર ન આપ્યો. મને લાગ્યું કે લાલમોહનબાબુના શ્વાસોચ્છ્વાસ ઝડપથી ચાલતા હતા.

* જુઓ 'ગણેશમૂર્તિની ચોરી', 'કુમાર' અંક ૬૨૯ થી ૬૩૩

લઘુકથા

વિચ્છેદ

રામજીભાઈ કડિયા

વિજયા દાદર ચડી ધીમેધીમે વકીલની ઑફિસમાં દાખલ થઈ. કેટલાય વખતથી તે આ પગથિયાં ચડતી રહી છે, પણ આજે એને હાંફ ચડી. ખાલી પડેલી ખુરશીમાં એ ચૂપચાપ બેસી ગઈ.

વકીલ એમના કામમાંથી માથું ઊંચકી બોલ્યા, આજે તો કોર્ટમાં તમારો ચુકાદો આવી જ ગયો સમજો, પણ વિજયાના ચહેરા ઉપર કોઈ ફેરફાર દેખાયો નહિ. તેને ગંભીર જોઈ વકીલે પૂછ્યું: 'ભરણ-પોષણની ચિંતા થાય છે ને?'

વિજયા કશું ન બોલતાં ફિક્કી આંખે તાકી રહી.

'એનો બીજો કેસ પણ મંજૂર કરાવી દઈશ. ચિંતા કરવાની કોઈ જરૂર નથી, બહેન.' વકીલ હસ્યા. લાંબો શ્વાસ ખેંચી અચકાતાં અચકાતાં વિજયા બોલી: 'સાહેબ, મારા...' બોલાયું નહિ, એની આંખોમાં આંસુ તગતગી આવ્યાં.

'હા, હા. તમારા દરદાગીના અને બીજી જે કંઈ જણસો હશે તે બધું પાછું મળશે જ.'

'ના, ના, સાહેબ', વિજયા ગળગળા સાદે બોલી, 'આપણે આ કેસ પાછો ખેંચી લઇએ...'

'કેસ પાછો ખેંચી લઇએ!? હવે? જ્યારે બધી બાબતોનો ચુકાદો તમારી તરફેણમાં આવવાનો છે ત્યારે? હવે છેલ્લી ઘડીએ તમારે મારી મહેનત ઉપર પાણી ફેરવવું છે! તમારા હિતનો તો વિચાર કરી જુઓ.'

'હું જાણું છું સાહેબ, પણ હવે મારે કોની સામે લડવું?' કહેતાં વિજયાએ તે દિવસનું છાપું ધર્યું અને એણે આંખો મીંચી દઈ કોઈ ઊંડા દર્દને હૃદયમાં ઉતારી દેવા કોશિશ કરી.

વકીલે છાપું હાથમાં લીધું. વાળેલા પાના પર વિજયાએ બતાવેલા સમાચાર વાંચ્યા. અકસ્માતમાં એના પતિનું મૃત્યુ થયાની વિગત તેમાં હતી. એ વાંચી દુ:ખ વ્યક્ત કરી વકીલે ધીરે સાદે કહ્યું, 'પણ કેસ તો તમે જીતી જ ગયાં છો.'

'હવે કેસ જીતીને યે હું શું કરું?' વિજયા ધીમેથી બબડી.

'અરે બહેન, એની બધી મિલકત ઉપર હવે તમારો હક્ક સાબિત થાય છે.'

'પણ સાહેબ,' કંઈ જોઈ રહી હોય તેમ સ્થિર સજળ આંખે તાકી રહી વિજયા બોલી, 'પછી એમની પેલી બાઈ અને એનાં બાળકો શાના આધારે રહેશે?' □

'હવે તમે કહો, મિ. મિત્તર. ફેર એક્સચેન્જ.'

'તમે બધી વાત ખુલ્લંખુલ્લાં કરી હોય એવું લાગતું નથી. પણ છતાં હું મારી વાત નિખાલસતાથી કરું. હું અહીં એક ખૂનની તપાસ કરવા આવ્યો છું.'

'ખૂન?' મગનલાલના આશ્ચર્યભર્યા પ્રશ્નના ઉત્તરમાં ફેલુદાએ માથું ધુણાવીને હા પાડી. એણે ફરી પૂછ્યું, 'યુ મીન ધ મર્ડર ઑવ મિસ્ટર સોમ?'

હું તો આ સાંભળી સ્તબ્ધ થઇ ગયો. ફેલુદાના પ્રતિભાવ કળાયા નહિ, પણ લાલમોહનબાબુને તો જાણે ઠંડી ચડી હોય એમ એમના દાંત કડકડતા મેં સાંભળ્યા. કૅસિનોમાં તો લોકોની ભીડને લીધે ઠંડકની ખબર નહોતી પડી, પણ હોટલમાં તો આમે યે ટૅમ્પરેચર ઓછું હતું જ.

'તમે બરાબર વાત પકડી છે, મગનલાલજી. હું મિ. અનીકેન્દ્ર સોમની જ વાત કરું છું.'

એટલામાં ચા આવી, ત્રણ જોડી કપરકાબી ને ટી-પૉટ પેલી ચાંદીની ટ્રેમાં મૂકીને મગનલાલે ખાલી કરેલા કપરકાબી લઈ બેરા ચાલ્યો ગયો. દૂધ અને શુગર ક્યુબ્સના પૉટ જે પહેલાંના હતા તે પૂરતા હતા.

'હું ધારું છું કે', ફેલુદા બોલતા રહ્યા, 'મિ. સોમ અહીં કોઇને માટે નડતર રૂપ હતા, અને એટલે એને ખતમ કરી દેવામાં આવ્યા.'

મગનલાલ અમારા માટે ચા બનાવતા હતા. શુગર ક્યુબ્સનું પાત્ર હાથમાં લેતાં પૂછ્યું, 'વન? ટુ?'

'વન.' સવાલ મને પૂછેલો એટલે મેં કહ્યું. ફરી પૂછ્યું, 'વન?' આ વેળા જટાયુને સવાલ કરેલો. પણ મને ખબર હતી કે ખાંડના બદલે શુગર ક્યુબ્સ જોઇને અત્યારે એમના દિમાગમાં એલ. એસ. ડી. ઘૂમતું હશે અને પેલા માણસની વાત, જે સાતમા માળ પરથી હવામાં પગ લંબાવીને માને કે પોતે દાદર ઊતરી રહ્યો છે. મગનલાલે ફરી પૂછ્યું, 'ટુ? થ્રી?'

'નો. નો.' જટાયુ બોલી ગયા. આશ્ચર્યથી મગનલાલે પૂછ્યું 'નો?' ને જટાયુએ ફરી 'નો' સંભળાવતાં મગનલાલ બોલી ઊઠ્યા, 'નો શુગર'?

લાલમોહનબાબુ ગળપણના શૉખીન. ચામાં યે બે ચમચાથી ઓછી ખાંડ એમને ન ચાલે, અને અહીં એ 'નો' કહેતા હતા!

'યે કૈસી બાત હુઇ, મોહનબાબુ? તમારો ચહેરો તો રસગુલ્લાં ખાનારનો દેખાય છે અને તમે શુગરની ના કહો છો?' મગનલાલ જટાયુનો ખચકાટ પામી ગયા લાગતા હતા. અંતે મેં એક ક્યુબ લીધી હતી એટલે એમણે થોડી હિંમત કરી કહ્યું. 'ઓ કે, વન'. ફેલુદાએ પણ એક જ ક્યુબ લીધી. સોફામાંથી ઊઠી મગનલાલે ધરેલા કપ લઇ અમે બેઠા. ફેલુદાએ વાત આગળ ચલાવી.

'મને ખાતરી છે કે મિ. સોમને ખબર પડી ગઇ હતી કે અહીં એક ભેદી કારોબાર ચાલે છે. એ માટે તેઓ કલકત્તા આવ્યા હતા ને મને મળવા ઇચ્છતા હતા. પરંતુ એ પહેલાં એમનું ખૂન થયું. તમે જો આ ખૂનની વાત જાણો છો તો સ્વાભાવિક જ પ્રશ્ન ઊઠે છે કે તમે આની સાથે સંકળાએલા છો કે નહિ?'

મગનલાલના હોઠ મરકયા, એમની આંખોનો ભાવ તો કળાતો નહોતો પણ થોડી વાર સુધી એ ફેલુદા સામે તાકી રહ્યા. અમારા હાથમાંના કપમાંથી ઉત્તમ ચાની મસ્ત ફોરમ ઊઠતી હતી એથી આ હાલતમાં યે અમે ચાનો ઘૂંટડો ભર્યા વિના ન રહી શકયા,

'જગદીશ'. અચાનક મગનલાલે બૂમ પાડી. એથી હું ચમકી ગયો. આ ખંડની બંને બાજુ ઓરડા હોવાની ખબર તો અમે અંદર આવ્યા ત્યારથી હતી. પણ મગનલાલની પાછળની ભીંતમાં યે બારણું હતું. એ ખોલીને એક માણસ દીવાનખંડમાં આવ્યો. એ જ વેળા 'ક્રિંગ' કરતો જે અવાજ મને સંભળાયો તે લાલમોહનબાબુનો કપ રકાબી સાથે અથડાવાથી થયો હતો. કારણ, જગદીશ નામધારી જે માણસ અંદર આવ્યો હતો એ હતો બાટરા નંબર ટુ. આ વેળા નજીકથી એને જોવાનું થતાં બંને બાટરા વચ્ચેનો થોડો તફાવત દેખાયો. આની આંખ જરા તપખીરી હતી, કાન પાસેના વાળ પાકવા માંડ્યા હતા અને શરીર પણ અસલ બાટરા કરતાં સહેજ વધુ ભરાવદાર લાગતું હતું. સૌથી મોટો તફાવત આની નજરમાં હતો, જેમાં મળતાવડાપણાનો જરા પણ ભાવ નહોતો.

'આને ઓળખો છો?' મગનલાલે પૂછ્યું.

'ઓળખાણ તો નથી થઇ, જોએલ છે.' ફેલુદાએ કહ્યું.

'તો હવે સાંભળી રાખો, ડિટેક્ટિવ બહાદુર! આ માણસને હેરાન ન કરશો. હું જાણું છું તમે આની પાછળ પડ્યા છો. લેકિન વો હમ બરદાસ્ત નહીં કરેંગે. જગદીશ ઇઝ માય રાઇટ હૅન્ડ મૅન.'

'જો કે એ જે કંઈ કરે છે એ ડાબા હાથે જ કરે છે.'

શાબાશ ફેલુદા! હજી પે એમના નર્વ કાબૂમાં હતા અને અવાજનો રણકો તદ્દન સ્વસ્થ હતો. મગનલાલ કંઇ બોલે તે પહેલાં એણે પૂછ્યું, 'આબેહૂબ આના જેવો જ એક બીજો માણસ પણ કાઠમંડુમાં છે.'

'યસ, મિ. મિત્તર, આઇ નો ધેટ.' મગનલાલ હવે પૂરી ગંભીરતાથી બોલતા હતા. 'એ માણસ જો તમારો મિત્ર હોય તો, ટેલ હિમ ટુ બી વેરી કેરફુલ, એને કહેજો કે એ જે કંઇ કરે તે જોઇ-વિચારીને કરે.' ને પછી મોં ફેરવી પૂછ્યું, 'તમે તો આજે પશુપતિનાથનું સ્મશાન જોઇ આવ્યા છો ને, મોહનબાબુ?'

લાલમોહનબાબુએ મહા પ્રયત્ન કરી જાણે મગનલાલનો પ્રશ્ન સાંભળ્યો જ નથી એવો ભાવ રાખી પોતાના કપમાંની બધી ચા એક ઘૂંટડે ગળામાં ઉતારી ઠણિંગ અવાજ સાથે કપરકાબીને ટીપૉય પર મૂકી દીધાં. મગનલાલે ફરી ફેલુદા પર નજર ફેરવી કહ્યું. 'બાટરા જો માનતો હોય કે પોતે કોઇ ખોટું કામ કરી આ જગદીશના માથે એ ઓઢાડી દેશે, તો એને કહી રાખજો, મિસ્ટર મિત્તર, કે પશુપતિનાથના સ્મશાનમાં એના અંતિમ સંસ્કાર પતી જશે – વિધિન ટુ ડેઝ.'

'ચોક્કસ કહીશ.' ફેલુદાએ પોતાની ચા પૂરી કરી કપ મૂક્યો. મગનલાલની વાત હજી પૂરી નહોતી થઇ.

'બીજી પણ એક વાત કહી દઉં, મિ. મિત્તર. તમે દવાની વાત કરતા હતા ને? તમને ખબર છે આપણા દેશના લોકોના સૌથી મોટા દુશ્મન કોણ છે? ઍલોપેથ ડૉક્ટર્સ. માઇસિન તો જાણો છો ને? સિન એટલે શું? પાપ. પાકીટ ચીરી આ ડૉક્ટરો પૈસા લે છે, હાથ ચીરી લોહી લે; પેટ, પીઠ, છાતી ચીરી કંઇ ને કંઇ લે. વર્સ્ટ વેન એની સ્મગલિંગ રૅકેટ. પેનિસિલિનસે પશુપતિનાથ કા ચરણામૃત ઇઝ હંડ્રેડ ટાઇમ બેટર. દેશના લોકો ઍલોપથી છોડી દુસરા ઓસુધ ખાયગા તો આખિર દેશ કા મંગલ હોગા. આ તમે જાણી રાખજો.'

'તમારી વાત સાંભળી.' ઊભા થતાં થતાં ફેલુદાએ કહ્યું, 'પણ તમે પોતે તો હજી ઍલોપથી છોડી શકયા નથી. તમારા ટેલિફોન પાસે પડેલી પેલી શીશી ચોક્કસ ચરણામૃતની તો નથી જ.'

શીશી ફોનની આડશમાં ઝટ નજરે ચડે તેમ નહોતી, પણ ફેલુદાની નજર પણ કંઇ કમ નથી. મગનલાલને આ ન ગમ્યું એ તો એના તંગ બનતા ચહેરા પરથી દેખાઇ આવ્યું.

'અચ્છા, મગનલાલજી. અમે હવે જઇએ. તમારી ચા ખરેખર ઉત્તમ હતી.'

મગનલાલ એમની જગ્યા પર જ બેસી રહ્યા. જ્યારે ચારસો તેત્રીસ નંબરના સ્વીટમાંથી અમે બહાર નીકળ્યા ત્યારે અંદર ફરી પેલી અમેરિકન ફિલ્મનો સંવાદ શરૂ થઇ ગયો હતો. (ચાલુ)



સુરેશ મોદી

આપણે અગાઉ જોયું છે કે બ્રિજની રમતમાં હરાજી વખતે દરેક ખેલાડી પ્રવર્તતા સંજોગોમાં પોતાના પક્ષને વધુ લાભકારક અંતિમ કરાર તરફ હરાજીને દોરવા પ્રયત્ન કરે છે. તેવી જ રીતે હરાજી પૂરી થતાં રમતમાં પણ પોતાના પક્ષને વધુમાં વધુ હાથ કેવી રીતે મળે તે હેતુથી પ્રયત્નશીલ રહે છે. દરેક ખેલાડીને પોતાના ૧૩ અને ડમીના ૧૩ પાનાં જોવા મળે છે. બાકીનાં ૨૬ પાનાંમાંથી કયાં પત્તાં કોની પાસે હશે તેનો અંદાજ મેળવવા તે પ્રયાસ કરે છે. હરાજી વખતે કોણે કયા કૉલ કર્યા હતા અને કોણ ક્યારે મૌન હતું (એટલે કે જેણે કૉલ પસાર–**Pass** કર્યો હતો) તે પરથી શક્ય હાથનો સારો એવો અંદાજ બાંધી શકાય છે. પછી તો જેમ રમત આગળ વધે તેમ વધુ ચોક્કસ માહિતી મળતી જાય અને તે પ્રમાણે અંદાજમાં સુધારો થતો જાય છે.

આ ઉપરાંત, બચાવ પક્ષના ખેલાડી એક બીજાને ઈશારત કરીને પોતાના હાથ વિષે માહિતી આપે છે. આ ઈશારા હાથથી કે ચહેરાના ભાવથી કે પાનું વધુ જોરથી રમીને કે એવી કોઈ 'ગેરવાજબી' રીતે નહિ, પણ ઊતરમાં પાનું પૂરતી વખતે હલકું-ભારે કે ઊતરના રંગનું પાનું ન હોય તો બીજા રંગનું પાનું ફેંકીને આપી શકાય છે. આ માહિતીનો લાભ પોતાનો ભાગીદાર તેમજ કરારકર્તા એમ બંને ઉઠાવી શકે છે.

રમતમાં ઘણી વાર એવી સ્થિતિ આવે છે કે પાનાં એક રીતે ગોઠવાયાં હોય તો અમુક રીતે રમવાથી લાભ થાય તેમ હોય, અને બીજી રીતે ગોઠવાયાં હોય તો જુદી જ રીતે રમવાથી લાભ થાય. હરાજી કે ત્યાં સુધીમાં થયેલી રમત પરથી પાનાં બેમાંથી કઈ રીતે ગોઠવાયાં હશે તે જાણવું શક્ય ન બન્યું હોય તો કેમ ગોઠવાયાં હશે તેના અંદાજ માટે શક્યતાના કોષ્ટક (Probability tables)નો ઉપયોગ કરવો રહ્યો. અંકશાસ્ત્ર (Statistics) પર આધારિત આવા કોષ્ટક બ્રિજના ઘણા પુસ્તકોમાં જોવા મળે છે.

શક્યતાના કોષ્ટક અને તેના ઉપયોગનું એક સાદું ઉદાહરણ આપણે જોઈએ. ધારો કે કરારકર્તા અને ડમી વચ્ચે હુકમનાં ૧૦ પાનાં છે. બચાવ પક્ષનાં ત્રણ પાનાંમાં રાજાનો સમાવેશ છે. તે ત્રણ પાનાં કેમ વહેંચાયાં છે તેના અંદાજ પર રમતનો આધાર છે. જો બીજી કોઈ રીતે ચોક્કસ માહિતી મળી ન હોય તો શક્યતાનું કોષ્ટક જોવું રહ્યું. તે પ્રમાણે ત્રણે પાનાં એક હાથમાં હોવાની શક્યતા ૨૨% અને પાનાં ૧ અને ૨ એ રીતે બે હાથમાં હોવાની શક્યતા ૭૮% છે. રાજા એકલો હોવાની શક્યતા ૨૬% (૭૮/૩), એક નાના પાનાના રક્ષણ સાથે હોવાની શક્યતા ૫૨% (૭૮/૨૬) અને બે નાનાં પાનાંના રક્ષણ સાથે હોવાની શક્યતા ૨૨% છે. આથી એમ સમજાય છે કે એક્કા પર રાજાની ઊતર થવાની શક્યતા ફક્ત ૨૬% છે. જો તે રાજાનો હાથ થતો અટકાવવા આથી વધુ શક્યતાવાળી રમત રમવી હોય તો તે માટે બીજી કોઈ યુક્તિ અજમાવવી જ રહી.

એ તો ખરું જ કે દરેક ખેલાડી પોતાના પક્ષને શક્ય તેટલા વધુ હાથ મળે તે માટે પ્રયત્ન કરતો રહે છે. સીધી રીતે રમતાં થતા હાથ કરતાં વધુ હાથ મેળવવા માટેની થોડી જાણીતી સરળ યુક્તિઓ આપણે હવે જોઈએ. તે છે—**Finesse, Squeeze,** અને **Throw in.**

Finesse (ફિનેસ, એટલે કે ચાલાકી, કુનેહ,): જ્યારે એક ખેલાડી પાસે એક રંગનાં બે પાનાં હોય અને તેના પછીના ખેલાડી પાસે એક પાનું બંનેથી ભારે અને બીજું બે પાનાંની વચ્ચેની કિંમતનું હોય ત્યારે તે ફિનેસનો ભોગ બને છે. સૌથી વધુ જોવા મળતાં ફિનેસનાં દૃષ્ટાંતોમાં એક ખેલાડી પાસે રાજા અને ગુલામ કે તેથી નાનું કોઈ પાનું હોય અને તે પછી રમવાનો જેનો વારો હોય તેની પાસે એક્કો અને રાણી હોય. એક્કો-રાણી ધરાવનાર ખેલાડીનો ભાગીદાર (નીચેના દૃષ્ટાંતમાં દક્ષિણ) તે ભાતની ઊતરની શરૂઆત કરે હવે રાજાની ઊતર થાય તો એક્કો, અને નહિ તો રાણી રમીને સીધી રીતે મળે તેથી એક વધુ હાથ મેળવી શકાય.

♠ A Q

♠ K × [ઉ / પ / પૂ / દ] ♠ × ×

♠ × ×

ફિનેસની સફળતા માટે ઊતરવાની શરૂઆત દક્ષિણના હાથમાં હોવી જરૂરી છે. જો ઉત્તરને રમતની શરૂઆત કરવાની હોય તો તો તેને ફક્ત એક જ હાથ મળે. ફિનેસનો ભોગ રાજા કે મોટી કિંમતવાળાં પાનાં જ બને એવું નથી. દક્ષિણ દુડી ઊતરે, પશ્ચિમ પાસે પંજો અને તીડી હોય અને ઉત્તર પાસે છગ્ગો અને ચોગ્ગો હોય તો પંજો પણ ફિનેસનો ભોગ બની શકે.

હવે બેવડી ફિનેસનું એક ઉદાહરણ આપણે જોઈએ:

♠ A Q 10
♥ × ×

♠ K J × [ઉ / પ / પૂ / દ] ♠ × × ×
♥ × × ♥ × ×

♠ × × ×
♥ A K

આ દૃષ્ટાંતમાં પાનાની કિંમતનો જ વિચાર કરીએ તો ઉત્તર-દક્ષિણને ચાર હાથ અને પૂર્વ પશ્ચિમને એક હાથ મળે તેમ છે. અહીં ઉત્તરની ઊતર છે. તે કાળીના એક્કાનો હાથ લઈ બીજી કાળી ઊતરવાની ભૂલ ભરી રમત કરે તો ઉત્તર-દક્ષિણને ફક્ત ત્રણ જ હાથ મળે. ખરી રીત છે લાલ ઊતરવાની. દક્ષિણ હાથ લઈને કાળી ઊતરે. પશ્ચિમ રાજા ઊતરે તો એક્કાથી, ગુલામ ઊતરે તો રાણીથી અને નાનું પાનું ઊતરે તો દસ્સાથી હાથ લઈ ઉત્તર ફરી લાલ રમે. દક્ષિણ હાથ લઈને કાળી રમે અને છેલ્લા બંને હાથ તેના થાય. આ રીતે ઉત્તર-દક્ષિણને પાંચેય હાથ મળ્યા. તે માટે બે વખત ફિનેસ લેવા સારુ બે વખત દક્ષિણની ઊતરની જરૂર હતી ને સદ્ભાગ્યે તેની પાસે લાલના એક્કો અને રાજા હોવાથી તે શક્ય હતું.

Squeeze (નિચોડ): જ્યારે કોઈ ખેલાડી પાસે જે ભાતની ઊતર થાય તે ભાતનું પાનું ન હોય ત્યારે તેને બીજી કોઈ ભાતનું પાનું રમવું પડે છે. સાધારણ રીતે આવે વખતે તે કોઈ નકામું પાનું ફેંકે છે. પણ ક્યારેક એવું બને કે તેની પાસે કોઈ નકામું પાનું ન હોય. એટલે કે તે ગમે તે પાનું ઊતરે તો યે તેને નુકસાન થાય તેમ હોય. આવી સ્થિતિને **Squeeze** કહે છે.

	♠ A × ♥ K ♦ — ♣ —	
♠ K J ♥ A ♦ — ♣ —		♠ Q ♥ Q ♦ Q ♣ —
	♠ 2 ♥ 2 ♦ — ♣ 2	

આ દૃષ્ટાંતમાં દક્ષિણની ઊતર છે અને તે કુલ્લીની દુડી ઊતરે છે. પશ્ચિમ માટે વિકટ પ્રશ્ન છે કે કયું પાનું ઊતરવું. તે કાળીનો ગુલામ ઊતરે તો ઉત્તર લાલનો રાજા ઊતરે. હવે બીજા હાથ માટે દક્ષિણ કાળીની દુડી ઊતરે ત્યારે પશ્ચિમ-પૂર્વના અનુક્રમે રાજા-રાણી ઉત્તરના એક્કા પર પડી જાય અને ઉત્તર પોતાની પાસેના કાળીના નાના પાનાનો ત્રીજો હાથ કરી જાય પણ જો પશ્ચિમ પહેલા હાથમાં કુલ્લીની દુડી પર લાલનો એક્કો ફેંકે તો ઉત્તર કાળીનું નાનું પાનું ફેંકી દે અને કાળીના એક્કા તેમજ લાલના રાજાના બે છેવટના હાથ મેળવે.

સ્ક્વીઝનું આ એક અત્યંત સાદું અને સરળ ઉદાહરણ થયું. રમતમાં એ જુદાજુદા અને અઘરા પ્રકારે પણ જોવા મળે.

Throw in : બ્રિજ તેમજ પાનાંની રમતોમાં અમુક સંજોગોમાં ઊતર આપણા હાથમાં હોવાથી લાભ થાય છે, જ્યારે અમુક સંજોગોમાં ઊતર સામા પક્ષના હાથમાં હોય તો લાભ થાય છે. સામા પક્ષનો એક હાથ અનિવાર્ય હોય તો તે હાથ તેને એવા સંજોગોમાં આપવો કે જેથી એની ઊતર આવ્યે તેને નુકસાન અને આપણને લાભ થાય. આને 'Throw in' કર્યું કહેવાય. જુઓ—

	♠ × × ♥ ×	
♠ K J ♥ A		♠ × × ♥ ×
	♠ A Q ♥ ×	


અહીં દક્ષિણ પાસે કાળીનો એક્કો અને રાણી છે. રાજા જો પૂર્વ પાસે હોત તો અને ઉત્તરની ઊતર હોત તો ફિનેસનો લાભ લઈ શકાત. પણ જે રીતે પાનાં ગોઠવાયાં છે તેમાં જીતવા ઉત્તર કે દક્ષિણ ગમે તેની ઊતર હોય તે લાલનું પાનું રમે અને પશ્ચિમને પહેલો હાથ લેવા ફરજ પાડે તો તેણે હવે કાળીની ઊતર કરવી પડે અને પરિણામે દક્ષિણને એક્કો અને રાણી બંનેના હાથ મળે.

અહીં આપણે જે ત્રણ યુક્તિઓ જોઈ તે તેના સાદા અને સરળ રૂપમાં જોઈ. રમતમાં તે જુદાજુદા રૂપે જોવા મળે છે, અને ક્યારેક તેને ઓળખવી પણ મુશ્કેલ હોય. ફિનેસ તો રમતમાં ગમે ત્યારે આવી શકે છે, પણ Squeeze અને Throw in રમતના અંતમાં વધુ જોવા મળે છે. તે માટે અનુકૂળ સ્થિતિ લાવવા પ્રયત્ન અને પૂર્વ તૈયારીની જરૂર રહે છે અને તે માટે પણ પાનાં કેવી રીતે વહેંચાયાં છે તેનો સારો અંદાજ હોવો પણ જરૂરી છે. (ચાલુ)

શતરંજ-કૉમ્બિનેશન . . . સુરેશ મોદી

છેલ્લા બે અંકમાં આપણે લગભગ અજાણ્યા ખેલાડીઓની રમતમાંનાં કૉમ્બિનેશન્સ જોયાં. આ વખતે અનેક સુંદર બેનમૂન કૉમ્બિનેશન્સના સર્જક ભૂતપૂર્વ વિશ્વવિજેતા અલેખાઇનની રમતમાંથી એક કૉમ્બિનેશન જોઇએ. અહીં આપેલી સ્થિતિમાં તેમની પાસે બે પ્યાદાં ઓછાં છે. વજીર તેમ જ ઘોડા પર સામા પક્ષના હુમલા છે. બન્ને વજીરને સામસામા ખલાસ કરવાથી કાળાની જીત નિશ્ચિત છે. સફેદ હાથી પહેલી હરોળ છોડે તો કાળો 1..., Q-R8chથી વહેલી તકે મહાત કરી જતાં પરિસ્થિતિ હારમાં પરિણમે તેવું લાગે છે, પણ તેને જીતમાં ફેરવી દેવાની યુક્તિ છે. જુઓ :

Freeman



Alekhine

1 R-K8ch, N-B1; 2 N-R6ch. હાર નજીક જોઈ, સામાન્ય ખેલાડી પણ એકાદબે શેહ અજમાવી જુએ છે. આ એવો જ પ્રયાસ છે કે ઘોડાના ભોગ પાછળ ઊંડો હેતુ છે?

2..., Q × N. અહીં 2..., P × N?; પછી 3Q × Qથી સફેદ જીતી શકે છે.

3R × Nch. ઘોડાના ભોગ પછી ઘોડાના બદલામાં હાથીનો ભોગ! પરિણામે કાળા પાસે એક હાથી અને બે પ્યાદાં વધુ થઈ જશે. તે સામે ફક્ત વજીર શું કરી શકશે? જોઇએ—

3..., K × R; 4 Q-Q8 મહાત.

આશ્ચર્યજનક છે, ખરું ને? આ અલેખાઈનની કરામત છે!

ક્ષમાપના

હાલ અમુક પરિસ્થિતિમાં 'કુમાર'ના પ્રકાશનની નિયમિતતા સાચવી શકાતી નથી એ બદલ અમે વાચકોની ક્ષમા પ્રાર્થીએ છીએ. આ ઢીલને કારણે કેટલીક અવસાન-નોંધો વધુ વિલંબાઇ ન જાય તેટલા ખાતર, માસમેળ જાળવવાનો આગ્રહ જતો કરીને આ મોડા પડતા અંકોમાં પ્રકટ કરી છે. વાચકોને આ વૈચિત્ર્ય નિભાવી લેવા વિનતિ. અંકોને પુનઃ નિયમિત બનાવવા અંગે અમે પૂરા પ્રયત્નશીલ છીએ અને આ અનિયમિતતા લાંબો સમય નહિ વેઠવી પડે તેની અમે ખાતરી આપીએ છીએ.

તંત્રી

ગેરહાજર

ધીરેન્દ્ર મહેતા

સુમિત્રા પિતાજીના પલંગ પર જ બેસી રહી છે. પિતાજીના હોઠ ફફડવા લાગ્યા હતા. ગઈ કાલથી કશોક અસ્ફુટ-અર્ધસ્ફુટ અવાજ પણ એમના મોંમાંથી નીકળવા લાગ્યો હતો પરંતુ શબ્દો પકડાતા નહોતા.

પિતાજીની પાસે બેસી રહેતાં સુમિત્રાને બે જ વિચારો આવ્યા કર્યા છે: કેમ કરીને થયું આ બધું? અને છેક સુધી પોતાને કેમ કંઈ ખબર જ પડી નહિ કે આ બધું ખરવું શરૂ થઈ ગયું છે...?

દરદી કોમામાં જતો રહ્યો. કૉમ્પ્લિકેશન્સ વધી ગયાં અને હૉસ્પિટલમાં ખસેડાયો ત્યારે ડૉક્ટરે ઠપકાના ભાવથી પૂછ્યું હતું: 'તમને એ પણ ખબર નથી કે તમારા પિતાજીને આટલો બધો ડાયાબીટિસ છે?'

સુમિત્રાને કશો જવાબ સૂઝ્યો નહોતો. એ નીચું જોઈ ગઈ હતી. એને સમજાયું નહોતું કે પોતાને શી રીતે ખબર પડે! તો યે કોણ જાણે કેમ ડૉક્ટરના ઠપકામાં એને વજૂદ જણાતું હતું, કશુંક ખોટું તો થઈ જ ગયું છે; આ વાત પોતાના ધ્યાન બહાર નહોતી રહેવી જોઈતી.

પિતાજીએ કદી કશી ફરિયાદ કરી નહોતી. એકધારું એકસરખી ગતિએ એમનું જીવન વીત્યે જતું હતું. એમાં કોઈ પણ કારણે ક્યારેય વિક્ષેપ ન પડે એની સુમિત્રાએ સતત કાળજી રાખી છે. પિતાજી સવારે જાગે ત્યારે એમના પલંગની બાજુમાં ટિપાઈ પર પાણી ભરેલો તાંબાનો લોટો અને પ્યાલામાં બોળેલું લીલુંછમ દાતણ અચૂક પડ્યાં હોય. દાતણ કરીને મોઢું લૂછતા હોય ત્યાં જ ચાનો પ્યાલો આવી જાય. ચા પી લીધા પછી કોઈ દિવસ એમને પૂછવું પડ્યું નથી કે નહાવાનું પાણી કાઢ્યું છે કે કેમ. પિતાજી જમતા હોય ત્યારે બધું મૂકીને સુમિત્રા એમની પાસે બેસી રહે. ઑફિસ જતાં પહેલાં બપોરની ચા તૈયાર કરીને થર્મોસ ટિપાઈ પર મૂકી દીધું હોય. રાત્રે પિતાજી જમતા નહિ, પરંતુ દૂધ પીવાનો સમય થઈ ગયો હોય અને સુમિત્રા પ્યાલો લઇને આવી ન હોય એવું કોઈ વાર બન્યું છે? એક વાર કોઈ સખી ખૂબ આગ્રહ કરીને સિનેમા જોવા લઈ ગયેલી. ત્યાં એકાએક યાદ આવ્યું કે પોતે દૂધનો પ્યાલો મૂકવાનું ભૂલી ગઈ ત્યારે માથું દુખવાનું બહાનું કાઢીને અધવચ્ચેથી એ આવતી રહેલી. પિતાજીએ તો જાતે લઇને દૂધ પી લીધેલું અને સૂઈ પણ ગયેલા, પરંતુ સુમિત્રા એ રાત્રે એટલી બધી બેચેન થઈ ગયેલી કે મોડે સુધી ઊંઘી શકી નહોતી.

એક બીજો પ્રસંગ પણ બન્યો હતો. એક રાત્રે પિતાજી જાગી ગયેલા. બાથરૂમ તરફ જતાં અચાનક બારણામાં ઠેસ વાગી ને પડી ગયા. વાગ્યું વધારે જ હશે, નહિ તો કંઈ સવાર સુધીમાં આટલો બધો સોજો ચઢી જાય? પણ આખી રાત પગ પકડીને બેસી રહ્યા, સુમિત્રાને જગાડી હોત તો એ વખતે જ હળદર-મીઠું ચોપડી દેત તો કેટલી રાહત રહેત! સુમિત્રાનો વસવસો સહજમાં દૂર ન થયો. એ રાતથી એણે પિતાજીના ઓરડામાં જ સૂવાનું રાખ્યું.

પછી તો પિતાજીની સાથે ને સાથે રહેવાની એને ટેવ પડી ગઈ. એટલું જ નહિ, એમની ગેરહાજરીમાં ન સમજાય એવી એક પ્રકારની અસલામતીની લાગણી જાગી આવતી. હવાનો પણ ભાર લાગતો હોય, શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હોય એવો અનુભવ થયા કરતો. કશું કામ એને સૂઝતું નહિ. પિતાજી ઘેર આવી જાય ત્યારે જાણે શ્વાસ હેઠો બેસતો હોય એમ રાહતની લાગણી થતી. પરસેવો લૂછતા પિતાજી માટે પાણીનો પ્યાલો લાવીને એ લગભગ વિવશ થઈ જઇને કહેતી, 'કેટલું બધું મોડું થયું? તમે વધારે વખત બહાર રહો એ મને ગમતું નથી.' એ વખતે એના સ્વર ઉપરથી એમ કળાતું કે એ જાણે એને એકલા રહેતાં બીક લાગે છે એમ એ કહેવા માગે છે.

પિતાજીના સ્વરમાં સંતોષ ઉમેરાતો, 'હું ક્યાં બહુ બહાર જઉં છું, દીકરી?'

શિયાળાની રાતે કોઈ વાર બહાર ફળિયામાં કૂતરાં રડવા લાગતાં. આંખ ઊઘડી જતી અને ભય લાગતો ત્યારે સુમિત્રાને ઘણી વાર એમ થઈ જતું કે પોતે પિતાજીના પલંગની છેક નજદીક જઇને સૂઈ જાય.

લોકો કહેતાં, બાપની આટલી કાળજી તો સગો દીકરો ય ન રાખે. અને જ્યારે ડૉક્ટરે પિતાજીને ભયમુક્ત જાહેર કર્યા ત્યારે પણ એ સૌ વિશ્વાસપૂર્વક બોલી ઊઠયાં હતાં કે સુમિત્રાબહેનનું પુણ્ય જ ફળ્યું. એમની પ્રાર્થનાઓનો ને કાળજીનો જ પ્રતાપ કે એના પિતાજી બચી ગયા.

સુમિત્રાની વાત? હા, ડૉક્ટરે જ્યારે બાજી ઈશ્વરના હાથમાં મૂકી દીધી ત્યારે સુમિત્રા આક્રંદ કરી ઊઠી હતી: હું તમારી સંગાથે આવીશ, એકલી નહિ રહું બાપુજી, હું તમને એકલા નહિ જવા દઉં...! અને એમ આક્રંદ કરતાં એ પિતાજીને એટલા બળપૂર્વક વળગી પડી હતી કે જોનાર સ્તબ્ધ બની જાય. એમ લાગતું હતું કે એને અલગ કરવામાં આવશે તો ટકી નહિ શકે.

અને ખરેખર પિતાજી રોકાઈ ગયા હતા. ડૉક્ટરને પણ વિસ્મય થયું હતું. શું બાકી હતું? નાડી હાથ આવતી નહોતી, બ્રીધિંગનું ઠેકાણું નહોતું પણ અત્યારે દર્દી પૂરેપૂરો હોશમાં હતો! બોલી શકાતું નથી, પરંતુ એ તો નબળાઇને કારણે. પણ રિસ્પોન્સ મળે છે, એટલે હવે ગભરાવાની જરૂર નહોતી.

ખબર કાઢવા આવનાર પણ કહેતા હતા: ઘણું સારું છે. ઘણું સારું છે. એમ જ કહોને કે નવું આયુષ્ય મળ્યું. દરદી હોશમાં આવ્યો એ જ સૌને મન મોટી વાત હતી

પણ સુમિત્રાના ચહેરા પરથી હજી મૂંઝવણ દૂર થઈ નહોતી. આટલો સુધારો થવાથી દીવાની કંપતી જ્યોત સ્થિર થઈ હતી, પણ તે ફરી પાછી કંપી નહિ ઊઠે એ વિષે વિશ્વાસ બંધાતો ન હતો. છેલ્લા સાતેક દિવસ દરમિયાન તો બધું વેરણછેરણ થઈ ગયું હતું. જાણે ચારે બાજુથી પવન ફૂંકાયા કરતો હતો અને બધું ગોળગોળ ચકરાયા કરતું હતું. પવન એક જ ઝપાટે એ બધું દૂર ઉડાડી મૂકતો નહોતો. અસ્તવ્યસ્ત દશામાં પણ બધું નજર આગળ હતું અને સુમિત્રાએ કેવળ સાક્ષીભાવે એ પરિસ્થિતિ નિહાળ્યા કરવાની હતી. વેરાઈ ગયેલું બધું શી રીતે એકત્ર કરી શકાય? અતૂટ શ્રદ્ધાના બળ ઉપર તો ટકી રહેવાય, પરંતુ સુમિત્રાના ચહેરા પર છવાયેલું આશંકાનું વાદળ તો થોડી વાર માટે પણ ખસતું નથી.

આ આટલા દિવસોમાં સુમિત્રા નિરાંત જીવે ઊંઘી પણ નથી. શી ખબર પડે? બેહોશીમાં ને બેહોશીમાં છેલ્લો શ્વાસ લેવાઈ જાય અને પોતે જાગે ત્યારે ખરેખર એમ બનવા પામ્યું હોય એટલી હદે સુમિત્રા વ્યાકુળ બની જાય છે. કોઈ વાર ધ્યાન બહાર ઝોકું આવી જાય છે તો જાણે કંઈ ભૂલ થઈ ગઈ હોય એમ ઝબકી જાય છે!

સગાંવહાલાંઓની ધીરજ હવે ખૂટવા આવી હતી. સુમિત્રાને આઘાત ન લાગે એ રીતે, એને સમજ પાડતાં હોય એમ માયાળુ સ્વરે એ કહેવાં લાગ્યાં હતાં: 'ડૉક્ટરો તો જ્યાં સુધી જીવ હોય ત્યાં સુધી ઉપાયો કર્યે જ રાખે, પરંતુ આપણે સમજવું જોઇએ. માણસને ગમે તે ઉપાયે જીવાડ્યા કરવો એ જ કાંઈ ધરમ નથી, એ શાન્તિથી – ઝાઝું કષ્ટ વેઠયા વગર વિદાય લે એ પણ જોવું જોઇએ. સહેજ અમથો તણખો તગતગતો હોય પણ વાટ જો કજળી ગઈ હોય તો તેને સંકોર્યા કરવાનો શો અર્થ? આ ડૉક્ટર જ નહોતા કે કહેતા, મારો (અનુ. પૃ. ૨૭૫)

સાહિત્યસંપ

સ્વ. રસિકલાલ છો. પરીખ

પહેલી નવેમ્બર ૧૯૮૨ અને સોમવારે સવારે રસિકલાલભાઈ પરીખનું અવસાન થયું એ દુઃખદ ઘટનાની સાથે ગાંધીયુગની વિદ્વાન પેઢીનો પાટડો તૂટી પડ્યો! એમનો જન્મ ૧૮૯૭ના ઑગસ્ટની ૨૭મી તારીખે વકીલ પિતા છોટાલાલ અને સાહિત્યપ્રિય માતા ચંચળબેનને ત્યાં સાદરામાં થયેલો. વતનમાં જ પ્રાથમિક શિક્ષણ અને થોડું અંગ્રેજી શિક્ષણ લઈ અમદાવાદની પ્રોપ્રાયટરી (દીવાન બલ્લુભાઇ) હાઈસ્કૂલમાં દાખલ થઈ, ૧૯૧૩માં ત્યાંથી મૅટ્રિક થયેલા. એમના સ્વ. પિતાજીની ઇચ્છાનુસાર એમને ઉચ્ચતર શિક્ષણ માટે પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં દાખલ કરવામાં આવ્યા. ૧૯૧૭માં તેઓ સંસ્કૃત ને અંગ્રેજીના વિષય સાથે ત્યાંથી બી.એ. થયા. આ ચાર વર્ષના અભ્યાસકાળ દરમિયાન ત્યાંના વિદ્યાગુરુઓ પ્રો. પરાંજપે, ડૉ. ગુણે, પ્રો. રાનડે વગેરેનો એમના પર ખૂબ પ્રભાવ પડેલો. અહીં જ એમને સાહિત્યની સાથે તત્ત્વજ્ઞાનના વિષયનો પણ રસ લાગ્યો, જે પછીથી ખૂબ વિકસ્યો. એઓ સ્નાતક થયા ત્યારે 'કમ્પેરેટિવ સ્ટડી ઑવ રિલિજિયન ઍન્ડ ફિલૉસૉફી'ના શંકરાચાર્ય પરિસંવાદમાં ફેલોશિપ મળતાં 'ભારતીય તત્ત્વજ્ઞાનમાં પરિવર્તન ને નિત્યતાનો સિદ્ધાંત' અને 'અનેકાંતનો જૈન ન્યાય' એ બે શીર્ષકથી અંગ્રેજીમાં નિબંધો લખી તદ્વિદોની પ્રશંસા પ્રાપ્ત કરી હતી. દરમિયાનમાં પૂનામાં પ્રસિદ્ધ વિદ્વાન અને પુરાતત્ત્વવિદ મુનિશ્રી જિનવિજયજીના સંપર્કમાં આવવાનું થતાં એમની ઇતિહાસ અને પુરાતત્ત્વની રુચિ સંવર્ધાઈ. આ જ ગાળામાં એઓ ત્યાં પૂનામાં પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીના સંપર્કમાં પણ આવ્યા. આ વિદ્વદ્-સંપર્કોથી રસિકભાઈની સંશોધન અને અભ્યાસવૃત્તિને યોગ્ય દિશા સાંપડી.

પણ ત્યાં એઓ ગાંધીચળવળના રાષ્ટ્રિય રંગે રંગાયા. ૧૯૨૦માં ઇન્દુલાલ યાજ્ઞિકની પ્રેરણાથી અમદાવાદ આવ્યા અને ઇન્દુલાલે સ્થાપેલી 'ગુજરાત કેળવણી મંડળ' નામક સંસ્થામાં જોડાયા. આરંભ કર્યો અમદાવાદમાં ઢાલગરવાડ પાસે આવેલી જે. એલ. હાઈ સ્કૂલમાં શિક્ષક તરીકે. તે વખતે રામનારાયણ વિશ્વનાથ પાઠક ત્યાંના આચાર્ય. રસિકભાઇએ ત્યારે એમ.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરવા તૈયારી તો કરેલી જ, પરન્તુ રાષ્ટ્રિય રંગે રંગાયાથી સરકારી પરીક્ષા ન આપવાના નિર્ણયાનુસાર એ પરીક્ષા ન આપી. છતાં ય એમની જ્ઞાનોપાસના અટકી નહિ. એ તો સદૈવ વિસ્તરતી જ રહી. એમની એ અવિરત સાધનાએ એમને વિદ્યાક્ષેત્રના તપસ્વીની કોટિએ પહોંચાડ્યા.

એમને વિશાળ ક્ષેત્ર મળ્યું ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા ત્યારે. ૧૯૨૧માં મુનિશ્રી જિનવિજયજીએ ગુજરાત વિદ્યાપીઠમાં પુરાતત્ત્વમંદિરની સ્થાપના કરી ત્યારે યુવાન રસિકભાઇએ એનું મંત્રીપદ સંભાળ્યું અને સફળતાથી એ સંસ્થાનું સંચાલન પણ કર્યું. રસિકભાઈની વિદ્યાકીય પ્રતિભા સાથે વ્યવસ્થાકીય પ્રતિભાનાં પણ અહીં દર્શન થાય છે. આ સંસ્થાના નેજા નીચે એમણે સંપાદિત કરેલું 'પુરાતત્ત્વ' ત્રૈમાસિક એમની કૉળેલી પ્રતિભાનું દ્યોતક સ્મારક છે એમાં ભાસના 'નાટ્યચક્ર' વિષેના એમના લેખો એમની તલાવગાહી અભ્યાસનિષ્ઠાનો પરિપાક સૂચવે છે.

જૈન કુટુંબમાં જન્મ્યા હોવા છતાં એમની પ્રજ્ઞા સુસ્થિત હતી. પરિણામે સર્વધર્મ-સમભાવ એઓ કેળવી શક્યા હતા. આ જ કારણે એમણે ૧૯૨૭માં 'વૈદિક પાઠાવલી' જેવું સટીક અને સમૃદ્ધ સંપાદન આપી શક્યા. પછી રામનારાયણભાઈ સાથે એમણે મમ્મટના પ્રસિદ્ધ ગ્રંથ 'કાવ્યપ્રકાશ'ના પ્રથમ છ ઉલ્લાસનો દ્યોતક ટિપ્પણ સહિત શ્રદ્ધેય અનુવાદ પણ આપ્યો. ૧૯૩૦થી ૧૯૩૭ સુધીનાં સાત વર્ષ એ એમણે ગુજરાત વિદ્યાપીઠની નોકરી છોડી દીધા પછીનાં વિષમ આર્થિક કાળનાં વર્ષો. પરમ ધૈર્યથી આ ગાળા દરમિયાન પણ પોતાનું અધ્યયન અને સર્જન એમણે જારી રાખ્યું હતું.

ઈ. ૧૯૩૭થી રસિકભાઈના જીવનનો મહત્ત્વનો બીજો તબક્કો શરૂ થયો. આચાર્ય આનંદશંકર ધ્રુવના નિમંત્રણથી તેઓ આ વર્ષે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' (હાલની 'ગુજરાત વિદ્યાસભા')માં સહાયક મંત્રી તરીકે જોડાયા. ત્યાં એમણે કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય-વિરચિત 'કાવ્યાનુશાસન'નું જે સંપાદન કર્યું તેમાં પ્રસ્તાવના રૂપે પૌરાણિક કાળથી કુમારપાળ સુધીના ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ-આલેખ આપ્યો તેથી આનંદશંકરભાઇ ખૂબ પ્રભાવિત થયેલા. પછી તો તેઓ પોતાની નિષ્ઠા, કાર્યદક્ષતા અને પરિશ્રમને કારણે ગુજરાત વિદ્યાસભાના મંત્રી અને અંતે નિયામકપદે પહોંચેલા. ૧૯૩૯-'૪૦માં ગુજરાત વિદ્યાસભામાં ઉચ્ચ શિક્ષણ અને સંશોધનની પ્રવૃત્તિ શરૂ થતાં એમની અધ્યક્ષ તરીકે નિમણૂક થયેલી. ત્યારથી તેઓ જીવનના અંત સુધી આ સંસ્થા સાથે અનુબંધાયેલા રહ્યા હતા. આવી વિદ્યાસંસ્થાને આશ્રયે એમણે એક ઉચ્ચ કોટિના વિદ્યાગુરુની છાપ ઊપસાવી હતી.

રસિકભાઈએ ૧૯૫૪માં મુંબઈ યુનિવર્સિટીમાં 'ઠક્કર વસનજી વ્યાખ્યાનમાળા'માં 'ગુજરાતની રાજધાનીઓ' પર, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના આશ્રયે ૧૯૬૦માં 'આનંદમીમાંસા' પર, ગુજરાત યુનિવર્સિટીમાં 'ગો. મા. ત્રિપાઠી વ્યાખ્યાનમાળા' અન્વયે ૧૯૬૩માં 'ઇતિહાસપદ્ધતિ અને સ્વરૂપ' પર જે વ્યાખ્યાનો આપ્યાં તે તેમની પક્વ મેધાનાં દ્યોતક છે. ગુજરાત યુનિવર્સિટીના સ્વપ્નશિલ્પીઓમાંના પણ તેઓ એક હતા એટલું જ નહિ, પરંતુ ત્યાંની વિનયન વિદ્યાશાખાના સતત સાતેક વાર બિનહરીફ ડીન ચૂંટાઈ આવી ઝીણી સક્રિયતા અને સૂઝ દાખવ્યાં હતાં.

રસિકભાઈ અઠંગ અભ્યાસી, સન્નિષ્ઠ સંશોધક, વિદ્યાર્થીવત્સલ વિદ્યાગુરુ, સમ્યક્ સંપાદક અને સંવેદનશીલ સર્જક હતા. 'સંજય' તખલ્લુસથી એમણે 'રૂપિયાનું ઝાડ' નામક નાટક લખ્યું હતું, તો 'મુસિકાર'ના તખલ્લુસથી કાવ્યો પણ લખેલાં. 'સ્મૃતિ' (૧૯૫૨) એમનો કાવ્યસંગ્રહ અને 'જીવનનાં વહેણો' (૧૯૪૧) એમનો વાર્તાસંગ્રહ છે. નાટકમાં, ને તે ય તે વ્યાવસાયિક રંગભૂમિમાં, અને એ નાતે ભવાઈમાં એમને ઊંડો રસ હતો. 'મેના ગુર્જરી' અને 'શર્વિલક' એમની યશોદા નાટ્યકૃતિઓ છે. 'શર્વિલક' તો સાહિત્ય અકાદમીના પુરસ્કારને પણ પાત્ર ઠર્યું હતું. 'પુરોવચન અને વિવેચન', 'આકાશભાષિત', 'સરસ્વતીચંદ્રનો મહિમા, એની પાત્રસૃષ્ટિમાં' આદિ એમના કીર્તિદા વિવેચન સંગ્રહો છે.

રસિકભાઇની પ્રતિભા એક રીતે જોવા જઇએ તો સર્વક્ષેત્રીય હતી. શું સાહિત્ય કે શું તત્ત્વજ્ઞાન, શું ઇતિહાસ કે શું પુરાતત્ત્વ, શું માનસશાસ્ત્ર કે શું સાહિત્યશાસ્ત્ર - રસિકભાઇને આ બધાંમાં ઊંડો જીવંત રસ હતો. આજના અનેક મુરબ્બી વિદ્વાનોના એ વિદ્વાન હતા, અધ્યાપકોના એ અધ્યાપક હતા, સંશોધકોના એ સંશોધક હતા આથી એ સર્વમાં જ્યેષ્ઠ હતા. આજની વિદ્વદ્માળાના એઓ મેર હતા. એ અનેક સંસ્થાઓના સફળ સંચાલક હતા. એટલું જ નહિ પરંતુ સ્વયં એક સંસ્થા જ, એક અકાદમી જ હતા. મિતભાષી અને માયાળુ હતા. એમની આ પ્રકૃતિ જ કદાચ એમના સફળ સંચાલનની કિલ્લી હતી. એમના જવાથી સ્વજનોને પરમ સ્વજન ગુમાવ્યાની અને સમાજને પરમ સજ્જન ગુમાવ્યાની લાગણી થાય તે સ્વાભાવિક છે. એમની સર્વતોમુખી પ્રતિભા ને સર્વતોભદ્ર પ્રકૃતિ ને પ્રવૃત્તિ સહુ અનુગામીઓને પ્રેરણારૂપ બની રહો એ જ અંજલિ!

— ધી. પ.

'આંખ આડા કાન'

હાસ્યરસ સાથે વિનોદ ભટ્ટનું નામ અવિનાભાવી સંબંધથી જોડાયેલું છે. વિનોદ ભટ્ટની વિશેષતા તેમની પ્રયોગશીલતામાં રહેલી છે. કવિતા, વાર્તા, નવલકથા જેવા હાસ્યેતર ક્ષેત્રમાં કોઈ સર્જક પ્રયોગશીલતા દાખવે તો તરત એની નોંધ લેવાય છે, પણ હાસ્યના ક્ષેત્રે દાખવવામાં આવતી પ્રયોગશીલતા હસવામાં કાઢી નખાય છે. હાસ્યરસના સાહિત્યમાં આજે આપણે ક્યાં છીએ એનો ઊંડાણપૂર્વક વિચાર કરવાનું આપણા વિવેચકોને હાથે હજુ બહુ બન્યું નથી. ખેર, એ પરિસ્થિતિ તરફ આંખ આડા કાન કરીને હાલ તુરત તો આપણે વિનોદ ભટ્ટના નવા પુસ્તક 'આંખ આડા કાન' તરફ વળીએ.

'આંખ આડા કાન'* વિનોદ કથાઓનો સંગ્રહ છે. આ સંગ્રહ એના લેખકને (અને હાસ્ય-સાહિત્યને પણ) એક ડગલું આગળ લઈ જાય છે. અગાઉ વિનોદ ભટ્ટે 'વિનોદ ભટ્ટના પ્રેમપત્રો', 'ઈદમ ચતુર્થમ્', 'અને હવે ઇતિહાસ' જેવી કૃતિઓમાં હાસ્યરસની એમની સૂઝ અને શક્તિનો સારો હિસાબ આપ્યો છે. આમ છતાં 'વિનોદની નજરે' હળવાં રેખાચિત્રોના ક્ષેત્રે અને 'આંખ આડા કાન' વિનોદ કથાના ક્ષેત્રે એમનાં મહત્ત્વનાં અર્પણો છે. ટૂંકીટૂંકી વિનોદકથાઓ તો એમણે અગાઉ પણ આપી છે, પણ 'આંખ આડા કાન'માં તેઓ વધુ ઊંડાણમાં જવા મથ્યા છે. હાસ્યરસની કૃતિનું સર્જન હસી નાખવા જેવું સહેલું કામ નથી. ઉત્તમ સર્જન માત્ર લેખકની સંનિષ્ઠ મથામણની નીપજ હોય છે, આમ છતાં હાસ્યરસનાં સર્જનોમાં આપણે ત્યાં જાણ્યે-અજાણ્યે કૃતિ કેટલું હસાવે છે તે જ જાણે એની સફળતાનો માપદંડ બની રહે છે. લેખકના હાસ્યરસને 'નિર્દોષ' અને 'નિર્દંશ' એવાં લેબલ લગાડી શકાય તો લગાડીને આપણું વિવેચનકાર્ય પૂરું થતું હોય છે. કૃતિ દ્વારા સર્જકે કેવી ને કેટલી સર્જકતા દાખવી તે જાણે હાસ્યની કૃતિ માટે તપાસનો વિષય જ નથી હોતો.

શ્રી ગુલાબદાસ બ્રોકરે નોંધ્યું છે : 'હાસ્યલેખક જ્યારે ઉત્તમ હાસ્યકાર હોય છે ત્યારે બહુ ઊંચી કોટિનો ફિલસૂફ હોય છે. માત્ર તે તેની ફિલસૂફીને હાસ્યનો પુટ લગાડીને આપણી પાસે ધરે છે એટલું જ. પણ તેણે જીવનને તેના ઊંડાણથી જોયું પણ હોય છે અને હસાવતાં-હસાવતાં એનું નિરૂપણ કર્યું હોય છે. છતાં જીવનની વેદના, તેની કરુણા, તેનું દુઃખ એનાથી બિલકુલ અજાણ્યું હોતું નથી. એટલું જ નહિ, એ હસતો હોય અને હસાવતો હોય પણ વાત તો આ બધાંની જ કરતો હોય.' હાસ્યકાર પાસેની આપણી આ અપેક્ષા આ સંગ્રહમાં બહુધા સંતોષાય છે. લેખકે જીવનને ઊંડાણથી જોવા પ્રયત્ન કર્યો છે. જોવાની નજર હાસ્યકારની છે એટલે એની રજૂઆત હળવી હોય તે સહજ છે. પણ આ હળવાશ પાછળ સર્જન અને દર્શન ઉભયમાં ગાંભીર્ય રહેલું અનુભવાય છે.

ટૂંકીટૂંકી કથાઓ વિનોદ ભટ્ટના લેખનની એક લાક્ષણિકતા બની ચૂકી છે. પણ અહીં આપેલી કથાઓ 'ટૂંકી કથાઓ' નથી, 'લઘુકથા'ઓ છે. આપણે ત્યાં હમણાંહમણાં લઘુકથાઓએ આગવું અસ્તિત્વ સિદ્ધ કરવા માંડયું છે. આ સંગ્રહની લઘુકથાઓ વિનોદી કથાઓ હોવા છતાં મોટા ભાગની લઘુકથાઓમાં લેખકે સ્વરૂપની સુરેખતા ને નાજુકતા સાચવી જાણ્યાં છે. લઘુકથા ટુચકો કે કિસ્સો બની રહે તેવો ભય એને વળગેલો જ હોય છે -હાસ્યરસની લઘુકથાઓમાં તો આ જોખમ સવિશેષ હોય છે, પરંતુ લેખક આ જોખમ સરળતાથી પાર કરી ગયા છે તેની પ્રતીતિ આ લઘુકથાઓ કરાવે છે. આપણે ત્યાં તીવ્ર ચમત્કૃતિવાળો અંત એ લઘુકથાની લાક્ષણિક્તા બની ગઈ છે. ખાસ કરીને સ્વ. બચુભાઈ રાવતે 'કુમાર' દ્વારા જે લઘુકથાઓ આપી તેમાં એમનો અણધાર્યા અંતવાળી લઘુકથા માટેનો આગ્રહ રહેતો જ. વિનોદી કથાઓ તો સ્વાભાવિક રીતે આવી તીવ્ર ચમત્કૃતિવાળી હોવાની એટલે આ સંગ્રહની વાર્તાઓ અણિયાળી વાર્તાઓ – સ્વ. મડિયા જેને 'પૂંછડીએ ડંખવાળી વાર્તાઓ' કહેતા તેવી બની છે. એટલે જ લેખક જ્યાં આવી ચમત્કૃતિ સિદ્ધ કરી શક્યા નથી ત્યાં, દા. ત. 'ભવિષ્ય', 'સપના બધાં મજાનાં', 'સ્રી', 'સેતુબંધ', 'કુબેરનું રાજીનામું', 'પહેલું કામ', 'સોનાનાં ઈંડાં મૂકતી મરઘીની વારતા', 'મદદ', 'ભક્ત શ્રવણ'– જેવી કૃતિઓ અંતે જતાં લથડી ગઈ છે. આવી કૃતિઓમાં લેખકની મથામણ કરતાં ઝાઝું નીપજતું નથી, પણ આવી ગણીગાંઠી કૃતિઓની સામે સફળ અને સરસ કૃતિઓની સંખ્યા ઠીકઠીક મોટી છે.

લેખકે આ અને આની અગાઉના સંગ્રહોમાં પૌરાણિક કથાઓનો અત્યંત કુશળતાથી ઉપયોગ કર્યો છે. પૌરાણિક કથાઓને લેખક આધુનિક સંદર્ભમાં મૂકી આપે છે. આ કામ દેખાય તેટલું સરળ નથી. મૂળપાત્રોની રેખાઓ વિલાઈ જાય તો એ કૃતિ કલાત્મકતાની દૃષ્ટિએ ઝાઝું સિદ્ધ કરી શકતી નથી. 'યુધિષ્ઠિર', 'કુંભકર્ણ-દહન', 'મહાભિનિષ્ક્રમણ', 'વિશ્વામિત્રનો તપોભંગ', 'ક્યાં છે માધવ', 'ઉત્તમ ઉપાય' વગેરે કૃતિઓ પૌરાણિક કથાનકોના સરસ ઉપયોગવાળી કૃતિઓ છે. જો કે 'કૂટનીતિ' જેવી વાર્તામાં રાવણના પાત્રની મૂળ રેખાઓ રોળાઈ જવા પામી છે એટલે એ કૃતિ એટલી આસ્વાદ્ય બનતી નથી. એ જ રીતે 'સાચા નળની ઓળખ' કે 'પરખ' જેવી કથાઓમાં લેખકે માત્ર ચબરાકીભરી ગમ્મત જ કરી લેવાનું તાક્યું છે. જો કે આ ચબરાકી સ્વયં આસ્વાદ્ય છે એ ખરું, પરંતુ એમાં ચબરાકિયાપણાથી આગળ જવાનું બનતું નથી. જ્યારે 'કુંભકર્ણ-દહન' અને 'ક્યાં છે માધવ' જેવી પૌરાણિક કથાઓના વિનિયોગથી લેખકે સાંપ્રતકાલીન પરિસ્થિતિ પર વેધક કટાક્ષ કર્યો છે.

'એ બાવો આવ્યો', 'નસીબ' જેવી કથાઓમાં લેખકે ગરીબીને વિષય બનાવીને વેધક કથાઓ આપી છે. આવી કૃતિઓમાં મને લેખકની સર્જક તરીકેની વિકાસોન્મુખતા દેખાય છે. અગાઉ કરેલી બ્રોકરની વાત–જીવનને ઊંડાણથી જોવાની અને હસાવતાં-હસાવતાં એનું નિરૂપણ કરવાની વાત–નો સ્પર્શ આવી કૃતિઓમાં અનુભવાય છે. 'ખૂલજા સીમસીમ' સરકારી તંત્ર પર વેધક કટાક્ષ કરે છે, તો 'ખેલ' ભેળસેળની વૃત્તિ અને પ્રવૃત્તિ પર.

મનુષ્ય સ્વભાવની નબળાઇને વિષય બનાવીને લેખકે કટાક્ષો કર્યા છે, પણ એમાં સહેજેય ડંખ હોતો નથી. 'જંગલ-દિન'માં મનુષ્યની ખુશામતખોરી અને લાચારી પ્રાણીઓની કથા દ્વારા પ્રકટ કરી છે. 'ઉત્તમ ઉપાય'માં પુરુષની પરસ્રી તરફના આકર્ષણની વૃત્તિ લેખકે વિશિષ્ટ રીતે પ્રકટ કરી આપી છે. 'સ્પર્ધા'માં મનુષ્યમાં રહેલી સ્પર્ધાની વૃત્તિ ને એની પાછળ કામ કરતી ઇર્ષાની વૃત્તિ લેખકે ઉપસાવી આપી છે.


લંબાણભયે કેટલીક જ કૃતિઓ ઉદાહરણ રૂપે આપી શકાઈ છે, પણ આ સિવાયની ઘણી સારી વાર્તાઓ આ સંગ્રહમાં છે.

વાર્તાઓમાં વચ્ચેવચ્ચે આવતા બૌદ્ધિક ચમકારા લેખકની હાસ્ય-કટાક્ષની શક્તિનાં સરસ ઉદાહરણો બની રહે છે. જેમ કે 'યુધિષ્ઠિર' વાર્તામાં એક પ્રામાણિક સરકારી અધિકારી વિષે લખતાં લેખક નોંધે છે કે 'પોતાના અંગત કામ માટે સરકારી ટેલિફોનનો ઉપયોગ કરે તો આઠ આનાની પોસ્ટની ટિકિટ ખરીદીફાડી નાખે', 'ડ્રાઈવરે ગાડીને બાજુની ગલીમાં 'નો-પાર્કિંગ'ના પાટિયા નીચે ઊભી રાખી દીધી.' (મહાભિનિષ્ક્રમણ), 'એ ઝાડ પર કેટલાંક વાંદરાં અંદરોઅંદર જૂથબંધી રચીને સામસામી ટાંગ ખેંચવાની રસપ્રદ રમત રમતા હતા' (નકલખોર ફેરિયો), 'ત્રણે ડૉક્ટરોએ કદાચ પહેલી જ વાર એકસરખો અભિપ્રાય ઉચ્ચાર્યો.' (અસલી-નકલી) વગેરે.

જેમાંથી ઉત્તમ કોટિનું હાસ્ય મળવાનું છે એવું આ પુસ્તક આપણે ગંભીરતાથી વાંચવું જોઇએ ને લેવું જોઇએ. —રતિલાલ બોરીસાગર

---

* લે. વિનોદ ભટ્ટ. પ્ર૦ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. કિં. રૂ. ૧૦.



મહારાજા છત્રસાલની સ્મૃતિમાં પેશ્વા બાજીરાવે બંધાવવા માંડેલું આ સ્મારક એના અકાળ અવસાન કારણે હજી યે અધૂરું રહ્યું છે.

અનુસંધાન] છત્રસાલ બુંદેલા [પૃષ્ઠ ૨૫૦થી

પરતી હોય / જિતજિત ઘોડા ટાપ ધરે, તિત-તિત હીરા હોય) કહેવાય છે કે સાચે જ જ્યાં જ્યાં ઘોડાના પગની છાપ પડી છે ત્યાં ત્યાં હીરા મળે છે. ખાસ કરીને પન્ના ક્ષેત્રમાં મળતા હીરા ખૂબ મશહૂર છે.

છત્રસાલને ૧૭ વિવાહિત પત્નીઓ હતી. એ સિવાય ધ્રુવબેલા નામક એક પ્રેમિકા હતી. છત્રસાલ એની સાથે લગ્ન કરી શકે તેમ નહોતા, કેમ કે તે ધોબીના કુળમાં જન્મી હતી. એ દરરોજ તળાવ પર એની માતા સાથે કપડાં ધોવા આવતી હતી. છત્રસાલ એનાં રૂપ પર મુગ્ધ હતા. છત્રસાલે તેના માટે એક મહેલ પણ બનાવ્યો જે આજે 'ધુબેલા મહેલ'ના નામે વિખ્યાત છે. આ ધુબેલા મહેલ છત્તરપુરથી ૧૬ કિ. મી. અને નૌગાંવથી ૮ કિ. મી. દૂર આવેલો છે. ત્યાં ધુબેલા નામનું તળાવ પણ છે. તેની પાસે છત્રસાલ અને તેની પત્ની રાણી કમલકુંઅરીની છતરીઓ પણ બનાવાયેલી છે. 'ધુબેલા મહેલ' તો આજે પુરાતત્ત્વ વિભાગના કબજામાં રક્ષિત છે. એમાં છત્રસાલનો ભાલો તેમજ અંગરખું સંઘરાએલું છે. પઉગામમાં છત્રસાલે સ્વયં બંધાવેલું મહારાણી કમલાપતિનું સ્મારક અને પેશવા બાજીરાવે બંધાવેલું પણ અધૂરું રહેલું છત્રસાલનું સ્મારક આજે યે ઇતિહાસની ગાથા ગાતાં ઊભાં છે.

ધોબણ સાથે પ્રેમમાં પડેલા છત્રસાલનું ચારિત્ર્ય હીન કક્ષાનું નહોતું. અલબત્ત, એ રંગદર્શી શાસક જરૂર હતા. પણ સાથોસાથ એ ચારિત્ર્યવાન શાસક પણ હતા જ. એનું ઐતિહાસિક પ્રમાણ ઉપલબ્ધ છે. એક વખત એક સુંદર યુવતીએ છત્રસાલને યાચના કરી: મારે છત્રસાલ જેવો પુત્ર જોઇએ, ખરેખર એ યુવતી છત્રસાલ પર આસક્ત હતી. છત્રસાલ તરત જ એની સામે ઘૂંટણ ટેકવીને બેસી ગયા અને કહ્યું: 'બાઈ, મૈં હોતો તોરો લરકા છત્તા' આટલું કહીને છત્રસાલે જીવનભર એ યુવતી સાથે માતૃભાવ રાખ્યો. તેના માટે એક મહેલ પણ બનાવ્યો જે 'બહુઆજૂની હવેલી' તરીકે ઓળખાય છે. જૂના પન્ના રાજ્યમાં એ આવેલી છે.

છત્રસાલ સાચા ક્ષત્રિય યોદ્ધા હતા જ્યારે એના પુત્રો હૃદયશાહ અને જગતરાજ રાજ્યનો કારભાર સંભાળવા માટે પૂરતા લાયક અને મજબૂત થયા ત્યારે પોતે શસ્ત્રો નીચે મૂકી દીધાં. પોતાની હયાતીમાં જ પોતાના રાજ્યના બે ભાગની વહેંચણી આ બે મોટા પુત્રો વચ્ચે કરી નાખી હતી. છત્રસાલને યુવાની કાળમાં ભાઇઓ અને કાકાનો સહારો મળ્યો હતો, એમ જ સંઘર્ષના બીજા સોપાનમાં પુત્રોની મદદ મળી હતી. લગભગ પચાસ જેટલી લડતો લડનાર છત્રસાલ બુંદેલખંડના વીર કેસરી હતા. મધ્યકાળના એ પ્રદેશના એ વીર યોદ્ધા હોઈ પ્રજાનો વિશ્વાસ એણે સંપાદિત કરેલો. આ યોદ્ધાએ સત્તરમી સદીમાં પોતાની નીતિ, વિવેક, વીરતા ને શાસનકુશળતાને કારણે ઇતિહાસમાં ગૌરવનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. મુઘલોની પરાધીનતાને નકારીને જીવન પર્યંત સ્વતંત્રતા માટે સંઘર્ષશીલ રહેનાર છત્રસાલની સ્મૃતિ આપણા ઇતિહાસનું સોનેરી પૃષ્ઠ છે. ઉદાર અને રંગદર્શી શાસક છત્રસાલની સરસ પત્રો લખનાર અને કવિ તરીકેની પણ ખ્યાતિ છે. □

કવિ ભૂષણ

એના વિષે વિશેષ માહિતી તો ઉપલબ્ધ નથી, પણ એટલું જાણમાં છે કે એ હિંદી સાહિત્યના રીતિકાળનો એ કવિ હતો. કાનપુર જિલ્લામાં યમુનાતીરે તિકવાપુર કે ત્રિવિક્રમપુર ગામનો એ કાશ્યપ ગોત્રનો કાન્યકુબ્જ બ્રાહ્મણ. એના પિતા રત્નાકર ત્રિપાઠી વિદ્વાન અને પ્રતિભાવાન કવિ હતા. એમની કાવ્યશક્તિ એમના ચારે પુત્રો-ચિંતામણિ, મતિરામ, નીલકંઠ અને ભૂષણમાં પણ વધુઓછા પ્રમાણમાં ઊતરી હતી. બચપણમાં ભૂષણ અત્યંત તોફાની અને ઉદ્દંડ હતો, ચૌદ વર્ષની વય સુધી ભણ્યા વગર એ રખડતો રહેલો. એક વાર ભાભીએ કંઈ મેણું મારતાં એ ઘર છોડી ચાલ્યો ગયો અને પછી ચિત્રકુટ, કુમાઉ, ગઢવાલ, રીવા, જયપુર, બુંદી અને દિલ્હીના દરબારમાં રહ્યો. કવિ તરીકે કીર્તિ અને સંપત્તિ પણ મેળવી. એ અતિશય સ્પષ્ટવક્તા હતો. એક દિવસ ઔરંગઝેબ ભરદરબારમાં કવિઓને જુઠ્ઠું બોલનારા કહેતાં એ સમગ્ર કવિઓના આ અપમાન સામે ઊકળી ઊઠયો અને અભયનું વચન માગી એણે ભરસભામાં ઔરંગઝેબના-અવગુણો કાવ્યમાં વર્ણવવા માંડ્યા. ઔરંગઝેબ આથી અત્યંત ગુસ્સે થયો હતો. એ પછી સલામતી ખાતર ભૂષણ ત્યાંથી નાસી ગએલો. કેવળ રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરાઇને કાવ્યો કરનારો એ પહેલો હિંદી કવિ હતો. રાજ્યાશ્રયમાં રહેવા છતાં કદી આશ્રયદાતા રાજવીને રાજી કરવા ન તો તેમનાં ખોટાં ગુણગાન ગાયાં કે ન કદી એ કાળના અન્ય કવિઓ પેઠે શૃંગારરસનાં કાવ્યો રચ્યાં. વીર અને વીરતાનો એ ચાહક હતો. શિવાજી અને છત્રસાલ બુંદેલા તેને મન રાષ્ટ્રીય ચેતનાની પ્રતિમૂર્તિ રૂપ હોઈ એ બંનેને એ રાષ્ટ્રના પ્રતીક માનતો. એ સમયની પરિસ્થિતિ અનુસાર એની કલ્પનાનું રાષ્ટ્ર માત્ર હિંદુ હતું. આપસની તકરારોથી સમગ્ર દેશ બરબાદ થઈ જશે એવું કહેનારો પણ એ પહેલો કવિ હતો. એની રચનાઓમાં નાયક ને પ્રતિનાયક બંનેની મહાનતા એ રજૂ કરતો. પોતાની કવિતાનો સુદૂર પ્રચાર થઈ શકે એ માટે એણે પોતાની ઘણી રચનાઓમાં વિભિન્ન પ્રાંતભાષાઓના મિશ્રણ સમું રૂપ પણ અજમાવ્યું હતું, પરંતુ તેમ છતાં તેની રચનાઓનું તેજ ઘટતું નથી. એની બધી રચનાઓમાં યુદ્ધ, યશ, ઉદારતા અને ગૌરવયુક્ત અંત ખાસ વર્ણવેલાં છે. વ્રજ ભાષામાં પણ તેણે ઉચ્ચ પ્રકારની કવિતાઓ કરી છે. પોતાનાં વાણી અને લેખનથી એણે સ્વાભિમાનની પ્રતિષ્ઠા કરી છે. એની પ્રાપ્ત રચનાઓમાં અલંકારશાસ્ત્ર વિષેની ૪૦૭ છંદવાળો ગ્રંથ 'શિવરાજભૂષણ', શિવાજી વિષેનાં કવનોવાળી, 'શિવબાવની' અને છત્રસાલના ગૌરવ વિષયક ૧૦ છંદવાળું 'છત્રસાલ-દશક' મુખ્ય છે. એની કવિતા કવિકીર્તિ સંબંધી એક અવિચલ સત્યનું દૃષ્ટાંત છે. —સં.



માધુકરી

વર્ષે વર્ષે ધરાને નવલ પટ દઈ વસ્ત્ર જૂનું હરંતો,
મોંઘાં મોતી ભરેલાં જલધિજ ધનનાં વ્હાણ વિશ્વે વહાતો,
પુષ્પોકેરા પરાગો ઉપવનકુસુમોની પ્રિયામાં ધરંતો
ઘૂમે સંદેશવાહી વિમુદિત વિભુના ફુલ્લ ચૈતન્ય કેરો.
('કાવ્યમંગલા'માંથી)
—સુન્દરમ્

વિનોબાજીની ચિર વિદાય

પ્રખર બુદ્ધિમત્તા અને મૂળગામી પ્રજ્ઞા, વિશાળ વાચન તથા ઊંડો અભ્યાસ, અખંડ સેવાવ્રત અને કડક વૈરાગ્ય, અદ્વિતીય સાધુતા અને અનુકરણીય શુચિતા, ભેદાતીત વૃત્તિ ને સ્થિતપ્રજ્ઞતા, અદ્ભુત સ્મરણશક્તિ ને અવ્યભિચારિણી ધ્યેયનિષ્ઠા, દુર્દમ્ય ઇચ્છાશક્તિ ને સતત ઈશ્વરપરાયણતા, આજીવન તપશ્ચર્યા ને અભિજાત નમ્રતા, નિયમિતતા ને નિર્ભયતા——આવા અનેક ગુણોથી વિભૂષિત વિનોબાજીએ ચિર વિદાય લેતાં દેશ વધુ રંક બની ગયો. કોઈ શાંત નંદાદીપ જેવું સ્થિર અને શાશ્વત એમનું તપશુદ્ધ ને ધ્યેયનિષ્ઠ સેવાજીવન ભારતભરમાં અજોડ હતું.

વિનાયક એમનું નામ. કુલાબા જિલ્લામાં ગાગોદે ગામમાં ઈ. ૧૮૩૪ની ૧૨ સપ્ટેમ્બરે એમનો જન્મ કાકાના ઘેર થએલો. પિતા નરહરપંત શંભુરાવ શોધક વૃત્તિવાળા, ઉદાર, ચિત્રકામ અને સંગીતના રસિયા, કાપડ-ઉદ્યોગના જાણકાર તથા પશ્ચિમી શિક્ષણ અને વિજ્ઞાનના ચાહક હતા. પરંતુ શંભુરાવના અંગ્રેજી શિક્ષણના કટ્ટર વિરોધના કારણે તેઓની મહત્ત્વાકાંક્ષાઓ બર આવી ન શકતાં વડોદરામાં નોકરી લેવી પડી હતી. માતા રુકિમણીબાઇનો વિનોબાજી પર ઊંડો પ્રભાવ હતો. પિતાની કામના તો પુત્રને ગણિત તથા વિજ્ઞાનના અભ્યાસ માટે ઇંગ્લૅન્ડ મોકલવાની હતી પણ વિધિએ કંઈ જુદું જ ધારેલું.

બાળક વિનાયકે ગાગોદેમાં જ પ્રાથમિક શિક્ષણ લીધેલું. ત્યાં કાકાનું ઘર રાષ્ટ્રીય જાગૃતિની ચેતનાથી ભર્યું રહેતું જેનો પ્રભાવ વિનાયક પર પણ બચપણથી જ પડેલો. એ પછી પિતાએ અંગ્રેજીના શિક્ષણ માટે એમને વડોદરા બોલાવી લીધા, જયાં અભ્યાસ ઉપરાંત વિનાયકે પુષ્કળ વાચન કર્યું. પિતા સાથે એમને ઘણી બાબતોમાં વિચારભેદ રહેતો અને એથી એમણે માત્ર જમવા-સૂવા પૂરતું જ ઘેર જવાનું રાખી બાકીનો સમય અન્યત્ર પોતાના અભ્યાસ અર્થે વ્યતિત કરતા. આ રીતે એમણે ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, ગણિત અને ધર્મોનો ઊંડો અભ્યાસ કર્યો. કાકાને ત્યાં હતા ત્યારે એમના માનસ પર જે આદર્શો છવાઈ ગએલા એથી પ્રકટેલી દેશદાઝથી પ્રેરાઇને એમણે બાર વર્ષની વયે જ આજીવન બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા કરી હતી. કૉલેજકાળમાં એ ગદર પ્રવૃત્તિઓથી આકર્ષાએલા, અને એથી મુંબઈ પરીક્ષા આપવા નીકળેલા તેઓ બારોબાર બંગાળ અને ત્યાંથી બનારસ પાંહેચી ગયા. કાશીમાં એમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો. વચ્ચે હિમાલયનો પ્રવાસ પણ ખેડી લીધો. આમ, રાષ્ટ્રભાવનાનાં સોપાન ચડીને ધર્મચિંતનના દ્વારે પહોંચેલા તેઓ જૂનીપુરાણી ધાર્મિકતાથી અસંતોષાઇને આધુનિક ધર્મ ઢૂંઢતા હતા ત્યાં એમને ગાંધીજીનો પરિચય થયો, ને તેઓ સાબરમતી આશ્રમમાં આવી રહ્યા. વચ્ચે પોતાના મૂળ ગામ 'વાઇ' જઇને ભારતીય ધર્મગ્રંથોનું ઊંડું અધ્યયન કરી આવી ૨૩મે વર્ષે એમણે 'ગુજરાત વિદ્યાપીઠ'માં ધર્મ-તત્ત્વનું અધ્યાપન આદર્યું. ઈ. ૧૯૨૧માં ગાંધીજીએ એમને નવા સ્થાપેલા વર્ધા-આશ્રમના સંચાલન માટે ત્યાં મોકલ્યા, જ્યાંથી એમણે 'મહારાષ્ટ્ર ધર્મ' નામનું એક સરસ માસિક પત્ર પણ શરૂ કરેલું. પણ એટલામાં ઝંડા-સત્યાગ્રહ માટે સરકારે એમની ધરપકડ કરી. ૧૯૨૪-'૨૫માં ગાંધીજીએ એમને ત્રાવણકોરના વાઇકોમ ગામે અસ્પૃશ્યતા-નિવારણની લડત માટે મોકલેલા. ત્યાંથી પાછા આવ્યા બાદ તેઓ પુનઃ અધ્યયન અને દેશસેવાનાં અન્ય કાર્યોમાં લાગી ગયા. 'મહારાષ્ટ્ર ધર્મ'નું સાપ્તાહિક રૂપે ફરી પ્રકાશન શરૂ કર્યું, જેમાંના એમના મનનીય લેખો 'મધુકર' નામે ગ્રંથસ્થ થએલા છે. પરંતુ એમનું વિખ્યાત લખાણ તો છે 'ગીતાઇ.' ઈ. ૧૯૩૨માં વિનોબાજીની ધૂળિયામાં ફરી ધરપકડ થઈ ત્યારે કેદમાં એમણે દિલની ઉલટથી ગીતા પર પ્રવચનો આપેલાં તેનો એ સંગ્રહ છે. આ કેદમાંથી છૂટી એમણે પ્રથમ નાલવાડી અને પછી પવનારમાં આશ્રમો સ્થાપ્યા. ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે ગાંધીજીએ જ્યારે પ્રથમ એમને આગળ કર્યા ત્યારથી તેઓ વિશેષ પ્રકાશમાં આવ્યા. પછી તો '૪૨માં તેઓ ફરી પકડાયા અને એ વખતે જેલમાં એમણે પોતાનું ભાષાજ્ઞાન વધાર્યું હતું. દેશ-વિદેશની વીસ જેટલી ભાષાઓ તેઓ અચ્છી રીતે જાણતા હતા.

પછી તો દેશ સ્વતંત્ર થયો. ગાંધીજીની હત્યા થઈ, ને એમનું અધૂરું રહેલું કાર્ય વિનોબાજીએ ઉપાડી લીધું. આ માટે એમણે શાંતિયાત્રા આરંભી, પણ પેટના વ્યાધિને કારણે એમને પવનાર જવું પડ્યું. આ અરસામાં મુખ્યત્વે એમની જ પ્રેરણાથી સ્થપાએલા સર્વોદય સમાજના સંમેલનમાં જવાનું થતાં એમણે શિવરામપલ્લી જવા લગભગ ૫૦૦ કિ.મી.ની પદયાત્રા કરી. આ યાત્રા દરમિયાન જ પોચમપલ્લી મુકામે હરિજનો માટે થોડી જમીન મેળવવાનો પ્રશ્ન વિચારતાં એમને પહેલવહેલું ૧૦૦ વીઘા જમીનનું દાન મળ્યું, ને તેમાંથી એમની વિખ્યાત ભૂદાન પ્રવૃત્તિનો ઉદ્ભવ થયો, જેનો ઇતિહાસ તો હવે સુવિદિત છે. ભારતની પંચવર્ષીય યોજનાઓમાં યે એમણે



સ્કેચ: દિનેશ શાહ

સરકારને માર્ગદર્શન આપેલું. પરંતુ આ બધી તો એમની અનેકદેશીય પ્રવૃત્તિની આછી રૂપ-રેખા છે. એમણે ઉપાડેલાં કાર્યોને તો આપણે કદાચ ન પહોંચી શકીએ, પણ એમનાં શીલ, ચારિત્ર્ય, ત્યાગ ને તપસ્યાનું થોડું યે અનુકરણ કરી શકીએ તો એ જે સર્વોદયને તેઓ ઝંખી રહેલા એની ઘણા નજીક તો પહોંચી શકીએ જ. ઉત્તરાવસ્થામાં, ખાસ કરીને દેશ પર લદાએલી 'કટોકટી'ના કાળ દરમિયાન અને તે પછી એમના કેટલાક વિચારો ઘણાને ગળે ઊતરવા કઠિન પણ બની ગએલા તે છતાં એમના અભિપ્રાયો જાણવા ને તેમાંથી માર્ગદર્શન પામવાની ઉત્કંઠા તો રહેતી જ. દેશના અનેક કૂટ પ્રશ્નો અંગે એમના પ્રતિ દોડતી નજર હવે અન્યત્ર ક્યાંય વળી શકે એવું જણાતું નથી. ગાંધીજીના આદર્શોને પૂર્ણત: સમજી અપનાવીને કાર્યમાં ઉતારનાર જે થોડી ગણીગાંઠી વ્યક્તિઓ હતી તેમાંથી મીરાંબેન અને વિનોબાજીની ખોટ પુરાવી હવે તો શક્ય નથી લાગતી. વિનોબાજીના જવાથી ગાંધીયુગના અસ્તાચલને આરે જાણે કે આપણે આવી પહોંચ્યા છીએ. ઝડપથી લથડતી જતી તબિયતના પાછલા દિવસોમાં દવા અને ખોરાક નહિ લેવાનો નિર્ણય કરી એમણે જે રીતે વર્ષના અંતિમ દિવસે—દિવાળીના દિવસે જ પોતાની જીવનલીલા સંકેલી લીધી તેમાં એમની આગવી રીત પ્રમાણેની આપણા માટેની એક ટકોર પણ ન હોઈ શકે?

—સં.

સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ

ભારતના એક સ્વાતંત્ર્ય-સેનાની, આપણા રાજ્યબંધારણના એક ઘડવૈયા, લોકસભાના આદર્શ સભ્ય, જૈન સમાજના એક અગ્રગણ્ય નેતા, નામાંકિત સૉલિસિટર, સંખ્યાબંધ સામાજિક તેમજ ધાર્મિક સંસ્થાઓના યશસ્વી



સૂત્રધાર, સમર્થ ચિંતક, વિચારશીલ લેખક અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું આ નવા વર્ષના આરંભમાં લાભપાંચમના દિવસે તા. ૨૦ નવેમ્બરે અવસાન થતાં, હમણાં હમણાં આપણે જે મહાનુભાવોને ગુમાવવા પડ્યા છે તેમાં આ એક સમર્થ વ્યક્તિનું ઉમેરણ થતાં આપણા પર એક વધુ આઘાત આવી પડ્યો છે. મુંબઈના ગુજરાતી સમાજમાં સ્વ. મુનશી અને સ્વ. ગગનવિહારી મહેતા પછી ટોચની ગણાતી વ્યક્તિઓમાં એમનું અગ્રસ્થાન હતું.

સૌરાષ્ટ્રમાં લીમડી નજીક પાણસીણા નામના ગામે સ્થાનકવાસી જૈન પરિવારમાં ઈ. ૧૯૦૨ની ૧૧ માર્ચે એમનો જન્મ થએલો. એક વર્ષની બાળવયે જ ગુમાવેલી માતાના વાત્સલ્યની ખોટ અપરમાતા રંભાબેન પૂરા પ્રેમપૂર્વક તેમને ઉછેરીને ભુલાવી દીધી હતી. પાણસીણામાં પ્રાથમિક શિક્ષણ પૂરું કરી, બાકીનો અભ્યાસ એમણે મુંબઈમાં પૂરો કરેલો. મૅટ્રિકની પરીક્ષા વખતે જ એમનાં લગ્ન થએલાં. પિતાની આર્થિક સ્થિતિ પુત્રને ઉચ્ચ અભ્યાસ કરાવવા જેટલી સધ્ધર ન હોવા છતાં, એમની ઇચ્છા પ્રમાણે નોકરીમાં લાગી જવાને બદલે કૉલેજમાં એક વર્ષ ભણવા જેટલી મંજૂરી મેળવી ચીમનભાઇએ અભ્યાસ લંબાવેલો, અને પછી તો પોતાની તેજસ્વિતા દાખવી ઉત્તરોત્તર સરકારી શિષ્યવૃત્તિઓ મેળવી એ જારી રાખેલો. એટલું જ નહિ, કે. ટી. તેલંગ સુવર્ણચંદ્રક તથા ઈન્વેરારિટી સુવર્ણચંદ્રક મેળવવા સાથે તેઓ એમ. એ., એલએલ. બી. થયા. બે વર્ષ 'દક્ષિણા ફેલો' તરીકે પણ નિમાયા.

નબળી આર્થિક સ્થિતિ તથા બોલવામાં થોથવાતી જીભના કારણે કૉલેજકાળમાં સંકોચશીલ ચીમનભાઇએ એ કાળે જ આ બંને સ્થિતિ દૂર કરવાનો દૃઢ નિર્ધાર કરી લીધેલો. વાચાની મુશ્કેલીના કારણે અધ્યાપક થવા માટેના આકર્ષક પ્રસ્તાવો પાછા વાળ્યા અને વકાલત પણ ન કરવાનું નક્કી કરી એમણે સૉલિસિટર બનવાનો નિશ્ચય કરેલો. અને ૧૯૨૮માં એ સૉલિસિટર બન્યા અને આત્મ પુરુષાર્થ વડે ધીરેધીરે યશસ્વી કારકિર્દી ઘડવા સાથે એમણે પોતાની સંકોચપ્રદ બંને સ્થિતિઓ હટાવી દીધી હતી.

અભ્યાસકાળમાં સતત પરિશ્રમથી એમને આંતરડાનો ક્ષય લાગુ પડેલો. ઑપરેશન પણ કરાવવું પડલું. તબિયત જાળવવા મુંબઈ છોડવાની દાકતરોની સલાહ પણ મળેલી, પરંતુ પોતે અપનાવવા ધારેલા વ્યવસાય માટે મુંબઈમાં જ તક હોઈ એમણે ત્યાં જ રહી નબળા શરીર પાસેથી મજબૂત મને કામ લીધા કર્યું અને પેટની તકલીફ કાયમ રહી. ૧૯૫૯માં ફરી પેટનું ઑપરેશન કરાવવું પડ્યું તે પછી તો એમણે મુંબઈ બહાર જવાનું તેમજ રાજદ્વારી કે એવી ઇતર પ્રકારની નિમણૂકો સ્વીકારવાનું પણ બંધ કર્યું હતું. પરંતુ પોતાની આવી નાજુક તબિયત જાળવવા ખાનપાનના આકરા સંયમ સાથે યે એમણે એમની સઘળી પ્રવૃત્તિઓ સતત જારી રાખી હતી, એટલું જ નહિ, યશસ્વી રીતે પાર પાડી હતી.

કૉંગ્રેસે પ્રધાનપદો સ્વીકાર્યા પછી મુંબઈ સરકારે કોઈ હિંદીને જ પોતાના સૉલિસિટર તરીકે રાખવા એમની વરણી કરી હતી. આમ, મુંબઈ પ્રાંત સરકારના તેઓ પ્રથમ હિંદી સૉલિસિટર હતા. ૧૯૪૨ની સ્વાતંત્ર્ય-લડત સુધી એ પદ એમણે સંભાળેલું. ૧૯૪૩માં મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં તેઓ ચૂંટાયા ને સતત છ વર્ષ સુધી એ સ્થાને રહ્યા. '૪૭માં જૂનાગઢમાં આરઝી હકૂમતની સ્થાપનામાં એમણે ઢેબરભાઈ સાથે મહત્ત્વનું કામ કર્યું. '૪૮માં બંધારણ-સભાના સભ્ય બનતાં કાયદા અને બંધારણના નિષ્ણાત તરીકે પોતાની શક્તિ દાખવી. લોકસભામાં પણ એ ચૂંટાયેલા. ૧૯૫૭માં કૉમનવેલ્થ પાર્લામેન્ટરી કૉન્ફરન્સ(ન્યૂ ઝીલૅન્ડ)માં, '૫૩માં વૉશિંગ્ટનમાં ઇન્ટર પાર્લામેન્ટરી યુનિયનના અધિવેશનમાં અને સંયુક્ત રાષ્ટ્રસંઘની બેઠકમાં ભારતના એક પ્રતિનિધિ તરીકે ભાગ લીધો. આ ઉપરાંત, અનેક પાર્લામેન્ટરી સમિતિઓમાં પણ વરણી પામી કેન્દ્ર સરકારની કામગીરીમાં યશસ્વી ફાળો આપેલો.

ઈ. ૧૯૩૯થી ૧૯૫૧ સુધી ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી તરીકે અને ભારતીય વિદ્યાભવનની કારોબારીમાં પણ એમણે સેવાઓ આપી. આ દરમિયાન એમની લેખનપ્રવૃત્તિ વિસ્તરી. 'પ્રસ્થાન'માં તેઓ નિયમિત નોંધ લખતા. 'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ સ્વીકાર્યા પછી તેમાં નિયમિત પ્રકટ થતા એમના ચિંતનાત્મક લેખો તો 'અવગાહન' નામથી ગ્રંથસ્થ પણ થયા છે. 'જન્મભૂમિ' પત્રોના સંચાલક સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ચેરમૅન તરીકે પણ તેઓનું માર્ગદર્શન મહત્ત્વપૂર્ણ બની રહેલું.

શૈક્ષણિક ક્ષેત્રે પણ એમણે એવો જ રસ દાખવ્યો છે. જૈન કેળવણીમંડળ સહિત અનેક મંડળો સાથે તેઓ સક્રિય રીતે જોડાએલા હતા. આ જ રીતે જરૂરતમંદોને તબીબી રાહત આપવામાં પણ એમણે ઉમદા સેવાઓ આપી છે. મુંબઈના કૉનવેસ્ટ જૈન ક્લિનિકના તેઓ આદ્ય સ્થાપક અને પ્રમુખ હતા. ગુજરાત સરકારના ઔદ્યોગિક વિકાસ નિગમના પણ તેઓ પ્રમુખ તરીકે વરાએલા. કુશળ વહીવટકર્તા તરીકે એમની ખ્યાતિ હતી. એમની આવી બહુવિધ લોકસેવાઓ બદલ એમને અર્પણ થએલી રકમોમાં પોતાના તરફથી ઉમેરણ કરીને એમણે સ્થાપેલાં 'માનવ રાહત ટ્રસ્ટ' તથા 'ઉચ્ચ શિક્ષણ ફંડ'માંથી ગરીબો અને વિદ્યા-

(અનુસંધાન પૃષ્ઠ ૨૭૬)

ઇતિહાસ-ધારા

અશોક હર્ષ

પેશવા બાજીરાવ પહેલાએ પોતાના પરાક્રમી સરદાર રાણોજી સિંધિયાને ઉત્તર હિંદ પર સવારી કરવા મોકલતાં દાતિયાના રાજપૂત રાજા સાથે બરાબરનું યુદ્ધ જામ્યું. રાણોજીના પરાક્રમ સામે રાજપૂતો ટકી ન શક્યા ને પીઠ બતાવવા માંડી. દાતિયાની રાજકુંવરી મહેલના ઝરૂખામાં બેઠીબેઠી આ દશ્ય જોઇ રહી હતી તે એકદમ બોલી ઊઠી, 'દુશ્મનને પીઠ દેખાડનારા રાજપૂતોમાંથી કોઇને પરણવા કરતાં હું તો રાણોજીને વરમાળા પહેરાવીશ.'

અને પોતાના નિર્ણયનો અમલ કરવા તે છાનીમાની રાણોજી પાસે પહોંચી ગઈ. રાણોજીએ તેની તેજસ્વિતા પર મુગ્ધ થઈ સવારી દરમિયાન જ ગાંધર્વવિધિથી તેની સાથે લગ્ન કરી નાખ્યાં. આ તેજસ્વી રાજપૂત રમણીએ તેના જેવા જ તેજસ્વી પુત્રોને જન્મ આપ્યો જે ઇતિહાસમાં માધોજી સિંધિયા તથા તુકોજી સિંધિયા તરીકે ખ્યાત છે.

પાણીપતના ત્રીજા યુદ્ધમાં અહમદશાહ અબ્દાલીના હાથે ભયંકર પરાજય પછી પેશવાનું જોર નરમ પડેલું ત્યારે નર્મદા વચ્ચે ગ્વાલિયરના રાજ્યનો વિસ્તાર સાધનાર માધોજી સિંધિયા એક વીર યોદ્ધા, વિચક્ષણ રાજનીતિજ્ઞ ઉપરાંત પરમ કૃષ્ણભક્ત કવિ પણ હતા. પોતાના કૌશલ અને સામર્થ્ય દ્વારા પરાજયની અણીએ આવેલા યુદ્ધને વિજયમાં ફેરવી નાખનાર એ યોદ્ધાનું હૃદય કૃષ્ણભક્તિથી એટલું તરબોળ રહેતું કે તે પર વિવિધ કાવ્યરચના ઉપરાંત એ વરસમાં બેચાર વાર કૃષ્ણની લીલાભૂમિ મથુરા-વૃંદાવનની મુલાકાત લીધા વિના ન રહેતા. પોતે કવિ હોઈ કવિઓ તથા વિદ્વાનોના એ આશ્રયદાતા હતા. ભુવનચરથી માંડી લક્ષ્મણ મહારાજ સુધીના કેટલાય કવિઓને પોતાના દરબારમાં તેમણે આશ્રય આપ્યો હતો.

માધોજીની આ કૃષ્ણભક્તિનો પ્રભાવ મુઘલ સમ્રાટ શાહઆલમ પર પણ પડેલો. લંડનમાં અને રામપુરાના નવાબના સંગ્રહમાં જેની એકેક નકલ હતી એ શાહઆલમના કાવ્યસંગ્રહ 'નાદિરાતે શાહી'માં કૃષ્ણભક્તિ પરનાં તેમનાં કાવ્યો પણ છે. બંનેને મૈત્રીની ગાંઠમાં જોડવામાં પણ બંનેની કાવ્યપ્રવૃત્તિએ મહત્ત્વનો ભાગ ભજવેલો. માધોજી એક વાર અલ્લાહાબાદથી દિલ્હી જઈ રહ્યા હતા ત્યારે શાહઆલમનો વિનંતીપત્ર તેમને મળ્યો, જેમાં નીચેનું પદ લખ્યું હતું:

મુલ્ક માલ સબ ખોય કર પડે તુમ્હારે બરસ,
માધવ ઐસી કીજિયો, તુમકો આ યે જરસ.

સિંધિયાનું ભાવુક કવિહૃદય આ વાંચી દ્રવી ઊઠ્યું અને તેમણે દિલ્હી પહોંચી મુઘલ સમ્રાટનું અસ્થિર આસન સ્થિર કર્યું. પણ એમણે દિલ્હી છોડ્યા પછી થોડા જ સમયમાં ગુલામકાદિર રોહિલાએ અંધ બનાવી દેતાં શાહઆલમે ફરી માધોજી સિંધિયાને યાદ કર્યા અને તેને 'ફરજંદાને મન' ('મારા પુત્ર') તરીકે સંબોધી ફારસીમાં એક કવિતા લખી મોકલી.

માધોજી તરત સેના સાથે દિલ્હી ઊપડી ગયા અને ત્યાંની પ્રજા પર અત્યાચાર ગુજારી રહેલા ગુલામકાદિર અને તેના સાથીઓનાં લોહીથી દિલ્હીની સડકો રંગી દીધી. મુઘલ શાહનશાહત બચાવવાનું માધોજીનું આ કૃત્ય એવું હતું જેનો કોઈ રીતે બદલો ન વાળી શકાય. શાહઆલમે આ ઉપકારના બદલામાં સામ્રાજ્યનું 'માહે મરાતિબ'નું સૌથી ઊંચું સંમાન તેમને આપ્યું.

કૃષ્ણને પામવાની માધોજીની તાલાવેલી કેટલી ઉત્કટ હતી એ તેમની આ કાવ્યપંક્તિમાં જણાઈ આવે છે:

'જે હો તાલ તમાલ તરુ, બકુલ કદંબ રસાલ;
મો સો કહિયે કરિ કૃપા, કિત માધવ નંદલાલ?

અકબરે રાણા પ્રતાપ સાથેનું યુદ્ધ ટાળવાના પ્રયત્ન રૂપે ચાર વાર પ્રયાસ કરી પોતાના દૂત મોકલેલા, પણ રાણાએ સુલેહની એ માગણી પાછી ઠેલેલી. એણે એ માટે આવેલા આંબેડના માનસિંહનું અપમાન કરી, માથું દુખવાનું બહાનું કાઢી તેની સાથે ભોજન પણ ન લીધું. આ પરથી ક્રોધમાં આવી માનસિંહ બોલેલો કે, 'એમના માથાના દુખાવાની દવા કર્યા પછી એમની સાથે ભોજન લઇશું.' અને આમ સુલેહનો છેલ્લો પ્રયત્ન પણ પડી ભાંગ્યો.

કર્નલ ટૉડે રાણાએ એવી પ્રતિજ્ઞા લીધાનું લખ્યું છે કે, પોતે જ્યાં સુધી ચિત્તોડ સર નહિ કરે ત્યાં સુધી સોનાચાંદીનાં વાસણોને બદલે પાંદડાંપતરાળાંમાં જમશે. રાજસ્થાનના જાણીતા ઇતિહાસકાર ગૌરીશંકર ઓઝાના મતે કર્નલ ટૉડની આ કેવળ કલ્પના છે. તેમના જણાવ્યા પ્રમાણે, ઉદયપુરના મહારાણાઓમાં ભોજન લેવાની રીત જ એવી હતી કે, પ્રથમ ભોંય પર સફેદ વસ્ત્ર પાથરી તે પર છ પાયાની ચોકી મૂકે અને એ ચોકી પર પતરાળાં મૂકીને તેના પર ભોજનનો થાળ મૂકતા, વળી ચિત્તોડ તો પ્રતાપના પિતા ઉદયસિંહના વખતથી જ મુઘલો પાસેથી સર કરી લેવામાં આવ્યું હતું, એટલે એ નિમિત્તે કશી પ્રતિજ્ઞાનો સવાલ જ રહેતો નહોતો.

અનુસંધાન] ગેરહાજર [પૃષ્ઠ ૨૯૯થી

બાપ હોય તો હું કશી તડજોડ ન કરું. કેટલો ત્રાસ થઈ રહ્યો છે એને!'

સુમિત્રા બધું સમજતી હતી, પણ એને થયા કરતું હતું કે આમ કહ્યા છતાં ડૉક્ટર ઈલાજ અટકાવી દેતા નથી એનો પણ કંઇક અર્થ તો હશે ને? આ બધા કહે છે તેમ ડૉક્ટર તો જીવ હોય ત્યાં સુધી ઉપાયો કર્યા જ કરવાના, તો બીજો કશોક મતલબ...કશોક સંકેત!

—અને દર્દીએ મોં વાટે પ્રવાહી ઉતારવું શરૂ કર્યું એ પછી ડૉક્ટરે તેને હૉસ્પિટલમાંથી ઘેર લઈ જવા રજા આપી. જરૂરી સૂચનાઓ સાથે દવાઓ લખી આપી.

સૌની સલાહ અનુસાર બીજે દિવસે સુમિત્રાએ પિતાજીને ઘેર ખસેડ્યા. સગાંવહાલાંઓ થોડી વાર આવીને ખબર કાઢી જતાં. સંતોષ વ્યક્ત કરી જતાં હતાં.

ગઈ કાલથી સુમિત્રાની નજર પિતાજીના ફફડતા હોઠ પર મંડાયેલી છે. ફફડતા હોઠમાંથી નીકળતો અવાજ એકાએક કંઈક સ્ફુટ થયો. સુમિત્રાનાં અંગેઅંગમાં પણ ચેતનાનો સંચાર થયો. તેનું માથું સ્ફૂર્તિથી પિતાજીના મોં તરફ ખેંચાયું.

પિતાજી માથું ધુણાવતા હતા. શિથિલ આંખોમાં અજાણપણાનો ભાવ દેખાતો હતો. પૂછતા હતા: 'કોણ છે... કોણ છે તું, છોકરી?'

સુમિત્રા ઉત્સાહભેર એમના કાન પાસે મોં લઈ જઇને બોલી: 'હું... હું છું બાપુજી, સુમિત્રા... સુમી...'

પિતાજીને કોઈ પરિચય જડતો નહોતો. એ ફાંફાં મારતા હતા. કશું હાથ આવતું નહોતું; આક્રોશમાં ને આક્રોશમાં એ કહેવા લાગ્યા: 'કોણ છે તું? મને છેતરવા આવી છે? સુમી અહીં ક્યાંથી હોય? આ તો ગાઢ જંગલ છે. ચારે બાજુ ઊંચાંઊંચાં ઝાડ છે...'

સુમિત્રા હેબતાઈ ગઇ. દર્દી અવિશ્રાન્તપણે બોલ્યે જતો હતો... કોઈ અજાણ્યાં દશ્યો દેખાતાં હોય એમ એની આંખો ચકળવકળ થઇ રહી હતી અને ચહેરો બદલાઇ ગયેલો લાગતો હતો. જેમને જીવાડવા એ રાતદિવસ એક કરી મથી રહી હતી, જેમના અવલંબન વિના એ રહી શકે તેમ નહોતી, એ જ બોલી રહ્યા હતા. એમનો શબ્દેશબ્દ સુમિત્રાને એક ભેંકાર શૂન્યતામાં ધકેલી રહ્યો હતો. તો એ જ, હતા, પિતાજી ગેરહાજર હતા. ⊔

'કુમાર'ના ચાહક
એક સદ્‌ગૃહસ્થ તરફથી
તા. ૩૧ જાન્યુઆરી સુધીમાં
'કુમાર'નું ૧૯૮૩નું
લવાજમ ભરનાર ગ્રાહકોને
આપણા એક નિસ્પૃહ લોકસેવક
સ્વ. બબલભાઈ મહેતાની
આત્મકથા

મારી જીવનયાત્રા

અર્ધી કિંમતે, એટલે કે
માત્ર રૂ. પાંચમાં જ
આપવામાં આવશે.
(રવાનગી ખર્ચ રૂ. ૧/- અલગ)
જેની પ્રથમ આવૃત્તિની ૫૦૦૦
નકલ ગણતરીના દિવસોમાં જ
વેચાઈ જતાં એક જ
માસમાં નવી આવૃત્તિ પ્રકટ થઈ છે.
પ્રાપ્તિસ્થાન :
કુમાર કાર્યાલય લિમિટેડ
૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧

અનુ.] **ચીમનલાલ ચ. શાહ** [પૃ. ૨૭૪થી
થીઓને સહાય અપાતી રહી છે.

ઉચ્ચ ચિંતનશીલ લેખક હોવા ઉપરાંત, ગુજરાતી તેમજ અંગ્રેજીમાં એમનું વક્તૃત્વ પણ એવું જ પ્રભાવક રહેતું, જેમાં એમની સરળ, સચોટ ભાષા, ગહનતા, મૌલિક્તા અને નવા અભિગમ સાથેની તાજગી વરતાતી. આવું જ એમના લેખનમાં પણ સદા જણાતું.

આમ, ચીમનભાઈ આપણા સામાજિક, સાંસ્કારિક, રાજનૈતિક, ધાર્મિક, શૈક્ષણિક અને સાહિત્યિક ક્ષેત્રે એક અગ્રગણ્ય બહુમુખી પ્રતિભા હતા. રૂઢિગત પરંપરા અને આધુનિક્તાનો એમનામાં સુભગ સમન્વય હતો. એમનું જીવન હમેશાં પ્રસન્ન, સંયમી, સંસ્કારમય ને સેવામય રહ્યું હતું. પ્રેરણાના એ એક સતત વહેતા સ્રોત હતા.


મૃત્યુને જીરવવાની પૂર્ણ સ્વસ્થતા એમણે કેળવી હતી. જૈન અભિક્રમ પ્રમાણે બધાં વ્રતો, પચ્ચખાણ અને સંથારા સહિત એમણે સ્વસ્થતાથી આપણી વચ્ચેથી વિદાય લીધી. ન પુરાય તેવી આ ખોટનું આપણને અવશ્ય દુઃખ થાય, પરંતુ પોતાની પાછળ શોક ન કરવાનું તો તેઓ પોતે પણ કહેતા ગયા છે ને? એમના જીવનમાંથી આપણે પ્રેરણા લઈએ એ જ એમને સાચી અંજલિ કહી શકાશે. □

ઝુલ્ફ કેરા વાળ સમ છે, ભાગ્યની ગૂંચો બધી,
માત્ર એને યત્ન કેરી કાંસકી ઓળી શકે.
—'શૂન્ય' પાલનપુરી—

વાડીમાં કામ કરતા સંત ઈબ્રાહીમના શેઠે એક દિવસ થોડા મિત્ર સાથે વાડીએ આવીને મીઠાંમીઠાં ફળ તોડી લાવવા કહ્યું. ઈબ્રાહીમે સારાં સારાં ફળ ચૂંટી લાવી શેઠને ધર્યાં. પણ તે ખાટાં નીકળ્યાં. ચિડાઇને શેઠે કહ્યુ: 'કયા ઝાડ પર મીઠાં ફળ થાય છે એની યે તને ખબર નથી?' નમ્રતાથી ઈબ્રાહીમ બોલ્યો: 'કોઈ પણ ઝાડમાંથી એકે ફળ મેં હજી લગી ચાખ્યું નથી. એમ કરુ તો રખેવાળી નો મારો ધર્મ ચૂકું.'

કહેવતોના અર્થ: 'આંબે મોર ને કલાલે લેખુ'–અડસટ્ટિયા હિસાબો કરવાની કે અધ્ધર ગણતરીઓ કરવાની ટેવ વિષે ઉપાલંભ કરતી આ કહેવતનો શબ્દાર્થમાં તેનો બોધ છે કે આંબા ઉપર પુષ્કળ મોર બેઠા છતાં તે પરથી ઊતરનારી કેરીનો ભરોસાપાત્ર અંદાજ કાઢવો અશક્ય છે, કેમ કે વાવાઝોડા કે માવઠાથી પુષ્કળ મોર ખરી જાય છે; એ જ રીતે દારૂ વેચનાર કલાલના હિસાબો પણ વિશ્વાસપાત્ર ન હોય. કેમ કે પીનારને ખાસ ભાન નથી રહેતું કે પોતે કેટલો દારૂ પીધો, આ જ રીતે નિશ્ચિત ગણતરી વિનાનો ઉદ્યમ નિરર્થક જાય છે. એ આખી કહેવત આ પ્રમાણે છે: 'આંબે મોર ને કલાલે લેખું, જતે દહાડે કૈં ન દેખું.'

દર્દી: એક સાધારણ ખાંસી થાય તો પણ તેનું પરિણામ કેટલું બૂરું આવે છે તેની મને આજે સમજ પડી.
ડૉક્ટર: કેવી રીતે?
દર્દી: આપનું બિલ જોઇને.



પૃથ્વીના બહારના પોપડાની વધુમાં વધુ જાડાઈ પહાડીપ્રદેશમાં ૨૫ માઈલ જેટલી હોય છે. પૃથ્વીના કદના પ્રમાણમાં તો આ જાડાઈ કંઈ જ ન ગણાય. જો પૃથ્વીનું કદ એક સફરજન જેટલું ગણીએ તો આ પોપડાની જાડાઈ તેની છાલ જેટલી પાતળી ગણાય.

બ્લ્યૂ વ્હેલનું ગર્ભબીજ એક ઔંસના ૪૦ હજારમા ભાગથી યે ઓછું વજનદાર હોય છે. પરંતુ ફલિત થવાથી આરંભીને બે વર્ષમાં તેમાંથી વિકસેલ વ્હેલ લગભગ ૨૯ ટન જેટલી, એટલે કે પોતાના બીજ સ્વરૂપ કરતાં ૩૦૦ કરોડ ગણી, એ વજનદાર બની જાય છે.

રજા એટલે ૭ દિવસ ઑફિસમાં આરામ કર્યા પછીનો દિવસ.



ટિકિટકથા: ઈ. ૧૯૨૯થી ન્યૂ ઝીલૅન્ડનું ટપાલખાતું દર વર્ષે થોડી વધારાની કિંમત સાથે અમુક ખાસ ટિકિટો બહાર પાડે છે. આ વધારાની આવક એ ત્યાંના 'હેલ્થ કૅમ્પ બોર્ડ'ને આપે છે. આ બોર્ડ ન્યૂ ઝીલૅન્ડનાં ગરીબ અને અપંગ બાળકો માટે દેશમાં ૭ સ્થળે કાયમી કૅમ્પ ચલાવે છે. આવી ખાસ ટિકિટો ઉપર બાળકોની રમત-ગમતો તથા તેમને ગમે તેવાં ચિત્રો છપાય છે. ગયા દાયકામાં ત્યાંનાં વનપંખીઓનાં સુંદર ચિત્રો આપ્યા બાદ આ વર્ષની ટિકિટો પર વિવિધ શ્વાનનાં અપાયાં છે, જેમાંનું આ એક 'બૉર્ડર કોલી' તરીકે ઓળખાતી ભરવાડનાં કૂતરાંની એક જાતના શ્વાનનું છે. આ ઉપરાંત, આમાંની બીજી બે ટિકિટો ઉપર 'લૅબ્રેડૉર' તથા 'કૉકર સ્પેનીઅલ' જાતના કૂતરાનાં ચિત્રો છે. દેશનાં જરૂરતમંદ બાળકો માટે આ રીતે ફાળો એકઠો કરવાની યોજના સર્વત્ર અપનાવવા જેવી છે.